દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 122 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 May 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨૫ મે ૨૦૨૬, (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## યુદ્ધ શાંતિ અશાંતિ


OLD GOLD UPGRADE
Festival
GET 100% VALUE + ₹250 PER GRAM EXTRA ON EXCHANGE OF OLD GOLD
SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD & DIAMONDS
T&C Apply
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


## અમેરિકા-ઈરાન લડાઈ રોકવા સહમત

કાહિરાઃ અખાતમાં લડાઈ રોકવા ઈરાન અને અમેરિકા સહમત થયા છે અને હોર્મુઝ ખાડી સામાન્ય વેપારી જહાજોની મુક્ત અવરજવર માટે ખોલવા, તહેરાનનો યુરેનિયમને સમૃદ્ધ કરવાનો કાર્યક્રમ સ્થગિત કરવા, ઈરાન પરનો આર્થિક પ્રતિબંધ ઉઠાવી લેવા સહિતના વિવિધ મુદ્દે બંને દેશ સમજૂતી કરવાની નજીક પહોંચી ગયા હોવાનું કહેવાય છે.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે હોર્મુઝ સામુદ્રધુની વેપારી જહાજોની મુક્ત અવરજવર માટે ખોલવા સહિતના મામલે બંને દેશ વચ્ચેની વાટાઘાટમાં મહત્ત્વની પ્રગતિ સધાઈ છે. (જુઓ પાનું ૨) ▸▸

## રશિયાનો યુક્રેન પર મોટો હુમલો

કિવઃ રશિયાએ કિવ પર રવિવારે કરેલા સામૂહિક ડ્રોન અને મિસાઈલ હુમલામાં શક્તિશાળી હાયપરસોનિક ઑર્સેનિક બેલિસ્ટિક મિસાઈલનો ઉપયોગ કર્યો હતો, એમ યુક્રેનના પ્રમુખ વૉલોદિમૅર ઝેલૅન્સ્કીએ કહ્યું હતું. આ હુમલામાં ઓછામાં ઓછા બે જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૮૩

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનમાં ટ્રેન પર હુમલોઃ 30 મોત, ૭૦ ઘાયલ

કરાચીઃ પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં શક્તિશાળી બૉમ્બધડાકાએ શટલ ટ્રેનેના ફુરચા ઉડાવી દેતા ઓછામાં ઓછા ૩૦ જણ મરણ પામ્યા હતા અને બીજા ૭૦ જણ ઘાયલ થયા હતા, એવી માહિતી સત્તાવાળાઓએ આપી હતી.

સરકારી એસોસિયેટેડ પ્રેસ ઑફ પાકિસ્તાને માહિતી આપી હતી કે શટલ ટ્રેન ક્વેટા કેન્ટોનમેન્ટથી રેલવે સ્ટેશન જઈ રહી હતી ત્યારે ચમન ફાટક આગળ તેને લક્ષ્ય બનાવવામાં આવી હતી.

પાકિસ્તાનના રેલવેપ્રધાન હનીફ અબ્બાસીએ ટ્રેન પરના હુમલાને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે શટલ ટ્રેનમાં પેસન્જર હતા અને ધડાકાની અસર એન્જિન અને ત્રણ ડબ્બા પર થઈ હતી.

અબ્બાસીએ વધુમાં કહ્યું હતું કે રવિવારે સવારે ધડાકો થયો ત્યારે ટ્રેન ક્વેટા કેન્ટોમેન્ટથી રેલવે સ્ટેશન જઈ રહી હતી.

પાકિસ્તાન ટીવી ચેનલ અને વબેસાઈટે અહેવાલ આપ્યો હતો કે ધડાકામાં ઓછામાં ઓછા ૩૦ જણ મરણ પામ્યા હતા અને બીજા ૭૦ ઘાયલ થયા હતા.

પ્રતિબંધિત બલૂચ લિબરેશન આર્મીએ ધડાકાની જવાબદારી લીધી હતી. બીએલએના પ્રવકતાના જણાવ્યા પ્રમાણે ટ્રેન ક્વેટા કેન્ટોનમેન્ટથી લશ્કરી જવાનોને લઈ જઈ રહી હોવાથી તેને લક્ષ્ય બનાવવામાં આવી હતી.

(જુઓ પાનું ૨) ▸▸

## ભાજપે બંગાળમાં વધુ એક બેઠક જીતી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં ભાજપે વધુ એક બેઠક પર વિજય મેળવ્યો છે. ભાજપના ઉમેદવાર દેબાંગશુ પાન્ડાએ તૃણમૂલ કૉંગ્રેસના ગઢ ગણાતા ફાલ્ટા વિધાનસભા મતદારક્ષેત્રની બેઠક પર રવિવારે ૧.૦૯ લાખ મતથી વિજય મેળવ્યો હતો. તૃણમૂલ કૉંગ્રેસના ઉમેદવાર જહાંગીર ખાન મત મેળવવાની બાબતમાં ચોથા સ્થાને સરી પડ્યા હતા.

ફેરચૂંટણીના ગણતરીના દિવસો અગાઉ ખાને જાહેરાત કરી હતી કે તે ચૂંટણી નથી લડવાનો. જોકે, તૃણમૂલ કૉંગ્રેસે આને તેનો અંગત નિર્ણય લેખાવ્યો હતો. પાન્ડાએ ૧,૪૯,૬૬૬, માર્ક્સવાદી પક્ષના સામ્બુનાથ કુર્મીએ ૪૦,૬૪૫, કૉંગ્રેસના અબ્દુર રઝાકે ૧૦,૦૮૪ અને ખાને ૭,૭૯૩ મત મેળવ્યા હતા. (એજન્સી)■

## કર્ણાટકની નદીમાં આઠ જણ તણાયા

કારવાર (કર્ણાટક): ઉત્તર કન્નડ જિલ્લામાં થટ્ટી હક્કાલુ નદીના મીઠા પાણીમાં એક જૂથે મસલ (છીપવાળી માછલી) પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નદીના જોરદાર પ્રવાહમાં એક કુટુંબની સાત મહિલા સહિત આઠ સભ્યો તણાઈ ગયા હતા અને બીજા બે લાપતા છે. પોલીસના સૂત્રોએ કહ્યું હતું કે શિરાલી ગામનાં ૧૪ લોકોનું જૂથ માછલી પકડવા નદીમાં પ્રવેશ્યું હતું અને એ લોકોએ પાણીની સપાટીનો અંદાજ લગાડ્યા વિના ઊંડાણમાં જતા રહ્યા હતા અને ઓચિંતો એક જોરદાર પ્રવાહ એક કે બેને તાણી ગયો હતો. એ બેને બચાવવા બીજાઓએ પણ નદીમાં છલાંગ લગાડી હતી અને આને લીધે વધુ લોકો પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા. પોલીસના સાધનોએ કહ્યું હતું કે અત્યાર સુધી આઠ મૃતદેહ મળ્યા છે, જ્યારે બે જણ ગુમ છે. પોલીસ, બચાવકારો અને સ્થાનિક રહેવાસીઓ નદીમાં સઘન શોધ ચલાવી રહ્યા છે. મૃતકો શિરાલી ગામના છે. (એજન્સી) ■


AMITY UNIVERSITY MUMBAI

B.Arch
Approved by CoA
AND
• Bachelor of Planning*
• Bachelor of Interior Design*
*(Hons/Hons with Research)
Lateral Entry & PhD progs also offered

| Scholarships | 100% | 50% | 25% |
|---|---|---|---|
| UG Programmes | | | |
| 12th (agg.) | 93% | 88% | 75% |
| PG Programmes (Non-MBA) | | | |
| 12th (agg.) | 93% | 88% | - |
| Graduation (agg.) | 80% | 75% | - |

Above scholarships offered across all disciplines
To apply visit:
amity.edu/mumbai
by: 29th May 2026
7303-396-396

Futuristic Design Pathways
• On-campus placements in top architecture designing firms and builders like Hafeez Contractor, Lodha, Häfele India, Livspace, Hiranandani Group, Godrej Properties, ABN Interior Architects, Richard Pereira & Associates, Kalpataru Limited...
• Hands-on learning with 3D printing, model making & digital fabrication
• Hi-end design & materials lab and software platforms like GIS Tools, GeoMedia & GeoMedia Professional, BIM-Autodesk Revit, Civil 3D, AutoCAD, Map 3D, SketchUp Pro, ArcGIS, V-Ray, Lumion...
• Ranked #1 in Maharashtra (Pvt) '26 by QS Sustainability
• Ranked amongst top 2 in Maharashtra (Pvt) '25- India's Best Universities by The Week-Hansa
• Optional Study Abroad Program in New York, Singapore, London or Dubai to study international design ethos and globally benchmarked sustainability standards, amongst other academic contours

Mumbai-Pune Expressway, Post-Somathne, MMR | E: admissions@mum.amity.edu


## વાઈટ હાઉસ પાસે ગોળીબાર કરનાર ઠાર

વૉશિંગ્ટનઃ વાઈટ હાઉસના સિક્યોરિટી ચેક પૉઈન્ટ પાસે શનિવારે ગોળીબાર કરનાર શંકાસ્પદ શખસ ઠાર મરાયો હોવાનું અમેરિકાની ગુપ્તચર એજન્સીએ કહ્યું હતું.

વાઈટ હાઉસ પાસે કરવામાં આવેલા ગોળીબારને પગલે હાથ ધરવામાં આવેલી જવાબી કાર્યવાહીમાં આ શખસ ઠાર મરાયો હતો.

પૅન્સિનવેલિયા ઍવેન્યુની ૧૭મી સ્ટ્રીટમાં પોતાની બૅગમાંથી બંદૂક કાઢી તેણે આડેધડ ગોળીબાર કરવા માંડ્યો હતો.

પોલીસ દ્વારા કરવામાં આવેલા વળતા ગોળીબારમાં શંકાસ્પદ શખસ ઘાયલ થયો હતો.

એજન્સીના જણાવ્યા અનુસાર હૉસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

શંકાસ્પદને ૨૧ વર્ષના નાસિરે બૅસ્ટ તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો.

કોલંબિયા ડિસ્ટ્રીક્ટ કોર્ટના રેકોર્ડ મુજબ અગાઉ પરવાનગી વિના વાઈટ હાઉસના વિવિધ સિક્યોરિટી પૉઈન્ટમાંથી પ્રવેશવાનો પ્રયાસ કર્યા બાદ નાસિરની જુલાઈ ૨૦૨૫માં ધરપકડ કરવામાં આવી હતી. (એજન્સી) ■




એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ પરનો હુમલો સ્ક્રીપ્ટેડ કે સાચો જનાક્રોશ?

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પર વધુ એક હુમલો થઈ ગયો. અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન ડીસીમાં શનિવારે થયેલા આ હુમલા વખતે ડોનલ્ડ ટ્રમ્પ વાઇટ હાઉસની અંદર હતા જ્યારે હુમલાખોરે વાઇટ હાઉસની બહાર સિક્યોરિટી ચેકપોઇન્ટ પર આડેધડ ગોળીબાર કર્યો તેથી ટ્રમ્પને કશું ન થયું પણ અમેરિકનો ચોક્કસ ફફડી ગયા છે. અમેરિકાની એજન્સીઓ પણ ધંધે લાગી ગઈ છે કેમ કે આ રીતે વારંવાર હુમલા થાય તો કોઈ વાર કશુંક અજુગતું પણ બની શકે.

ગોળીબાર પછી સ્વાભાવિક રીતે જ વાઇટ હાઉસ સંકુલમાં નાસભાગ મચી ગઈ અને હાજર પત્રકારો અને સ્ટાફને તાત્કાલિક સુરક્ષિત સ્થળે લઈ જવો પડ્યો. સીક્રેટ સર્વિસના એજન્ટો હથિયારો સાથે આખા વિસ્તારમાં તહેનાત થઈ ગયા અને લગભગ કલાક કોઈને જવા કે આવવા દેવાતા નહોતા તેથી કરફ્યૂ જેવી સ્થિતિ થઈ ગઈ. આ બધાં દૃશ્યો જોઈને અમેરિકનોનાં બ્લડ પ્રેશર વધી ગયાં છે કેમ કે અમેરિકનો આ બધાથી ટેવાયેલા નથી.

હુમલાખોરે સીક્યુરિટી ચેકપોઈન્ટ પર ૩૦ જેટલી ગોળીઓ છોડી હતી તેથી ટ્રમ્પની સુરક્ષામાં તહેનાત સીક્રેટ એજન્ટોએ પણ સામો ગોળીબાર કરવો પડ્યો તેમાં હુમલાખોર માર્યો ગયો. અમેરિકામાં એજન્સીઓ પાસે લોકોનો અપટુડેટ ડેટા હોય છે તેથી હુમલાખોર કોણ છે તેની ઓળખ તો થઈ ગઈ પણ લોકોનાં મનમાં શું ચાલે છે તેનો ડેટા કોઈની પાસે નથી હોતો તેથી હુમલો કેમ થયો એ રહસ્ય હુમલાખોરના મોત સાથે જ જતું રહ્યું.

હુમલાખોરનું નામ નેસિયર બેસ્ટ છે અને અમેરિકાના મેરીલેન્ડ સ્ટેટનો છે. ૨૧ વર્ષીય નેસિયર બેસ્ટ માનસિક રીતે અસ્વસ્થ હતો અને પહેલાં પણ યુએસ સિક્રેટ સર્વિસના ધ્યાન પર આવ્યો હતો. એવું મીડિયા રીપોર્ટ કહે છે. મીડિયાને આ માહિતી ટ્રમ્પના માણસોએ જ આપી હશે તેથી ટ્રમ્પ પરના હુમલાને માનસિક અસ્વસ્થ ગાંડા માણસે વિચાર્યા વિના કરેલા કૃત્યમાં ખપાવી દેવાનો ટ્રમ્પ આણિ ગેંગનો ઈરાદો સ્પષ્ટ છે.

અમેરિકામાં હથિયારો સરળતાથી મળે છે તેથી ગાંડા માણસ પાસે ગન ક્યાંથી આવી એ સવાલ ઉઠવાનો નથી એટલે નેસિયર બેસ્ટને ગાંડો ગણાવીને ભીનું સંકેલી લેવાશે એ કહેવાની જરૂર નથી. થોડા દિવસો પહેલાં જ ટ્રમ્પની પુત્રી ઈવાન્કાને પણ જાનથી મારી નાખવાની ધમકી મળી હતી તેથી આ હુમલો ડોનલ્ડ ટ્રમ્પને મારવા થયેલો કે ઈવાન્કાને મારવા થયેલો એ પણ સ્પષ્ટ નથી પણ ટ્રમ્પને ટાર્ગેટ કરીને એક મહિનાના ગાળામાં બીજી વાર ફાયરિંગ થયું તેથી મામલો ગંભીર બની ગયો છે.

આ પહેલાં ૨૬ એપ્રિલે વૉશિંગ્ટન ડીસીમાં વાર્ષિક વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ ડિનર દરમિયાન ફાયરિંગ થયેલું. ફાયરિંગ વખતે ડોનલ્ડ ટ્રમ્પ, પત્ની મેલાનિયા અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ સહિત અનેક મોટા અધિકારીઓ હાજર હતા. ટ્રમ્પ અને મહેમાનો બોલરૂમની અંદર હતા ત્યારે હુમલાખોરે હોટલના બોલરૂમની બહાર સાત રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. હુમલાના કારણે ડિનર કરી રહેલા મહેમાનોમાંથી મોટા ભાગના બચવા માટે ખુરશી અને ટેબલ નીચે છૂપાઈ ગયા હતા.

આ હુમલામાં સિક્રેટ સર્વિસના એક અધિકારીને ગોળી વાગી હતી પણ બુલેટપ્રૂફ જેકેટ પહેર્યું હોવાથી તે બચી ગયો હતો. આ ઘટનામાં હુમલાખોર કોલે ટોમસ એલન ઝડપાઈ ગયો છે ને જેલમાં છે પણ હુમલા માટેના તેના ઈરાદા સ્પષ્ટ નથી થયા.

એક મહિનામાં ટ્રમ્પને ટાર્ગેટ કરીને બીજી વાર હુમલો થતાં સવાલો પર સવાલો ઉઠી રહ્યા છે. તેમાં સૌથી મોટો સવાલ એ છે કે, ટ્રમ્પને મારવા માટે ખરેખર હુમલા થઈ રહ્યા છે કે પછી ટ્રમ્પ લોકોની સહાનુભૂતિ મેળવવા માટે હુમલાનાં નાટક કરાવી રહ્યા છે? રાજકારણીઓ રાજકીય ફાયદા માટે ગમે તે કરાવી શકે એ જોતાં ટ્રમ્પને ખતમ કરાવી દેવા માટે થતા હુમલા શંકાના દાયરામાં છે જ.

ટ્રમ્પ પર બે વર્ષમાં ત્રીજી વાર હુમલો થયો છે ને તેમાંથી બે વાર હુમલાખોર માર્યો ગયો છે તેથી આ શંકા ઘેરી બને છે.

ટ્રમ્પ પર ૨૦૨૪માં ચૂંટણી પ્રચાર વખતે પણ ગોળીબાર થયો હતો. ૧૩ જુલાઈ ૨૦૨૪ના રોજ પેન્સિલવેનિયામાં બટલર શહેરમાં ટ્રમ્પ સંબોધન કરી રહ્યા હતા ત્યારે હુમલાખોરે ૪૦૦ ફૂટના અંતરથી એસોલ્ટ રાઈફલથી ગોળીઓ ચલાવી. એક ગોળી ટ્રમ્પના જમણા કાનના ઉપરના ભાગને સ્પર્શીને નીકળી ગઈ હતી પણ બીજું કશું થયું નહોતું.

સીક્રેટ એજન્ટ્સે હુમલાખોરને તરત જ ઠાર માર્યો હતો તેથી હુમલા પાછળનો ઉદ્દેશ ખબર જ ના પડી પણ આ હુમલાના કારણે ટ્રમ્પને લોકોની સહાનુભૂતિ મળી અને ટ્રમ્પ બીજી વાર અમેરિકાના પ્રમુખ બની ગયા. ટ્રમ્પે તેમાંથી પ્રેરણા લઈને હુમલા કરાવીને લોકોની સહાનુભૂતિ મેળવવાની ફોર્મ્યુલા અમલી બનાવી દીધી હોય એ શક્ય છે.

જો કે ટ્રમ્પ સામે લોકોમાં નારાજગી અને અસંતોષ છે એ પણ સ્પષ્ટ છે તેથી ટ્રમ્પનો કાંટો સાવ કાઢી નાંખવા માટે હુમલા થતા હોય એ શક્યતા પણ નકારી ના શકાય. ટ્રમ્પે બીજી વાર પ્રમુખ બન્યા પછી આખી દુનિયાની મેથી મારવામાં કોઈ કસર છોડી નથી.

ટ્રમ્પે વિદેશથી આવીને અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતાં લોકોને પોતપોતાના દેશમાં ડીપોર્ટ કરવાથી માંડીને ઈમિગ્રેશનના નિયમો બદલીને લોકોનું અમેરિકામાં આવવાનું મુશ્કેલ કરવા સુધીમાં કામો કર્યાં છે. ટ્રમ્પે પહેલાં વેનેઝુએલા ને હવે ઈરાન પર હુમલો કરાવીને આખી દુનિયામાં અરાજકતા ને અંધાધૂંધી પેદા કરી દીધી છે. દુનિયાભરના દેશોમાં ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે અને જીવન જરૂરિયાતની ચીજોની પણ અછત વર્તાઈ રહી છે.

બીજી તરફ ટ્રમ્પ પોતાના અહંકારને કારણે યુદ્ધનો અંત લાવવા તૈયાર નથી. અમેરિકાની સંસદે ઈરાન સામેનું યુદ્ધ સમાપ્ત કરવા માટે કહી દીધું પણ ટ્રમ્પ તેને પણ ઘોળીને પી ગયા છે. ટ્રમ્પની નીતિઓ અને જોહુમકી સામે અમેરિકામાં આક્રોશ વધી રહ્યો છે તેના કારણે ખરેખર ત્રસ્ત થયેલા લોકો ટ્રમ્પને પતાવી દેવા તરફ વળ્યા હોય એ શક્ય છે.

ટ્રમ્પ પોતાની મનમાની ચલાવી રહ્યા છે તેનું કારણ દુનિયાના બીજા દેશોની કાયરતા છે. ટ્રમ્પે ઈરાન પર વિના કારણ હુમલો કરી દીધો તેની સામે દુનિયાના બીજા દેશોએ એક થઈને ટ્રમ્પનો વિરોધ કરવાનો હોય પણ તેના બદલે બધા દેશો ચૂપચાપ તમાશો જોયા કરે છે. સંગઠિત થઈને ટ્રમ્પને તેમની હેસિયત બતાવી દેવાના બદલે પોતપોતાના સ્વાર્થના કારણે મૌન છે તેથી ટ્રમ્પ ફાટીને ધુમાડે ગયા છે.

અલબત્ત ટ્રમ્પને પતાવી દેવા આ સમસ્યાનો ઉકેલ નથી કેમ કે હિંસાથી કોઈ સમસ્યા ઉકેલાતી નથી પણ બીજા દેશો માટે પણ આ ઘટના બોધપાઠ સમાન છે. સામાન્ય લોકોની તકલીફોને ના સમજો તો અમેરિકામાં મહિનામાં બે વાર થયું એ બીજા દેશોમાં પણ થઈ શકે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, સોમવાર, તા. ૨૫-૫-૨૦૨૬, ગંગા દશહરા સમાપ્તિ.

- ભારતીય દિનાંક ૪, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ સુદ -૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨,માહે અધિક જયેષ્ઠ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૮ સુધી (તા. ૨૬), પછી હસ્ત
- ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૯-૦૬ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૬, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતી : સવારે ક. ૦૭-૫૧, રાત્રે ક. ૧૯-૪૨
- ઓટઃ બપોરે ક. ૧૩-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૨ (તા. ૨૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અધિક જયેષ્ઠ શુક્લ – દસમી. ગંગા દશહરા સમાપ્તિ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ અર્યમા પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, શિવપાર્વતી, વિષ્ણુ-લક્ષ્મી પૂજા, વિનાયક પૂજા, ગંગા દશહરા પર્વ નિમિત્તે જળપૂજન અવશ્ય કરવું. સ્થિર કાર્યો, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, નવાં વસ્રો, આભૂષણ, નિત્ય થતાં દુકાન-વેપારના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ-અભિષેક પૂજા, ધજા, કળશ, પતાકા ચઢાવવી, બગીચાના કામકાજ, રોપા વાવવા, બી વાવવું.
- પુરુષોત્તમ માસ મહિમાઃ પુરુષોત્તમ માસ દૈવી શક્તિઓ, દૈવી સંપત્તિઓને જાગ્રત કરવા માટે ઉત્તમ સમય છે. અભય, સત્ત્વસંશુદ્ધિ, જ્ઞાનયોગ, દાન, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ ભૂત, દયા અલોલુપતા, મૃદુતા, તેજ, ક્ષમા, ધૃતિ, શૌચ, અદ્રોહ, નીતિમાનીતા, ઈન્દ્રિયો ઉપર કાબૂ, નિંદા ન કરવી. લજ્જા વગેરે આપણી સંસ્કૃતિમાં દૈવી સંપત્તિ ગણાય છે. અધિક માસનો આ સમયગાળો તપ અને સંયમનો છે, તેથી જમીન પર સૂવું, બ્રાહ્મચર્યનું પાલન કરવું અને સાત્વિક આહાર (એકટાણું) લેવો શ્રેષ્ઠ ગણાય છે. પુરુષોત્તમ માસમાં કોઈની નિંદા ન કરવી, ક્રોધ ન કરવો અને જૂઠું ન બોલવું, કારણ કે આ મહિનામાં કરેલા પાપનું નકારાત્મક ફળ પણ 'અધિક' મળે છે.
- આચમનઃ સૂર્ય-રાહુ ચતુષ્કોણ વડીલો સાથે મતભેદ રહે, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ ગહનતાપ્રિય, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ અવ્યવહારું

ખગોળ જ્યોતિષઃ સૂર્ય-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ (તા. ૨૬). સૂર્ય રોહિણી નક્ષત્ર પ્રવેશ, બુધ મૃગશીર્ષ નક્ષત્ર પ્રવેશ

- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-વૃષભ, માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### રશિયાનો યુક્રેન

જણ ઘાયલ થયા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં રશિયાએ ત્રીજી વખત આ શસ્ત્રનો ઉપયોગ કર્યો હતો.

રશિયાએ કિવ પર કરેલા ઉગ્ર હવાઈહુમલામાં સરકારી ઑફિસની ઈમારતો, નિવાસી ઈમારતો, શાળાઓ અને માર્કેટને ભારે નુકસાન થયું હતું. મિસાઈલ કિવના બિલા સેર્કવા શહેર પર ત્રાટક્યું હતું.

યુક્રેનના મિલિટરી કમાન્ડ અને નિયંત્રણ સુવિધા કેન્દ્રો, ઍરબેઝ તેમ જ અન્ય લશ્કરી સંસ્થાનો પર હુમલો કરવામાં ઑરેશનિક બેલિસ્ટિક મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનાં અહેવાલને રશિયાના સંરક્ષણ ખાતાએ પણ સમર્થન આપ્યું હતું.

ઑરેશનિક બેલિસ્ટિક મિસાઈલ અણુશસ્ત્રો તેમ જ પરંપરાગત શસ્ત્રોનું વહન કરવાની ક્ષમતા રાખે છે.

યુક્રેન દ્વારા રશિયાના નાગરિકી વિસ્તારો પર કરવામાં આવેલા હુમલાના જવાબમાં રશિયા દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. (એજન્સી) ■

### અમેરિકા-ઈરાન

જોકે, આ મામલે હજુ અંતિમ નિર્ણય લેવામાં ન આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

ભારત, ઑસ્ટ્રેલિયા અને જાપાનના ટોચના અધિકારીઓ સાથે બેઠક કરવા ભારતની ચાર દિવસની મુલાકાતે આવેલાં અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ કહ્યું હતું કે ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વાટાઘાટનું જલદી જ સારું પરિણામ આવશે એવી અમને આશા છે.

વાટાઘાટમાં ટ્રમ્પને મુખ્ય એક વાતની સફળતા મળી છે અને તે એ કે વિશ્વએ હવે ઈરાનના અણુ કાર્યક્રમથી ચિંતિત થઈને કે ડરીને નહીં રહેવું પડે.

ઈરાન સાથેની વાટાઘાટ અંતિમ તબક્કામાં છે અને જલદી જ તેની વિગતો જાહેર કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

અમેરિકા આરાનના બંદરો પરનો પ્રતિબંધ ઉઠાવતું જશે તેમ તેમ ઈરાન પણ તબક્કાવાર હોર્મુઝ ખાડી જહાજોની મુક્ત અવરજવર માટે ખોલશે. પ્રતિબંધ હટાવીને અમેરિકા ઈરાનને તેલ વેચવાની પણ પરવાનગી આપશે.

ઈરાનના ફ્રીઝ કરવામાં આવેલા ભંડોળને છૂટું કરવાને મામલે પણ આગામી ૬૦ દિવસના સમયગાળામાં ચર્ચાવિચારણા કરવામાં આવશે.

ટ્રમ્પે કહ્યું હતું કે શનિવારે મેં સઉદી અરેબિયા, યુએઈ, કતાર, પાકિસ્તાન, તુર્કી, ઈજિપ્ત, જોર્ડન અને બહેરિનના નેતાઓ સાથે વાતચીત કરી હતી. (એજન્સી) ■

### પાકિસ્તાનમાં ટ્રેન

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે બોમ્બધડાકાની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે આવા કાયર આતંકવાદી કૃત્યોથી પાકિસ્તાના લોકોનો સંકલ્પ નબળો નહીં પડે.

ધડાકાના અવાજ અને અસર એટલી ભયાનક હતી કે આજુબાજુની કાર અને મકાનોના કાચ તૂટી ગયા હતા. (એજન્સી) ■

## ઉત્તરાખંડના ટિહરીમાં દાવાનળઃ ૧૪ હેક્ટર જમીન પ્રભાવિત

દેહરાદૂનઃ ઉત્તરાખંડના ટિહરીમાં બુદોગી ગામ નજીક દાવાનળ ફાટી નીકળ્યો હતો. સાંજના સમયે લાગેલી આ આગમાં ૧૪ હેક્ટર વિસ્તાર બળીને ખાખ થયો હતો, જેના પગલે વન વિભાગની ટીમો તાબડતોડ ઘટનાસ્થળે દોડી ગઇ હતી. આ જાણકારી ટિહરીના ડિવિઝનલ ફૉરેસ્ટ ઓફિસર (ડીએફઓ) પુનીત તોમરે આપી હતી.

તોમરના જણાવ્યા અનુસાર ફાયરબ્રિગેડની ટીમો તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હતી. આગ સાંજના સમયે લાગી હતી. હાલમાં આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. આગ ઓલવાઇ રહી છે અને નીચે તરફ જઇ રહી છે, જ્યાં કોઇ વસ્તી નથી. આ આગમાં જંગલનો લગભગ ૧૪ હેક્ટર વિસ્તાર પ્રભાવિત થયો છે.

ઉત્તરાખંડના જ્ઞાનસુ-સાલ્દ રોડ પર બાસુગાંવ નજીક ફાટી નીકળેલા દાવાનળને એસડીઆરએફ, વન વિભાગ, એનડીઆરએફ અને ફાયર સર્વિસ ટીમોના સંયુક્ત પ્રયાસોથી કાબૂમાં લેવામાં આવ્યો છે. આ ઘટના બુધવારે મોડી રાત્રે એસડીઆરએફ ઉત્તરાખંડને બાસુગાંવ નજીક જંગલમાં આગ લાગી હોવાની માહિતી મળતાં પ્રકાશમાં આવી હતી. આ ભીષણ આગ નજીકના રહેણાક વિસ્તારોમાં ફેલાવાની પણ આશંકા હતી.

એસડીઆરએફની ટીમે વન વિભાગ, ફાયર સર્વિસ અને એનડીઆરએફના જવાનો સાથે મળીને આગ બુઝાવવા માટે સઘન અભિયાન હાથ ધર્યું હતું. બધી ટીમોના સંકલન અને અથાક પ્રયાસોથી દાવાનળ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો અને તેને રહેણાક વિસ્તારો સુધી ફેલાતો અટકાવવામાં આવ્યો હતો. એસડીઆરએફના અધિકારીઓના જણાવ્યા મુજબ સમયસર કાર્યવાહીને લીધે સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી. ■

## ભારતે અમેરિકા સમક્ષ વિઝાનો મુદ્દો ઉઠાવ્યો

નવી દિલ્હીઃ ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયો સમક્ષ ટ્રમ્પ વહીવટી તંત્રએ વિઝા અને ઈમિગ્રેશન પૉલિસીમાં કરેલા ફેરફારનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે નવી પૉલિસીની કાયદેસર અવરજવર પર પ્રતિકૂળ અસર ન થવી જોઈએ.

બંને દેશ વચ્ચેના સંબંધો સુધારવા પર કેન્દ્રીત વ્યાપક વાટાઘાટ બાદ માર્કો રુબિયો સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધન કરતાં જયશંકરે કહ્યું હતું કે અમેરિકાની ટ્રેડ અને ટૅરિફ પૉલિસીને કારણે છેલ્લાં એકાદ વર્ષથી બંને દેશ વચ્ચેના સંબંધમાં તણાવ વધ્યો છે. અમરિકામાં ગેરકાયદે અને અનિયમિત પ્રવેશના મુદ્દે અમે અમેરિકાને સહકાર આપી રહ્યા છીએ તેવા સંજોગોમાં અમેરિકાની નવી પૉલિસીની કાયદેસર અવરજવર પર પ્રતિકૂળ અસર ન થવી જોઈએ એવી અપેક્ષા અમે રાખીએ છીએ, એમ જયશંકરે કહ્યું હતું. (એજન્સી) ■

## ભારતીયોને ઈબોલાના રોગચાળાને લીધે આફ્રિકાનો પ્રવાસ ટાળવા સલાહ

નવી દિલ્હીઃ આફ્રિકાના ભાગમાં ઈબોલા વાઈરસના બુન્ડીબુગયોની જાતનું સંક્રમણ થતા ભારત સરકારે તેના નાગરિકોને ડેમોક્રેટિક રિપબ્લિક ઑફ ધ કોન્ગો, યુગાન્ડા અને સાઉથ સુદાનમાં બિનજરૂરી પ્રવાસ ન કરવાની સલાહ આપી છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ૧૭ મેએ ઈન્ટરનેશનલ હેલ્થ રેગ્યુલેશન, ૨૦૦૫ હેઠળ આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી હતી. આફ્રિકા સેન્ટર્સ ફોર ડિસિઝ કંટ્રોલ ઍન્ડ પ્રિવેન્શને પણ રોગચાળાને કોન્ગો અને યુગાન્ડામાં ખંડની સુરક્ષા માટે જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી હતી.

ભારત સરકારે શનિવારે બહાર પાડેલી માર્ગદર્શિકા પ્રમાણે વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૨૨ મેએ તેની સમિતિની તાકીદની બેઠકમાં હંગામી રીતે એવી ભલામણ કરી હતી કે પ્રવેશના સ્થળો પર ઈબોલા જ્યાં ફેલાયો છે ત્યાંના પ્રવાસીઓને બીમારી હોય તો તેમનું નિદાન, અને તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. સંસ્થાએ ઈબોલા અસરગ્રસ્ત વિસ્તારોની મુસાફરી ન કરવાની સલાહ આપી હતી. કોન્ગો, યુગાન્ડા અને સાઉથ સુદાનની સરહદે આવેલા દેશોમાં પણ આ રોગચાળો ફેલાવાના ભયસ્થાનો ગણાવામાં આવ્યા છે.

ભારત સરકારે તેના નાગરિકોને કોન્ગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનનો બિનજરૂરી પ્રવાસ ન કરવાની સલાહ આપી છે. આ દેશોમાં રહેતા કે પ્રવાસ કરનારા ભારતીયોને એ દેશોએ જાહેર કરેલી આરોગ્ય માર્ગદર્શિકાનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે. ભારતમાં હજી સુધી ઈબોલાની ખતરનાક જાત બુન્ડીબુગયોનો એકેય કેસ નોંધાયો નથી. (એજન્સી) ■

## બંગાળ સરકાર બાંગ્લાદેશીઓ-રોહિંગ્યાઓને ડિપોર્ટ કરવા માટે હોલ્ડિંગ સેન્ટર બનાવશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં ગેરકાયદે રહેતા વિદેશી નાગરિકોને લઇને એક મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે ગેરકાયદે વસતા બાંગ્લાદેશી અને રોહિંગ્યા નાગરિકોને તેમના દેશ પરત મોકલવા માટે ખાસ હોલ્ડિંગ સેન્ટર બનાવવાના નિર્દેશો જારી કર્યા છે.

સુવેન્દુ સરકારે આ સંદર્ભમાં પશ્ચિમ બંગાળના તમામ જિલ્લા અધિકારીઓને લેખિત આદેશો અને માર્ગદર્શિકા જારી કરી છે. સરકારે તમામ જિલ્લા અધિકારીઓને પોત-પોતાના અધિકારક્ષેત્રમાં આ હોલ્ડિંગ સેન્ટરો બનાવવા માટે યોગ્ય સ્થાનો શોધવા અને વહેલી તકે આગળની કાર્યવાહી શરૂ કરવા જણાવ્યું છે.

વહીવટીતંત્રનું ધ્યાન સરહદી જિલ્લાઓ અને વિસ્તારો પર છે, જ્યાં ગેરકાયદે પ્રવાસીઓ છુપાયેલા હોવાની શક્યતા વધુ હોય છે. સરકાર દ્વારા સ્થાપિત આ હોલ્ડિંગ સેન્ટરોનો હેતુ ગેરકાયદે વસવાટ કરતાં પ્રવાસીઓ પર કડક નજર રાખવાનો છે. રાજ્યના વિવિધ ભાગોમાંથી પકડાયેલા ગેરકાયદે બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોને સીધા જેલમાં રાખવાને બદલે આ સેન્ટરોમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

જ્યાં સુધી પકડાયેલા વિદેશી નાગરિકોની ઓળખની પુષ્ટિ અને કાયદેસર રીતે તેમને તેમના વતન પરત મોકલવાની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી હોલ્ડિંગ સેન્ટરોમાં રાખવામાં આવશે. અત્રે નોંધનીય છે કે આ વર્ષે યોજાયેલી બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન ભાજપે રાજ્યમાંથી ગેરકાયદે પ્રવાસીઓને હાંકી કાઢવાનું વચન આપ્યું હતું. ■

## પંજાબની કપૂરથલા જેલમાં કેદીઓ વચ્ચે અથડામણઃ લોખંડના સળિયા-લાકડીઓ-મોબાઈલ જપ્ત

ચંડીગઢઃ પંજાબની કપૂરથલા જેલમાં શનિવારે રાત્રે હિંસા ફાટી નીકળી હતી. કેદીઓએ કથિત રીતે બેરેકમાં તોડફોડ, જેલના માળખાને નુકસાન અને જેલના કેટલાક ભાગોમાં આગ ચાંપવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે અરાજકતા ફેલાઇ હતી. આ ઘટના કેદીઓ વચ્ચે બોલાચાલી બાદ બની હતી. જે બાદમાં જેલ પરિસરમાં કેદીઓ અને અન્ડરટ્રાયલ કેદીઓ વચ્ચેની અથડામણમાં પરિણમી હતી.

આ ઝપાઝપી બાદ પોલીસે રવિવારે કેદીઓ પાસેથી લોખંડના સળિયા, લાકડીઓ અને મોબાઇલ ફોન જપ્ત કર્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે અધિકારીઓએ ટિયરગેસ શેલ છોડવા પડ્યા હતા અને લાઠીચાર્જનો આશરો લેવો પડ્યો હતો.

પોલીસે જણાવ્યું કે અથડામણ દરમિયાન બે કેદીઓ ઘાયલ થયા હતા. જ્યારે અન્ય એક કેદી ટિયરગેસના શેલ લાગવાથી ઇજાગ્રસ્ત થયો હતો. આ ઘટનામાં કોઇ પોલીસ અધિકારી કે જેલ કર્મચારી ઘાયલ થયા નથી. આ મામલે એફઆઇઆર દાખલ કરવામાં આવશે, એમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના શનિવારે મોડી રાત્રે બની હતી. કપૂરથલા સેન્ટ્રલ જેલના બ્લોક-ચારમાં બંધ કેટલાક કેદીઓ વચ્ચે કોઇ વાતને લઇને અથડામણ થઇ હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે જેલ અધિકારીઓએ કેદીઓને લડતા અટકાવવા માટે હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે કેદીઓએ અધિકારીઓ સાથે ઝપાઝપી અને ધક્કા-મુક્કી કરવાનો પ્રયાસ કર્યો હતો. કપૂરથલાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) ગૌરવ તૂરાએ જણાવ્યું કે જેલ સત્તાવાળાઓ તરફથી કેદીઓ વચ્ચે અથડામણ થઇ હોવાની માહિતી મળ્યા બાદ મોટી સંખ્યામાં પોલીસ દળ તહેનાત કરવામાં આવ્યું હતું. એસએસપીએ પત્રકારો સાથે વાત કરતાં કહ્યું કે આ એક સ્થાનિક મામલો હતો. જેમાં બ્લોક-૪ના કેટલાક કેદીઓ એકબીજા સાથે લડી રહ્યા હતા. બ્લોક-૪માં બંધ બધા કેદીઓ શાતિર ગુનેગારો છે. જેમના પર ચાર કે તેથી વધુ ફોજદારી કેસો નોંધાયેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કપૂરથલા જેલમાં લગભગ ૪૦૦૦ કેદીઓ છે. ■

## ઈદગાહમાં જગ્યા ન હોય તો પણ રસ્તાઓ પર નમાજ નહિઃ યોગી

ઝાંસીઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગીના રસ્તા પર નમાજના મુદ્દે કડક વલણને કારણે બકરી ઇદ માટે બોલાવવામાં આવેલી શાંતિ સમિતિની બેઠકમાં કોઇ પણ સંજોગોમાં રસ્તા પર નમાજ કરવામાં દેવામાં આવશે નહીં એમ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું.

જો ઈદગાહ ભરાઈ થઇ જાય છે તો બહાર નમાજ કરવાને બદલે લોકોને નજીકની બીજી મસ્જિદમાં જઇને નમાજ કરવાનું કહેવામાં આવ્યું છે. વહીવટીતંત્રે એ પણ જણાવ્યું કે કુરબાની બાદ પ્રાણીઓના અવશેષો ખુલ્લામાં કે ગટરમાં ફેંકવામાં ન આવે. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ખુલ્લામાં અવશેષો ફેંકવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ઝાંસીના કોતવાલીમાં એડીએમ વહીવટીતંત્રની અધ્યક્ષતામાં બકરી ઈદના તહેવારને લઇને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં બંને ધર્મોના ધર્મગુરુઓ અને વિવિધ સંગઠનોના સભ્યો હાજર રહ્યા હતા. તેઓએ અનેક સમસ્યાઓ વિશે ચર્ચા કરી હતી. વહીવટીતંત્રે રસ્તાઓ પર નમાજ ન કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું તો હિન્દુ સંગઠનોએ કુરબાની બાદ પ્રાણીઓનું લોહી અને અવશેષોને ગટરમાં ન ફેંકવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

મુસ્લિમ સમુદાયના લોકોએ ઈદ પર વીજળી અને પાણીપુરવઠો સુનિશ્ચિત કરવા અને સ્વચ્છતા પર ભાર મૂક્યો હતો. એસપી સીટી પ્રીતિ સિંહે જણાવ્યું કે તમામ વ્યવસ્થાઓને પૂર્ણ કરવા માટે સંબંધિત અધિકારીઓને આદેશ આપી દેવામાં આવ્યા છે. તેમજ તેમણે કોઇપણ સંજોગોમાં રસ્તા પર નમાજ ન કરવા અને કુરબાનીના અવશેષો ખુલ્લામાં ન ફેંકવાની કડક સૂચના આપી હતી. ■

## યુદ્ધથી અર્થતંત્ર ડામાડોળઃ ૨૭ દેશો વર્લ્ડ બૅંક પાસે મદદનો હાથ લંબાવ્યો

વૉશિંગ્ટનઃ મિડલ-ઇસ્ટમાં વધી રહેલા તણાવગ્રસ્ત માહોલને કારણે દુનિયાભરના ક્રૂડ માર્કેટમાં ભારે ઊથલપાથલ જોવા મળી રહી છે. એશિયાના જ નહીં, દુનિયાભરના નાના-મોટા દેશની ચિંતા વધારી દીધી છે. વધી રહેલા ક્રૂડ ઓઇલના ભાવને કારણે પ્રજા પરેશાન છે તો બીજી તરફ નબળી પડી રહેલી સપ્લાય ચેઈન સિસ્ટમને કારણે જે તે રાષ્ટ્રનું વહીવટીતંત્ર મેનેજ કરવામાં પડ્યું છે. મિડલ-ઇસ્ટની લડાઇએ અનેક દેશ પર અણધાર્યું પ્રેશર લાવી દીધું છે. કેન્યા જેવા દેશે તો આર્થિક મદદ માગવાનું શરૂ કર્યું છે.

વર્લ્ડ બેંકના એક રિપોર્ટ અનુસાર ઇરાન યુદ્ધ શરૂ થયા બાદ દુનિયાના ૨૭ દેશે વર્લ્ડ બેંક પાસે ઇમર્જન્સી ફંડ માટે હાથ લંબાવ્યા છે. આ તમામ રાષ્ટ્રોએ એક એવી સિસ્ટમ લાગુ કરવા માટે માગ કરી છે કે, જેની મદદથી જરૂર પડ્યે ત્યારે તેઓ ઝડપથી વિશ્વ બેંક પાસેથી ફંડ લઈ શકે. આ દેશના નામ અને એમના દ્વારા માગવામાં આવેલી રકમની કોઈ પ્રકારે જાણકારી જાહેર કરવામાં આવી નથી. બીજી તરફ વર્લ્ડ બેંકે પણ આ વિષય પર કોઈ પ્રકારની સત્તાવાર વાત કહી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર તા. ૨૮ ફેબ્રુઆરીથી મિડલ-ઇસ્ટમાં વધી રહેલી લડાઈ બાદ ત્રણ દેશે એક નવી ક્રાઈસિસ સપોર્ટ સિસ્ટમને મંજૂરી આપી છે,જ્યારે બાકીના દેશ આ માટેની કેટલીક પ્રક્રિયાઓ પૂરી કરી રહ્યા છે. ઇરાન યુદ્ધની અસર સમગ્ર દુનિયાના દેશ પર પડી છે, ખાસ કરીને જે તે રાષ્ટ્રની અર્થવ્યવસ્થાના પાયા હચમચી ગયા છે. ક્રૂડ ઓઇલ અને ગેસની કિંમતમાં વધારો થવાને કારણે નાગરિકો હેરાન-પરેશાન થયા છે.

જૂના પ્રોજેક્ટના કેટલાક બાકી વધેલા ફંડના પૈસા તથા અન્ય યોજનાના પૈસા એમ કુલ મળીને છ મહિનામાં આ મદદ ૬૦ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. આગળ જતાં આ રકમ ૧૦૦ અબજ ડૉલર સુધી પણ જઈ શકે છે. ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડના પ્રમુખ ક્રિસ્ટલીના જાર્જિવાએ કહ્યું હતું કે, ૧૨ એવા દેશ છે તેમણે મોનિટરિંગ ફંડ પાસેથી પૈસા માગી શકે છે. હાલના સમયે ઘણા ઓછા એવા દેશ છે જેમણે આ માટેની સત્તાવાર પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ■

# ગ્રામીણ વિસ્તારોમાં નાગરિકોને પ્રોપર્ટી કાર્ડ મફત આપવાનો સરકારનો નિર્ણય

મુંબઈ : રાજ્ય સરકારે ગ્રામીણ વિસ્તારોના નાગરિકો માટે મોટી રાહતનો નિર્ણય લીધો છે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ માલિકી યોજના હેઠળ નાગરિકોને મફત પ્રોપર્ટી કાર્ડ આપવાની જાહેરાત કરી છે. આ સાથે પ્રમાણપત્ર ફી પણ માફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગ્રામ પંચાયત ફોર્મ, ૮ માં સુધારા પૂર્ણ થયા પછી આ નિર્ણય અમલમાં આવશે અને ગ્રામીણ વિકાસ વિભાગને આ સંદર્ભમાં દરખાસ્ત તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પ્રોપર્ટી કાર્ડને બિન-ખેતી જમીન અથવા મિલકતની માલિકીનો સત્તાવાર અને કાનૂની દસ્તાવેજ માનવામાં આવે છે. આ કાર્ડ મહેસૂલ વિભાગ હેઠળ કામ કરતા સિટી સર્વે અધિકારીઓ દ્વારા જારી કરવામાં આવે છે. આ દસ્તાવેજમાં મિલકતની માલિકી, વિસ્તાર, પ્લોટ નંબર અને અન્ય મહત્વપૂર્ણ માહિતીનો ઉલ્લેખ કરવામાં આવે છે. ભવિષ્યમાં જમીન કે મિલકત અંગેના કોઈપણ વિવાદના કિસ્સામાં ટાઇટલ ડીડને મહત્વપૂર્ણ પુરાવો ગણવામાં આવે છે.

રાજ્યની લગભગ ૨૩ હજાર ગ્રામ પંચાયતોમાં ૩૯ લાખ મિલકતોની માપણી પૂર્ણ થઈ ગઈ છે. તેથી, પ્રોપર્ટી કાર્ડ અને પ્રોપર્ટી સર્ટિફિકેટ વિતરણની પ્રક્રિયા હવે ઝડપી ગતિએ શરૂ થશે. નોંધનીય છે કે આ નિર્ણયથી ગ્રામ્ય પોલીસ સ્ટેશનથી ૨૦૦ મીટરની અંદરની મિલકતોની સત્તાવાર માન્યતાનો માર્ગ મોકળો થશે.

રાજ્ય સરકારે નાગરિકો માટે મિલકત પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા ઓનલાઈન ઉપલબ્ધ કરાવી છે. નાગરિકો સત્તાવાર મહાભૂમિ પોર્ટલની મુલાકાત લઈને ડિજિટલી સહી કરેલ મિલકત પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકે છે. ઉપરાંત આપલે સરકાર પોર્ટલ પરથી ઓનલાઈન અરજી કરવાની સુવિધા ઉપલબ્ધ છે. નાગરિકો તેમના વિસ્તારમાં મ્યુનિસિપલ સર્વે ઓફિસ અથવા લેન્ડ રેકોર્ડ ઓફિસની મુલાકાત લઈને પણ મિલકત પ્રમાણપત્ર માટે અરજી કરી શકે છે.

મિલકત પ્રમાણપત્રોની ઉપલબ્ધતા સાથે ગ્રામીણ રહેવાસીઓ માટે બેંક લોન મેળવવી, મિલકતો લે-વેચ અને વારસાની પ્રક્રિયાઓ પૂર્ણ કરવાનું સરળ બનશે. ■

# દિઘી પોર્ટના ૧૪૦૦ કરોડ રૂપિયાના ટેન્ડરમાં મોટું કૌભાંડ

## ▶ શિવસેનાના નેતાએ ફડણવીસ પાસે તપાસની માગણી કરી

મુંબઈ: રાયગડ જિલ્લાના દીઘી પોર્ટ ઇન્ડસ્ટ્રિયલ એરિયા ફેઝ-૧ અંતર્ગત પાયાની સુવિધાઓ ઊભી કરવા માટેની આશરે રૂ. ૧,૪૦૦ કરોડની ટેન્ડર પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિઓ થઈ હોવાનો દાવો શિવસેના નેતા અને વિધાનસભ્ય અનિલ પરબે કર્યો હતો. આ સંદર્ભે તેમણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ફરિયાદ કરી છે અને સમગ્ર ટેન્ડર પ્રક્રિયા તથા એલ-૧ ટેન્ડરધારક દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોની એડિશનલ ચીફ સેક્રેટરી કક્ષાના અધિકારી મારફતે સ્વતંત્ર તપાસ કરાવવાની માગ કરી હતી.

મહારાષ્ટ્ર ઇન્ડસ્ટ્રિયલ ટાઉનશીપ લિમિટેડ (એમઆઇટીએલ) દ્વારા દીઘી પોર્ટ ફેઝ-૧ના પેકેજ-એ માટે બહાર પાડેલા ટેન્ડરમાં 'મેસર્સ રામકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ' (આરઆઇએલ) એલ-૧ જાહેર થઈ છે. કંપનીએ ૧૨% ઓછા દરે ટેન્ડર ભર્યું હોવા છતાં, તે યોગ્યતાના માપદંડો પૂરા કરતી નથી, તેવો દાવો અનિલ પરબે કર્યો હતો.

અનિલ પરબના પત્ર મુજબ આરઆઇએલ એ રજૂ કરેલા અનુભવના પ્રમાણપત્રોમાં ગંભીર ખામીઓ છે. તેમજ કામનું સ્વરૂપ, ખર્ચ અને વર્ક ઓર્ડરને લગતા દસ્તાવેજો પણ અધૂરા રજૂ કર્યા છે. તેથી આ ટેન્ડર પ્રક્રિયા અને આરઆઇએલ ના દસ્તાવેજોની એડિશનલ ચીફ સેક્રેટરી સ્તરના અધિકારી દ્વારા સ્વતંત્ર તપાસ કરાવી ૧૫ દિવસમાં અહેવાલ સોંપવામાં આવે, તેવી માગ વિધાનસભ્ય અનિલ પરબે કરી છે. સાથે જ તેમણે એમઆઇટીએલની ટેન્ડર કમિટીની બેઠકની નોંધ તાત્કાલિક આપવાની અને આરઆઇએલ એ રજૂ કરેલા તમામ યોગ્યતાના દસ્તાવેજો જાહેર કરવાની પણ માગ કરી છે. ■

### નીટ પેપર લીક કેસ

# મનીષા હવાલદારે વિદ્યાર્થીઓ પાસેથી મોટી રકમ વસૂલી

પુણેઃ દેશઆખામાં ચકચાર જગાવનારા નીટ પેપર લીક કેસમાં સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ની તપાસમાં અનેક ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે. આ કેસની આરોપી મનીષા હવાલદારે પેપરના પ્રશ્નો પૂરા પાડવા માટે વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી મોટી રકમ વસૂલી હોવાનું કહેવાય છે.

સીબીઆઈના સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ધરપકડ કરાયેલી મનીષા હવાલદારના ઘર અને ઑફિસમાં સર્ચ દરમિયાન કેટલાક અત્યંત સંવેદનશીલ પુરાવા હાથ લાગ્યા છે. તેણે નૅશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ના મહત્ત્વના અને ગુપ્ત દસ્તાવેજો ગેરકાયદે રીતે પોતાની પાસે રાખ્યા હતા. એ સિવાય આ રૅકેટમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત કરતા દસ્તાવેજો પણ સીબીઆઈને હાથ લાગ્યા હોવાનું કહેવાય છે.

મનીષાના બૅન્ક ખાતાંની વિગતો તપાસતાં પેપર લીક સંબંધી અનેક શંકાસ્પદ અને મોટા આર્થિક વ્યવહાર થયાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. મનીષાએ જે વિદ્યાર્થીઓને પેપર પૂરા પાડ્યા તેની યાદી પણ સીબીઆઈને મળી છે, જેને પગલે વાલીઓમાં ફફડાટ ફેલાયો છે. આવા વિદ્યાર્થી અને વાલીઓની પણ સીબીઆઈ પૂછપરછ કરશે.

મનીષા હવાલદાર નીટની પરીક્ષા લેનારા એનટીએમાં પેપર સેટર તરીકે કામ કરતી હતી. ફિઝિક્સનું પેપર તૈયાર કરવાની જવાબદારી મનીષા પર હતી. શુક્રવારે મનીષાની ધરપકડ કરવામાં આવ્યા પછી આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે. ■

# મુંબઈને ૨૦૪૭ સુધીમાં ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવાનું લક્ષ્ય

મુંબઇ : દેશની આર્થિક રાજધાની માટે રજૂ કરાયેલી સૌથી મહત્વાકાંક્ષી શહેરી પરિવર્તન યોજનાઓમાંની એક, મુંબઈ ૨૦૩૦ સુધીમાં લગભગ સાત લાખ પુનર્વસન ઘરો ઉમેરવાનું અને ક્લસ્ટર પુનર્વિકાસ અને મોટા પાયે માળખાગત પ્રોજેક્ટ્સ દ્વારા લગભગ ૩૦૦ હેક્ટર ખુલ્લી જગ્યાઓ બનાવવાનું આયોજન છે.

મુંબઈમાં આયોજિત મહારાષ્ટ્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચર કોન્ક્લેવમાં આ રોડમેપ પર ચર્ચા થઈ હતી, જ્યાં વરિષ્ઠ રાજકીય નેતાઓ અને ઝૂંપડપટ્ટી પુનર્વસન સત્તામંડળના અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સંકલિત પુનર્વિકાસ પ્રયાસો દ્વારા જમીન ખોલવા, કનેક્ટિવિટી સુધારવા અને શહેરના લાખો ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને આધુનિક સુવિધાઓ સાથે કાયદેસર, પ્રતિષ્ઠિત આવાસ પૂરા પાડવાની અપેક્ષા રાખવામાં આવે છે. આ કોન્ક્લેવમાં શિવસેના સાંસદ ડો. શ્રીકાંત શિંદે, મુંબઈના પાલક પ્રધાન આશિષ શેલાર અને એસઆરએના સીઇઓ ડો. મહેન્દ્ર કલ્યાણકર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં બોલતા ડો. કલ્યાણકરે જણાવ્યું હતું કે સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી એસઆરએ નો ઉદ્દેશ્ય ૨૦૩૦ સુધીમાં લગભગ સાત લાખ પુનર્વસન આવાસ એકમો ઉમેરવાનો છે, જ્યારે ઓથોરિટીની રચના થયાના લગભગ અઢી દાયકામાં લગભગ ૨.૯ લાખ એકમો વિકસાવવામાં આવ્યા હતા. શહેર માટે લાંબા ગાળાના વિઝન રજૂ કરતા, ડો. કલ્યાણકરે જણાવ્યું હતું કે સંકલિત આયોજન પ્રયાસો દ્વારા મુંબઈ ૨૦૪૭ સુધીમાં ઝૂંપડપટ્ટી મુક્ત બની શકે છે. ડો. શિંદેએ જણાવ્યું હતું કે શહેરમાં અમલમાં મુકાયેલ પુનર્વિકાસ મૉડેલ સમાવેશક છે, જેનો હેતુ ઝૂંપડપટ્ટીવાસીઓને નોંધપાત્ર રીતે સુધારેલી નાગરિક સુવિધાઓથી સજ્જ કાયદેસર આવાસો પૂરા પાડવાનો છે. ■

### રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કોંકણ પ્રાંત

# 'સંઘ શિક્ષા વર્ગ'નો સમાપન સમારોહ સંપન્ન




મુંબઈઃ છેલ્લા સો વર્ષોથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમાજમાં સંગઠન, અનુશાસન, ચારિત્ર્ય નિર્માણ અને રાષ્ટ્ર સેવાની ભાવનાને સુદૃઢ કરવા માટે અહર્નિશ કાર્યરત છે. આ કાર્યમાં સ્વયંસેવકોને પ્રશિક્ષિત કરવા માટે 'સંઘ શિક્ષા વર્ગ' એ સંઘની કાર્યપદ્ધતિનો એક અવિભાજ્ય અંગ છે.

સંઘના કોંકણ પ્રાંતના આ પ્રશિક્ષણ વર્ગનો સમાપન સમારોહ ૨૩ મેના રોજ સાંજે ૬ વાગ્યે સ્વાતંત્ર્યવીર વિનાયક દામોદર સાવરકર ક્રીડાંગણ, નેહરુ નગર, કુર્લા (પૂર્વ), મુંબઈ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિક્ષાર્થીઓએ છેલ્લા ૧૫ દિવસમાં મેળવેલા પ્રશિક્ષણનું પ્રાત્યક્ષિક પણ રજૂ કર્યું હતું.


૮ મેથી કુર્લામાં ચાલી રહેલા આ ૧૫ દિવસના વર્ગમાં કોંકણ પ્રાંત (જેમાં મુંબઈ, થાણે, નવી-મુંબઈ, રાયગડ, પાલઘર, રત્નાગિરી, સિંધુદુર્ગ જિલ્લા અને ગોવા રાજ્યનો સમાવેશ થાય છે) ના ૧૫ થી ૪૦ વર્ષની વયજૂથના ૧૩૬ શિક્ષાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ જિમી મિસ્ત્રી અને મુખ્ય વક્તા રામલાલ જી ની સાથે જ મુંબઈ મહાનગરના મા. સંઘચાલક શ્રી સુરેશજી ભગેરિયા, મુંબઈ મહાનગર કાર્યવાહ સંજય નગરકર અને આ વર્ગના સર્વાધિકારી શ્રી ગુરુદાસજી ચોપડેકર મંચ પર ઉપસ્થિત હતા. ■

# લીલાં મરચાંની દુબઈમાં નિકાસઃ વેપારી સાથે 30 લાખની છેતરપિંડી

થાણેઃ લીલાં મરચાંની દુબઈમાં નિકાસ કરવા પ્રકરણે થાણેના વેપારી સાથે લગભગ ૩૦ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ મુંબઈના ૫૦ વર્ષના રહેવાસી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ડોમ્બિવલી પૂર્વમાં રહેતા ૩૫ વર્ષના વેપારીની ફરિયાદને આધારે ડોમ્બિવલી પોલીસે ૨૩ મેના રોજ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદ અનુસાર મુંબઈમાં રહેતા આરોપીએ ફેબ્રુઆરી, ૨૦૨૬થી અત્યાર સુધીમાં આ છેતરપિંડી કરી હતી. આરોપીએ ફરિયાદીની કંપનીનાં ૧૪,૪૪૦ કિલો લીલાં મરચાંની દુબઈમાં નિકાસ કરી હતી. આ માટે તેણે ખરીદી, ટ્રાન્સપોર્ટેશન, શિપિંગ અને કસ્ટમ્સ ક્લીયરન્સ ચાર્જિસ પેટે ૫.૯૨ લાખ રૂપિયા પણ ફરિયાદી પાસેથી પડાવ્યા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે આરોપીએ કન્સાઈન્મેન્ટ દુબઈમાં વેચ્યું હતું, પરંતુ તેની કિંમત ૨૯.૫૨ લાખ રૂપિયા તેણે કંપનીને ચૂકવ્યા નહોતા. ■

Om Bhagwate Vasudevay II Om Namah Shivay II Jai Sachidanand
ૐ
હાર્દીક શ્રદ્ધાંજલી
શ્રી નંદલાલ માધવજી અનમ (ઠક્કર)

ઉંમર વર્ષ: 73 | સ્વર્ગવાસ: 22-5-2026
(કચ્છ ગામ: નલિયા-હાલ મુલુંડ)
અત્યંત દુઃખ સાથે જણાવાનું કે:
અનમ પરીવારના આધારસ્થંભ: સ્વ.માધાવજીભાઈ કરસનદાસ અનમ અને સ્વ.તુલસાબેન માધવજીભાઈ અનમ ના પુત્ર, સ્વ.રેખાબેન વેલજીભાઈ મેવાવાલા, સ્વ.હરીરામભાઈ વાલજી ઠક્કર (આઈયા) ગામ-મોથારા તથા સુશીલાબેન હરીરામભાઈ ઠક્કર અને મેવાવાલા પરીવારના જમાઈ શુક્રવારે, તા. 22-5-2026 ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
પ્રાર્થનાસભા: મંગળવાર તારીખ: 26-5-2026 ના દિને સાંજે 5 થી 7 માં રાખેલ છે.
પ્રાર્થના સ્થળ: આર્ટ ઓફ લીવીંગ સેન્ટર, પરમેશ્વરી સેન્ટર, D-2, મદન મોહન માલવીયા રોડ, MTNL કોલોની, કેશવ પાડા, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
શોકાકુલ:
ભાઈશ્રી: સ્વ.લાલજીભાઈ, શાંતીલાલભાઈ, સ્વ.જેઠાલાલ, દિલીપભાઈ.
ભાભી: મહાલક્ષ્મીબેન, શીતલબેન, જયશ્રીબેન, બિંદુબેન.
બેન-બનેવી: સ્વ.જશોદાબેન રમેશભાઈ, ગીતાબેન રમેશભાઈ, મીનાબેન પંકજભાઈ, નીતાબેન અને સ્વ. યોગેશભાઈ.
પત્ની: પ્રતિમાબેન, દીકરા-વહુ: પારસભાઈ-કશીશબેન,
દીકરી: નિધીબેન વિશાલભાઈ અને હેનાબેન,
પ્રતિમા બેનના બેન-બનેવી: ગીતાબેન બંકીમભાઈ, રીટાબેન અતુલભાઈ, નરેશભાઈ ઠક્કર.
શિવાય ના દાદા, આરવ ના નાના.
Paras Group of Companies Parivar..
Siddhivinayak Advt-9892007232


# વિશ્વાસનો પુરાવો: 20 વર્ષમાં ડો.પૂજા નાડકર્ણી સિંહએ સફળ IVF સારવારથી 25 હજાર માતાઓના ચહેરા પર રેલાવ્યું સ્મિત

સુરતઃ એક સમય હતો જ્યારે કોઈને બાળક ન થતું તો તેને અપશુકનિયાળ માનવામાં આવતું હતું. પરંતુ છેલ્લા 3 દાયકામાં મેડિકલ સાયન્સએ કરેલી પ્રગતિએ અનેક પરિવારને ખુશી આપી છે. આઈવીએફ એક્સપર્ટ તરીકે છેલ્લા 20 વર્ષમાં ડો.પૂજા નાડકર્ણી સિંહે 25 હજારથી વધુ માતાઓનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે. નિમાયાના વર્લ્ડ બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, તમામ પ્રકારના લેબોરેટરી ટેસ્ટિંગ અને અત્યાધુનિક IVF સારવાર સુવિધાના કારણે દેશ- દુનિયાથી હજારો સ્ત્રીઓએ પોતાના નિઃસંતાનપણાની ડો.પૂજા પાસે આઈવીએફ સારવાર કરાવી સંતાન સુખ મેળવ્યુ છે. 25 હજાર માતાઓના વિશ્વાસ પાછળ છે ડો.પૂજા નાડકર્ણી સિંહનો પોતાના દરેક દર્દીઓ પ્રત્યેની પર્સનલ કેર અને તેમની સાથેનો એક ભાવનાત્મક જોડાણ.



આ ઉપરાંત દર્દીના તમામ પ્રકારના ટેસ્ટ, નિદાન અને IVF સારવાર માટેની અત્યાધુનિક સાધનો, લેબોરેટરી, એમ્બ્રિયો ફ્રોઝન માટેની સુવિધા તેમજ પ્રસુતિ સુધી તમામ સુવિધા એક જ પ્રિમાઈસમાં ઉપલબ્ધ છે. આની સાથે AI ઈનબિલ્ડ સર્વિસિસ, ટાઈમ લેપ્સ ઈન્ક્યુબેટર કે જેના કારણે એમ્બ્રિયોના રોજેરોજના ડેવલપમેન્ટ પર નજર રાખવામાં આવે છે. આ સિવાય શ્રેષ્ઠ પરિણામ મેળવવા માટે પ્રિઈમ્પ્લાન્ટેશન જિનેટિક ટેસ્ટિંગ(PGT) જેવી અત્યાધુનિક આઈવીએફ સ્ક્રીનિંગ પ્રોસિઝરનો પણ ઉપયોગ કરાય છે. વેલ ટ્રેઈન્ડ સ્ટાફ અને ડૉ.પૂજાના નેતૃત્વમાં કુશળ તબીબોની ટીમ દર્દીની સતત કેર રાખે છે. રિલાયેબલ, રિસ્પોનસિબલ અને રિઝનેબલના આ સૂત્ર સાથે નિમાયા અને ડૉ.પૂજાએ 20 વર્ષ દરમિયાન 25 હજાર માતાઓનો અતૂટ વિશ્વાસ કેળવ્યો છે.

**મારી સારવાર બાદ એક માતાના ચહેરાની ખુશી સૌથી મોટું સુખ: ડો.પૂજા**

ડો.પૂજા કહે છે તેમના માટે સૌથી વધારે ખુશી ત્યારે થાય છે જ્યારે તેમની સારવાર બાદ એક સ્ત્રીના મુખ પર તેઓ માતૃત્વનું સુખ જુએ છે. એક બાળકની કિલકારી સમગ્ર પરિવારને હસતો કરી દે છે. તેઓ નિમાયા વિશે જણાવે છે કે તેમણે અને ડૉ.પ્રભાકર સિંહે એક જ આશયથી નિમાયાનો પાયો નાખ્યો હતો કે એમની પાસે જે નોલેજ અને સેવાની ભાવના છે તેનાથી જનસેવા થવી જોઈએ.

વંધ્યત્વ અને નિસંતાનપણાની IVF થકી સચોટ સારવાર, પ્રસૂતિ તેમજ તમામ પ્રકારના સ્ત્રીરોગના ઈલાજ માટે એક માત્ર સ્થળ નિમાયા

## "ડો.પૂજા એટલે ડો.પૂજા, મને ખોળાને ખૂંદનાર મળ્યો

જીવનમાં એક સ્ત્રી માટે જો સૌથી વધુ કોઈ સુખ હોય તો તે માતૃત્વ છે, કલ્પના કરો કે જ્યારે લગ્નના એક દાયકા સુધી સ્ત્રી સંતાન સુખથી વંચિત રહેતી હોય તો એની શું મનોદશા થતી હશે.દોરા ધાગા, બાધાથી લઈ દરેક જગ્યાએ જઈ એટલું જ નહીં ઘણી દવાઓ કરવા છતાં પરિણામ શૂન્ય રહ્યું. એક દિવસ અમે એક અખબારમાં આઈવીએફ વિશે ડો.પૂજાનો ઈન્ટરવ્યૂ વાંચ્યો.મને થયું ચાલ એક પ્રયત્ન તો કરવા દે. હું મારા પતિ સાથે ડો.પૂજા પાસે ગઈ. તેમણે અમને ખૂબ શાંતચિતે સાંભળ્યા, પછી કહ્યું ચિંતા ન કરો, બધું જ સારું થશે. એમના શબ્દોમાં રહેલો વિશ્વાસ ચરિતાર્થ થયો. IVF સારવાર શરૂ થઈ, અંતે કિલ્લોલ કરતું એક પ્યારું બચ્ચું અમારા ઘરે અવતર્યું.
થેંક્સ ડો.પૂજા. -માતા"

## "એક નિરાશ પરિવારમાં ડો.પૂજાએ આશાનો સંચાર કર્યો

મારા લગ્નને 5 વર્ષ થવા છતાં મને કોઈ સંતાન ન હતું. કુદરતી રીતે જ્યારે સંતાન ન થતાં અમે તબીબી સારવારનો નિર્ણય લીધો. એનું કારણ એ હતું કે એક પરિણીત સ્ત્રીના જીવનનું સૌથી મોટું દુઃખ એ હોય છે કે જ્યારે તેનો ખોળો ખાલી હોય છે પરંતુ એનાથીયે વધુ ખરાબ સ્થિતિ એ હોય છે કે જ્યારે આવી સ્ત્રીને સમાજ મેણાનો શિકાર બનાવે છે. અધૂરામાં પૂરું મારા પતિનો પરિવાર ખૂબ જ જુનવાણી હોવાથી તેમને તબીબી સારવાર માટે સમજાવતા નાકે દમ આવી ગયો. પરંતુ ડો.પૂજાની સારવાર થકી મને એવું લાગ્યું કે એક સ્ત્રીને સમજનાર કોઈ તબીબ આટલી હદ સુધી પણ સ્નેહ દાખવી શકે. ડો.પૂજાની આઈવીએફ સારવાર દ્વારા આજે અમારા ઘરે ખુબસુરત પુત્રનો જન્મ થયો.
થેન્કસ ડો.પૂજા. -માતા"

સુરત : "નિમાયા" : 3 માળ, જશ બ્રાયન્ટ,જુના આર.ટી.ઓ. સામે, સુરત-395001. ટે. 0261-6119900
વડોદરા : "નિમાયા" : 4-6 માળ, મધુઝ આઈકોન, યશ કોમ્પલેક્સની બાજુમાં, ગોત્રી રોડ, ગોત્રી, વડોદરા-390021. ટે. 0265-6839900, 8980770044
અમદાવાદ : "નિમાયા" : મરિના વન, ગુરૂદ્વારાની સામે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-380015. ટે. 079-61199900
Follow us on Instagram (Scan QR Code)
Leading IVF Hospital IN SOUTH GUJRAT SINCE 1995 - SURAT - KILLA PARDI - VAPI (SINCE 2017 A VENTURE OF 21ST CENTURY GROUP OF HOSPITALS) | વેબસાઈટ : www.nimaaya.com



गृह मंत्रालय भारत सरकार

# અમારી જનગણના અમારો વિકાસ

જનગણના ૨૦૨૭નો પ્રથમ તબક્કો
ઘરયાદી અને ઘર ગણતરી

**જનગણના : ગોપનીયતાની ખાતરી, તમારી માહિતી સંપૂર્ણપણે સુરક્ષિત**

- જનગણના અધિનિયમ, ૧૯૪૮ની હેઠળ સંપૂર્ણ ગોપનીયતા
- સુરક્ષિત સર્વર પર એન્ક્રિપ્ટેડ ડેટા
- રિપોર્ટમાં ફક્ત કુલ આંકડા પ્રકાશિત થાય છે
- નામ-સરનામું કોઈને આપવામાં આવતું નથી
- ટેક્સ, પોલિસિંગ અથવા તપાસમાં ઉપયોગ નહીં

**જનગણના ૨૦૨૭**
વિશ્વાસ પણ, ભાગીદારી પણ
- ખરી માહિતી આપો
- નિડર થઈને આપો
- દેશના વિકાસમાં સાથ આપો

**નિશ્ચિંત રહો**
તમારી માહિતી
- સુરક્ષિત રહેશે
- ગોપનીય રહેશે
- તે ફક્ત રાષ્ટ્ર નિર્માણ માટે ઉપયોગી થશે



ચાલો નિભાવીએ આપણી જવાબદારી કરીએ જનગણનામાં ભાગીદારી

ટોલ ફ્રી – ૧૮૫૫

CensusIndia2027
cbc 19108/13/0111/2627

# આઈબીની ચેતવણી બાદ કેન્દ્રએ કોકરોચ પાર્ટીના અકાઉન્ટ બ્લોક કર્યાઃ કૉંગ્રેસનો આક્ષેપ

મુંબઈ : મહારાષ્ટ્ર કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ શાસક ભાજપ પર જાહેર નારાજગીને દબાવવાનો આરોપ લગાવ્યો છે અને દાવો કર્યો છે કે ઇન્ટેલિજન્સ બ્યુરો (આઈબી) ના અહેવાલમાં સંભવિત જાહેર અશાંતિ અંગે ચેતવણી મળ્યા બાદ સરકારે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) ના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા છે.

પત્રકારો સાથે વાત કરતા રાજ્ય કોંગ્રેસના ભૂતપૂર્વ વડા નાના પાટોલે અને બાળાસાહેબ થોરાતે આરોપ લગાવ્યો છે કે આઈબીએ પીએમ મોદીને ચેતવણી આપી હતી કે સીજેપીના સોશિયલ મીડિયા અભિયાનથી દેશમાં અશાંતિ ફેલાઈ શકે છે, જેના પગલે સામગ્રીને બ્લોક કરવામાં આવી હતી. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે આ પગલા અંગે ગુસ્સો ઘણા દિવસોથી વધી રહ્યો છે અને ચેતવણી આપી હતી કે તે વધુ તીવ્ર બની શકે છે. આ ગુસ્સો ગમે ત્યારે ફાટી શકે છે, એમ તેમણે કહ્યું. દરમિયાન થોરાતે કહ્યું કે ભાજપ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અથવા એકાઉન્ટ્સને નિશાન બનાવીને ટીકાથી બચી શકશે નહીં.

કોંગ્રેસી નેતાઓએ કહ્યું હતું કે, સરકાર યુવાનો, ગરીબો અને બેરોજગારોના મુદ્દાઓને સંબોધવાને બદલે લોકોના ગુસ્સાને દબાવી રહી છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, સીજેપીએ નીટ-યુજી પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી માટે એક ઝુંબેશ શરૂ કરી હતી.

ગયા અઠવાડિયે વકીલ માટે 'વરિષ્ઠ' પદના મુદ્દા પર કોર્ટની સુનાવણી દરમિયાન ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત દ્વારા કોકરોચ અને પરોપજીવી જેવી કરવામાં આવેલી ટિપ્પણી પર થયેલા વિવાદ બાદ આ પ્લેટફોર્મ સપાટી પર આવ્યું હતું.

સીજેપીના સ્થાપક અભિજીત દિપકેએ શનિવારે ડિજિટલ ચળવળ પર વ્યાપક કાર્યવાહીનો આરોપ લગાવતા દાવો કર્યો હતો કે તેના તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને તેની વેબસાઇટને ડાઉન કરવામાં આવી છે અથવા ચેડાં કરવામાં આવ્યા છે, જેના કારણે જૂથ તેના કોઈપણ સત્તાવાર પ્લેટફોર્મની ઍક્સેસથી વંચિત રહ્યું છે.

## નવી મુંબઈમાં હાઈવે પર લક્ઝરી બસમાં આગ લાગીઃ કોઈ જાનહાનિ નથી

થાણેઃ થાણે જિલ્લામાં રવિવારે બપોરે હાઇવે પર બાવીસ મુસાફરો સાથેની એક લક્ઝરી બસમાં આગ લાગી હતી, જેમાં સદ્નસીબે તમામ મુસાફરોનો સુરક્ષિત રીતે બચાવ થયો હતો. વાશી ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર યુબી અકરેના જણાવ્યા મુજબ સાયન-પનવેલ હાઈવે પર બસ ફૂલ સ્પીડે જઈ રહી હતી ત્યારે ડ્રાઈવરે એન્જિનમાંથી ધુમાડો નીકળતો જોયો હતો. તેથી તેણે તાત્કાલિક વાહનને રસ્તાની એક બાજુએ પાર્ક કર્યું હતું અને બસમાં રહેતા મુસાફરોને બહાર નીકળી જવાની ચેતવણી આપી હતી. બસમાં આગની જાણ થતા ઘટના સ્થળે ફાયરબ્રિગેડ બે ફાયર એન્જિન અને એક વોટર ટેન્કર સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ફાયરબ્રિગેડે લગભગ ૨૫થી ૩૦ મિનિટમાં આગને કાબુમાં લાવવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારબાદ કૂલિંગ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આગમાં બસ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. સદ્નસીબે આગમાં કોઈને ઈજા થઈ નહોતી આગનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી અને તપાસ ચાલી રહી હોવાનું ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું.

## યુવા શક્તિ એ જ રાષ્ટ્ર શક્તિઃ અણ્ણા હઝારે

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી દેશભરમાં 'કોકરોચ જનતા પાર્ટી' ખૂબ ચર્ચામાં છે. સોશિયલ મીડિયા પર કરોડો ફોલોઅર્સ મેળવીને યુવા પેઢીને આકર્ષિત કરનાર આ પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે પણ લાઈમલાઈટમાં છે.

વાસ્તવમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત દ્વારા એક સુનાવણી દરમિયાન બેરોજગાર યુવાનો અંગે કરવામાં આવેલા નિવેદન બાદ, આ કટાક્ષરૂપી રાજકીય ચળવળની શરૂઆત થઈ છે. વરિષ્ઠ સામાજિક કાર્યકર અણ્ણા હજારેએ પણ 'કોકરોચ જનતા પાર્ટી' અંગે પ્રતિક્રિયા આપી હતી. 'ભલે તેમને કોકરોચ' કહેવામાં આવ્યો હોય અને 'કોકરોચ' નામ યોગ્ય ન લાગતું હોય તેમ છતાં આ કોકરોચ જનતા પાર્ટીની પાછળ ખૂબ મોટી સંખ્યામાં યુવાનો આવીને ઊભા રહ્યા છે, તે વધુ મહત્વનું છે.

યુવા શક્તિ એ જ રાષ્ટ્ર શક્તિ છે. તેથી સરકારે તેમના તરફ દુર્લક્ષ ન કરવું જોઈએ. સરકારે તેમનો અનાદર કરવાને બદલે તેમને પ્રોત્સાહન આપવું જોઈએ એવું અણ્ણા હઝારેએ જણાવ્યું હતું.

## સંસ્થા સમાચાર

### ધી બૉમ્બે સિટી એમ્બ્યુલન્સ કોર્પ્સ દ્વારા બેઝિક ફર્સ્ટ એઇડ કોર્સ

ધી બૉમ્બે સિટી એમ્બ્યુલન્સ કોર્પ્સ દ્વારા સંચાલિત જમશેદજી ટાટા એમ્બ્યુલન્સ કોલેજના નેજા હેઠળ, અંગ્રેજી માધ્યમમાં બે મહિનાનો બેઝિક ફર્સ્ટ એઇડ કોર્ષ ૮ જૂન ૨૦૨૬થી ૬ ઓગસ્ટ ૨૦૨૬ સુધી અઠવાડિયામાં બે વાર, સોમવારે અને ગુરુવારે સાંજે ૬થી ૮ વાગ્યા સુધી તે ૨૧, ન્યુ મરીન લાઇન્સ મુંબઇ-૪૦૦૦૨૦, (બોમ્બે હોસ્પિટલ ગેટ નં.૫ની બાજુમાં) યોજાશે. આ કોર્ષમાં પ્રવેશ મેળવવા માંગતા લોકોએ રવિવાર સિવાય દરરોજ સાંજે ૫થી ૮. વાગ્યા સુધી કોલેજના કમાન્ડન્ટને ફોન કરી વધુ વિગતો જાણવી. પ્રવેશ માટેની છેલ્લી તારીખ ૬ જૂન ૨૦૨૬ છે.

### મુંબઇ હોલસેલ હોઝિયરી મર્ચન્ટ્સ એસોસિયેશનની વાર્ષિક સામાન્ય સભા સંપન્ન

મુંબઇ : મુંબઇ હોલસેલ હોઝિયરી મર્ચન્ટ્સ એસોસિયેશન વતી, તેલંગ રોડ પર સ્થિત માટુંગા ગુજરાતી સેવા સંઘ મંડળ સંકુલ (માટુંગા પશ્ચિમ રેલવે) ખાતે વાર્ષિક સામાન્ય સભા (અક્ષ્ખ) યોજાઇ હતી. આ કાર્યક્રમમાં બધા સભ્યો અને પદાધિકારીઓ હાજર રહ્યા હતા. એસોસિયેશનને લગતી તમામ બાબતો અંગેનો ઠરાવો પર ચર્ચા કરવામાં આવી હતી અને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. સેક્રેટરી સુનિલ ખુંટેટાએ સભાને સંબોધિત કરી હતી. એસોસિયેશનના પ્રમુખ મોતીમણિ સિંહે સભામાં હાજર રહેલા તમામ લોકોનો આભાર માન્યો હતો. ઉપપ્રમુખ ગુલામ મોહમ્મદ બિલાલ અને બાલાસાહેબ બી. કુપેકર, ખજાનચી મુકેશ જૈન, સંયુક્ત સચિવ રવિ દોડેજા અને અન્ય તમામ પદાધિકારીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. એસોસિયેશનના પ્રમુખે પ્રસ્તાવ મૂકયો કે સંગઠનને લગતી બાબતોમાં સુધારા અંગેના નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યો હતો.



### દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓનાં નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) જીતેન્દ્ર મઠ મિશ્રા | ૨,૦૦,૦૦૦ |
| ૨) ફાલ્ગુની સાહા | ૨,૭૦,૦૦૦ |
| ૩) ઈકબાલ ખાન | ૯૦,૦૦૦ |
| ૪) વૈદેહી માંડવકર | ૬૦,૦૦૦ |
| ૫) નૂર મંડલ | ૧૫,૦૦૦ |
| ૬) અનીસુર રહેમાન | ૧,૦૦,૦૦૦ |
| ૭) જમ્પા ગુચૈત | ૫૦,૦૦૦ |
| ૮) સુખેન બિસ્વાસ | ૭,૦૦,૦૦૦ |
| ૯) લક્ષ્મી રોય | ૬૦,૦૦૦ |
| ૧૦) પુષ્પા પિગલ જી.સી | ૭૦,૦૦૦ |
| ૧૧) સુનિતા દેવી | ૫૦,૦૦૦ |
| ૧૨) કિરણ સિંગ | ૧,૦૦,૦૦૦ |
| ૧૩) જુબરાજ સરકાર | ૨૫,૦૦૦ |
| ૧૪) અનુરાયા બેગમ | ૭૦,૦૦૦ |
| ૧૫) સોમા ચક્રવર્તી | ૭૦,૦૦૦ |
| ૧૬) સંધ્યા સાહા | ૧,૦૦,૦૦૦ |
| ૧૭) જયંતિ સુત્રધાર | ૧,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૮) શૌર્ય સોનુ સિંહ | ૧,૬૦,૦૦૦ |
| ૧૯) સાન્વી અમોલ મોરે | ૯૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૨૦) રેયાંશ યોગેશ કોકારે | ૧૧,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

છેલ્લા પાનાનું ચાલુ

## એકનાથ શિંદે પછી

રહી છે.

### ગિરીશ મહાજન પણ દિલ્હીમાં

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તાત્કાલિક દિલ્હી જવા રવાના થયા હતા. જોકે તેઓ વિધાનસભા પરિષદની બેઠકોની વહેંચણી અંગે દિલ્હી ગયા હતા કે અન્ય કારણોસર તે હજુ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી, પરંતુ તેમની દિલ્હી મુલાકાતથી રાજ્યમાં અનેક અટકળો શરૂ થઈ ગઈ છે. તેમના પગલે ભાજપના પ્રધાન ગિરીશ મહાજન દિલ્હી જવા રવાના થયા હતા. વિધાન પરિષદની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં રાજ્યમાં રાજકીય ગતિવિધિઓએ વેગ પકડ્યો છે. ભાજપના સંકટમોચક ગણાતા ગિરીશ મહાજન શિંદેને અનુસરીને દિલ્હી જવા રવાના થયા એ બાબતને મહત્ત્વની માનવામાં આવી રહી છે.

### બેઠકો માટેનો ઝઘડો ચાલુ છે

ગિરીશ મહાજને રવિવારે જણાવ્યું હતું કે તેઓ દિલ્હી જઈ રહ્યા છે, પરંતુ તેમણે એવું પણ નિવેદન આપ્યું હતું કે હું ટિકિટ માટે નથી જતો. વિધાન પરિષદ માટે અરજીઓ દાખલ કરવાની પ્રક્રિયા સોમવારથી શરૂ થશે અને દિવસો ઓછા હોવાથી, બેઠકો માટેના વિવાદને ઉકેલવા માટે નેતાઓ દિલ્હીના દરબારમાં જવાની ચર્ચા છે. સૂત્રોએ એવી માહિતી આપી છે કે શિવસેના તરફથી એકનાથ શિંદે અને ભાજપ તરફથી ગિરીશ મહાજન દિલ્હીમાં વિધાન પરિષદની બેઠકો અંગે પોતાનો કેસ રજૂ કરશે.

### શિવસેનાને જોઈએ સાત બેઠક

એવું જાણવા મળ્યું છે કે પ્રારંભિક વાતચીતમાં ચર્ચા કરાયેલ ફોર્મ્યુલામાં કુલ ૧૭ બેઠકોમાંથી ૧૨ ભાજપ, શિવસેના ૩ અને એનસીપી ૨ બેઠકોની ગોઠવણ કરવામાં આવી હતી. બીજી તરફ શિવસેના રાજ્યમાં સાત બેઠકો લડવા પર મક્કમ છે અને હવે એવી માહિતી આવી રહી છે કે ભાજપ ફક્ત ત્રણથી ચાર બેઠકો આપવાની તૈયાર છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે વિધાન પરિષદની બેઠકોનો વિવાદ હવે દિલ્હીના દરબારમાં ઉકેલાશે. નાશિક અને જળગાંવની વિધાન પરિષદની બેઠકો પર ભાજપ અને શિવસેના વચ્ચે ખેંચતાણ જોવા મળી રહી છે.

## મુંબઈમાં ઝરમર વરસાદ

આવતા નવી મુંબઈ, મીરા રોડ સહિત થાણેમાં સવારના સમયમાં હળવો વરસાદ વરસી ગયો હતો. સવારના કારણે થોડા સમય માટે સવારના ઠંડક પ્રસરી ગઈ હતી. જોકે બાદમાં ફરી તાપમાન ઊંચુ ગયું હતું. ઘણા દિવસોથી થાણેમાં તાપમાન ૪૦ સેલ્સિયસને પાર કરી ગયું હતું. દરમ્યાન રવિવારે વહેલી સવાર ૩-૩૦ વાગ્યાની આસપાસ છૂટાછવાયા ઝાપટા સાથે ૦.૨૫ મીમી વરસાદ પડ્યો હતો. જે બાદ સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ ૩.૦૫ મીમી વરસાદ નોંધાયો હતો. એક કલાક બાદ સવારે ૮-૩૦ વાગ્યાની આસપાસ ફરી છૂટોછવાયા વરસાદી ઝાપટા પડી ગયા હતા. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણેમાં ૨૪ કલાકમાં શહેરમાં કુલ ૩.૫૫ મીમી વરસાદ નોંધવામાં આવ્યો છે.

## ઘનસોલી શાફ્ટમાં

ઉતારવામાં આવ્યું હતું. બંને મશીનો હવે અંતિમ એસેમ્બલી અને કમિશનિંગ ટ્રાયલમાંથી પસાર થશે. આયોજન મુજબ, જુલાઈ ૨૦૨૬ ના પહેલા અઠવાડિયામાં તેમની પ્રારંભિક ડ્રાઇવ શરૂ કરવાની યોજના છે.

૧૩.૬ મીટર વ્યાસ ધરાવતું આ કટરહેડ ખાસ કરીને એક જ ટનલ ખોદવા માટે બનાવવામાં આવ્યું છે, જેમાં હાઇ-સ્પીડ રેલ કોરિડોરની અપ અને ડાઉનબંને લાઇન એકસાથે કાર્ય કરી શકે છે. આ અત્યાધુનિક યુનિટ ૮૪ કટર ડિસ્ક, ૧૨૪ સ્ક્રેપર્સ અને ૧૬ બકેટ લિપ્સથી સજ્જ છે, જે ખડકો કાપીને કાટમાળને અત્યંત કાર્યક્ષમતાથી દૂર કરે છે.

અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટ માટે બંને અત્યાધુનિક ટીબીએમ મળી ગયા છે, જેમાંથી ટીબીએમ-૧ નું વજન ૩૦૮૦ ટન અને ટીબીએમ-૨ નું વજન ૩૧૮૪ ટન છે. બંને મશીનોના કટરહેડનો વ્યાસ એક સમાન છે. તેઓ મિક્સ શીલ્ડ અને સ્લરી-આધારિત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કાર્ય કરે છે. દરેક ટીબીએમની કુલ લંબાઈ ૯૫.૩૨ મીટર છે. તેમાં કટર વ્હીલ્સ, મુખ્ય બેરિંગ્સ, જડબાના ક્રશર્સ, ઇરેક્ટર્સ, મુખ્ય શીલ્ડ, ટેઇલ શીલ્ડ અને ટનલ બાંધકામ કામગીરી માટે ચાર વિશિષ્ટ ગેન્ટ્રી જેવા અત્યાધુનિક ઉપકરણોનો સમાવેશ થાય છે. આ મશીનો મહત્તમ કટરહેડ ચાર આરપીએમની ગતિ અને ૪૯ મીમી પ્રતિ મિનિટ સુધી ખોદકામ ક્ષમતા સાથે કાર્ય કરી શકે છે. આનાથી ટનલ બાંધકામનું કાર્ય સુરક્ષિત રીતે નિયંત્રિત અને સુસંગત રીતે પૂર્ણ થઈ શકશે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન તબક્કાવાર રીતે કાર્યરત થશે. પ્રથમ તબક્કો ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭ સુધીમાં સુરત અને બીલીમોરા વચ્ચે શરૂ થવાની અપેક્ષા છે. જોકે, સમગ્ર મુંબઈ-અમદાવાદ રૂટને ૨૦૨૯ સુધીનો સમય લાગી શકે છે. આ ટ્રેન મુંબઈ-અમદાવાદ વચ્ચેનું ૫૦૮ કિમિનું અંતર બે કલાકમાં પૂર્ણ કરશે.

## મુલુંડ ડમ્પિંગની

પર પ્રક્રિયા થઈ ગઈ હતી. જોકે આ દરમ્યાન ખાડી દેશમાં ચાલી રહેલા યુદ્ધને કારણે ડીઝલની અછત સર્જાઈ હોવાથી પ્રોજેક્ટને મોટો ફટકો પડ્યો હતો.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ બાયો-માઇનિંગ અને કચરાના પ્રોસેસિંગ માટે જરૂરી ભારે મશીનરીના કામકાજ પર બળતણની અછત સર્જાઈ હતી. ચાર વખત મુદત પહેલાથી જ મંજૂર કરી હતી, તેથી કોન્ટ્રાક્ટરને બાકીનું કામ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. હવે ફરી એક વખત મુદત લંબાવવામાં આવશે નહીં. અમને અપેક્ષા છે કે આગામી દિવસોમાં બાકી રહેલું ૧૫ ટકા કામ પૂર્ણ થઈ જશે, ત્યારબાદ આ વર્ષે લગભગ ૬૦ એકર જમીન પાછી મેળવવામાં આવશે.

મુંબઈમાં દરરોજ લગભગ ૭,૦૦૦ મેટ્રિક ટન કચરો ઉત્પન્ન થાય છે, જેમાંથી ૯૦ ટકા કચરો કાંજુરમાર્ગ પ્રોસેસિંગ પ્લાન્ટમાં પ્રોસેસ કરવામાં આવે છે અને ૧૦ ટકા હજુ પણ દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં નાખવામાં આવે છે. ૨૪ હેક્ટર મુલુંડ સાઇટ, જે ૧૯૬૮ થી કાર્યરત હતી અને એક સમયે શહેરની બીજી સૌથી મોટી લેન્ડફિલ હતી તેને ૨૦૧૮ માં સત્તાવાર રીતે બંધ કરવામાં આવી હતી. તે વર્ષે ઓક્ટોબરમાં પાલિકાએ બાયો-માઇનિંગ દ્વારા સાઇટને ફરીથી મેળવવા માટે રૂ. ૭૩૧ કરોડનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો, જે કચરા પર પ્રક્રિયા કરવા અને જમીન પુનઃપ્રાપ્ત કરવા માટે એક પર્યાવરણને અનુકૂળ પદ્ધતિ છે. જોકે કોવિડ-૧૯ ને કારણે અને મંજૂરીઓમાં વિલંબને કારણે વાસ્તવિક કાર્ય ૨૦૨૧ માં જ શરૂ થયું હતું. મુંબઈમાં મુલુંડ અને દેવનારમાં બે મુખ્ય મહત્વના ડમ્પિંગ ગાઉન્ડ છે, જ્યાં હાલમાં રિમેડિશન કાર્ય ચાલી રહ્યું છે. જ્યારે મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં બાયો-રિમેડિશન પૂર્ણ થવાના આરે છે, ત્યારે પાલિકા પ્રશાસને દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં લગભગ ૧૮૫ લાખ ટન કચરાના રિમેડિશન માટે સ્વીકૃતિ પત્ર પણ જારી કર્યો છે.

## એનડીએ સરકાર

નથી.' મુખ્ય પ્રધાન નાગપુરમાં ગોડમ લોજિસ્ટિક્સ પાર્કના ઉદ્ઘાટન પ્રસંગે પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે પ્રદેશના ઉત્પાદન ક્ષેત્રને અત્યાધુનિક લોજિસ્ટિક્સ પાર્કથી ઘણો ફાયદો થવાનો છે, જેનું કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી સાથે તેમણે ઉદ્ઘાટન કર્યું હતું.

'જો આપણે તાજેતરના વિકાસ પર નજર કરીએ તો, અમે અમલમાં મૂકેલી વ્યાપક લોજિસ્ટિક્સ નીતિએ નાગપુરને રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ હબમાં ફેરવી દીધું છે. અહીં બનાવવામાં આવી રહેલા લોજિસ્ટિક્સ પાર્ક ઓપરેશનલ ખર્ચમાં ઘટાડો કરશે,' એમ ફડણવીસે કહ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતીય વ્યવસાયોને આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ થવા માટે ખર્ચ ઘટાડવા જરૂરી છે.

'જો આપણે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવા માગતા હોઈએ અને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં સ્થાન મેળવવા માગતા હોઈએ, તો લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવો જરૂરી છે. આજે આપણે આ પ્લેટફોર્મ દ્વારા આ જ સક્ષમ બનાવી રહ્યા છીએ,' એમ પણ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

## ભાજપની બંધ બારણે મળેલી બેઠક

મુખ્યત્વે જળગાંવના ભાજપના વિધાનસભ્ય સુરેશ ભોલે, વિધાનસભ્ય મંગેશ ચવ્હાણ અને સાંસદ સ્મિતા વાઘ હાજર રહ્યા હતા. બધા જ જનપ્રતિનિધિઓએ ગિરીશ મહાજન સમક્ષ એવી માંગણી કરી છે કે ભાજપે કોઈપણ સંજોગોમાં જળગાંવ વિધાન પરિષદની બેઠક પર ચૂંટણી લડવી જોઈએ. આ બેઠકમાં એવું જાણવા મળ્યું હતું કે જળગાંવમાં ભાજપની મોટી તાકાત છે અને પાર્ટી પાસે ૧૦ થી વધુ રસ ધરાવતા ઉમેદવારો મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે.

**શિવસેનાના દાવાને કારણે ભાજપ સાવધ**

શિવસેના શિંદે જૂથે પણ જળગાંવ વિધાન પરિષદની બેઠક પર પોતાનો મજબૂત દાવો રજૂ કર્યો છે. શિવસેનાના ગુલાબરાવ પાટીલે જાહેરમા એવી માંગ કરી છે કે આ બેઠક શિવસેનાને આપવામાં આવે અને પ્રતાપરાવ પાટીલને ઉમેદવારી આપવામાં આવે. માહિતી બહાર આવી રહી છે કે ભાજપે તાત્કાલિક આ આંતરિક બેઠક યોજી હતી અને ઘટક પક્ષે સીધો આ બેઠક પર દાવો કર્યો હોવાથી તેની રણનીતિ બનાવવાનું શરૂ કર્યું હતું.

આ બેઠક પછી મીડિયા સાથે વાત કરતા મંત્રી ગિરીશ મહાજને દાવો કર્યો હતો કે મહાયુતિમાં કોઈ વિવાદ નથી. જોકે, તેમણે સ્પષ્ટ સંકેત આપ્યો હતો કે ભાજપ જલગાંવ બેઠક પર આગ્રહી છે. અમે રાજ્યમાં મહાયુતિ તરીકે સાથે મળીને લડી રહ્યા છીએ. વરિષ્ઠ નેતાઓ બેઠક વિતરણ પર નજીકથી નજર રાખી રહ્યા છે અને ત્રણેય પક્ષોના ટોચના નેતાઓ સાથે બેસીને તેની ચર્ચા કરશે. કુલ ૧૭ બેઠકોની વહેંચણીનો પ્રશ્ન છે, કોણ ક્યાંથી ચૂંટણી લડશે તેના આધારે બેઠકોનું વિતરણ કરવામાં આવશે.

## સોનાના વેપારી સાથે

કંપની સાથે સંકળાયેલા હોવાનું તે સમયે આરોપીએ કહ્યું હતું.

એક્ઝિબિશનમાં બિંદુએ અઢી કરોડ રૂપિયાના હોલમાર્કવાળા સોનાના દાગીનાની પસંદગી કરી હતી. આ દાગીના ફરિયાદીની કંપનીએ આપ્યા પછી આરોપીની કંપની દ્વારા તાત્કાલિક નાણાં ચૂકવી દેવામાં આવ્યાં હતાં. શરૂઆતમાં સમયસર નાણાં ચૂકવીને આરોપીએ ફરિયાદનો વિશ્વાસ સંપાદન કર્યો હતો.

બાદમાં ડિસેમ્બર, ૨૦૨૫થી જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન પાંચ વખત ફરિયાદીની કંપનીને ઑર્ડર આપીને ૧૪.૧૫ કરોડ રૂપિયાના દાગીના આરોપીએ મેળવ્યા હતા. આ દાગીનાની રકમ આરોપીએ નક્કી કરેલી તારીખ સુધી ચૂકવી નહોતી. આ બાબતે સંપર્ક સાધવામાં આવતાં બિંદુ અને સેલ્વાકુમાર કાશીરાજન વારંવાર સમય માગીને નાણાં ચૂકવવાનું ટાળી રહ્યાં હતાં, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

દાગીનાની કિંમત ચૂકવવામાં મોડું થતાં તેની ભરપાઈ તરીકે વધારાની રકમ આપવાની તૈયારી આરોપીએ દર્શાવી હતી. એ મુજબ ૧૫.૩૪ કરોડ રૂપિયાનો ચેક ફરિયાદીને આપવામાં આવ્યો હતો. જોકે ચેક બાઉન્સ થતાં આરોપીની કંપની દ્વારા પેમેન્ટ રોકવામાં આવ્યું હોવાનું બૅન્ક અધિકારીએ ફરિયાદીને કહ્યું હતું. આરોપી દ્વારા છેતરપિંડી કરાઈ હોવાની ખાતરી થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસ ફરિયાદ થતાં આરોપી દ્વારા ૨૯ એપ્રિલ સુધીમાં રકમ ચૂકવી દેવાનું સોગંદનામું આપવામાં આવ્યો હતો. તેમ છતાં માત્ર પચીસ લાખ રૂપિયા ફરિયાદીને આપવામાં આવ્યા હતા. બાકીની રકમ ચૂકવાઈ ન હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

## મધ્ય રેલવેમાં ૨૯ મેથી

જોવા મળશે, જેથી લાંબી મુસાફરી કરનારા પ્રવાસીઓને થોડા દિવસો સુધી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ પ્લેટફોર્મ સીએસએમટી સ્ટેશનના ૧૬ અને ૧૭ નંબરના પ્લેટફોર્મ પર ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત વિવિધ કામગીરીને પાર પાડવામાં આવશે.. આ રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ આરએસડીએ અંતર્ગત કરવામાં આવી રહ્યો છે, જેથી આ રેલવે બ્લોક ૧૦ દિવસ સુધી લંબાવવામાં આવ્યો છે.

મધ્ય રેલવેના અહેવાલ અનુસાર ૨૯મી મેથી ૧૦ દિવસના બ્લોકના કારણે પ્રવાસીઓએ પ્રવાસ પહેલા પોતાની ટ્રેનના સમયપત્રકથી અપડેટ રહેવું પડશે, ત્યાર બાદ જ આગળનો પ્રવાસ કરવો. મધ્ય રેલવેના જણાવ્યા મુજબ આ ટ્રેનો બ્લોક પિરિયડ દરમિયાન નીચે મુજબ દાદર સ્ટેશન પર આવશે. આ ઉપરાંત મેંગ્લુરુ એક્સપ્રેસ ટ્રેનને થાણેમાં શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે, જ્યારે અમુક ટ્રેનોને દાદરમાં શોર્ટ ટર્મિનેટ કરાશે, જે સીએસએમટી સુધી પહોંચશે નહીં.

- ૧૨૧૧૨ અમરાવતી, સીએસએમટી એક્સપ્રેસ
- ૧૧૦૦૨ બલ્લરશાહ, સીએસએમટી નંદીગ્રામ એક્સપ્રેસ
- ૧૨૮૧૦ હાવરા, સીએસએમટી એક્સપ્રેસ
- ૧૧૦૨૦ ભુવનેશ્વર, સીએસએમટી કોણાર્ક એક્સપ્રેસ
- ૨૨૧૪૪ બીદર, સીએસએમટી એક્સપ્રેસ
- ૨૨૧૦૮ લાતુર, સીએસએમટી એક્સપ્રેસ
- ૨૨૧૨૦ મડગાંવ, સીએસએમટી તેજસ એક્સપ્રેસ

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

**વૈષ્ણવ વાણીયા**

સ્વ. મુકેશભાઈ હરનાથભાઈ શાહના ધર્મપત્ની ગં.સ્વ. દક્ષાબેન મુકેશભાઈ શાહ (ઉ.વ.૭૦) તા. ૨૩-૫-૨૬, શનિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.તેઓ સ્વ.વીણાબેન મહેન્દ્રભાઈ મણીયારના સુપુત્રી. રમણીક, સુધા, સ્વ. રેખા અને દીપકના મોટા બહેન. ગં.સ્વ. પ્રવિણાબેન મહેન્દ્રભાઈ મહેતાના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા ઝારોળા વણિક**

રોહિત મોહનલાલ મોદી (ઉં. વ. ૮૨) તે અંજલિના પતિ. નીરવ, પરીન, મેહુલના પિતા. ભાવના, જીગ્ના તથા નીલમના સસરા. નવીનભાઇ, માધુરીબેન, વિલાસબેન, મનુબહેન, વસુબહેન, તારાબહેન, દેવીબહેન, રંભાબહેન અને સરયુબહેનના ભાઇ. સાનિયા, હિત, ગિરીશા, યગ્ન અને ટન્વીના દાદા. શનિવાર, તા. ૨૩-૫-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૫-૫-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, પારેખ લેન, એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ બોરીવલી નિવાસી રમેશભાઇ (ઉં. વ. ૮૦) તા. ૨૩-૫-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.પાર્વતીબેન કાંતિલાલ ચંદારાણાના સુપુત્ર. સુનંદાબેનના પતિ. જીજ્ઞેશ, નૈનેષ અને મેઘના ફેનીલકુમાર માણેકના પિતા. તે વિભૂતી, નિયતી અને ફેનીલકુમારના સસરા. ગં. સ્વ. સરોજબેન, ભાનુબેન ,ભારતીબેન, અ. સૌ. સ્વ. રમિલાબેન, અ. સૌ. પૂર્ણિમાબેન અને રાજેશભાઇના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૫-૨૬ના સાંજે ૫થી ૭. ઠે.સનરાઇઝ બેન્કવેટ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, શ્રીજી મહેલ, આનંદીબાઇ કાલે કોલેજ પાસે, સાંઇબાબા નગર, બોરીવલી (પશ્ચિમ).

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના અમૃતલાલ શાંતીલાલ ગોસર (ઉં.વ. ૭૭) ૨૩-૫-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. રતનબેન શાંતીલાલના પુત્ર. સ્વ. વિમળાબેન/ચંચળબેનના પતિ. વિક્રમ, વિશ્વા, જયના પિતા. પંકજના ભાઇ. મંજલ રેલડીયાના હીરબાઇ ખીંયશી, સણોસરાના વાલબાઇ મુરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિક્રમ ગોસર, ૪૫૦૫, એસ્પેન, રૂનવાલ સેન્ચુરી, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ).

વાંકીનાં રંજનબેન ધરમશી છેડા (ઉં.વ.૭૯) તા.૨૨-૫-૨૬ના અવસાન પામેલ છે. ગોમીબેન હેમરાજના પુત્રવધુ. ધરમશીના પત્ની. જયશ્રી, જયેશ, ધીરેનના માતાજી. સાકરબેન વીરજી વીરાના સુપુત્રી. હીરજી, મંજુલા, કીરણ, પ્રફુલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : ધરમશી છેડા, પ્લોટ નં. ૧૯, બ્લોક નં. ૧૫, એસ.વી.રોડ, ગોરેગામ (વે.)

સાડાઉના કમલેશ માલશી દેઢીયા (ઉં.વ.૪૮) તા. ૨૩-૫-૨૬ના અવસાન પામેલ છે. મંજુલા માલશી દેઢીયાના પુત્ર. કોમલના પતિ. દિવ્યના પિતા. જયેશ, બા.બ્ર.ચંદ્રકાંતના ભાઇ. સરલા ચુનીલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કમલેશ દેઢીયા, ૬૦૧, ફેનીલ કો.ઓ.સો., ધોબીઆળી, થાણા (વેસ્ટ).

ગોધરાના નર્મદા નેમચંદ હરિયા (ઉં.વ.૭૯) તા. ૨૩.૫.૨૬ના અવસાન પામેલ છે. મુલબાઈ દેવજી ભારમલના પુત્રવધુ. નેમચંદના પત્ની. મમતા ના માતા. નવાવાસના મુલબાઈ દેવજી રાયશીના સુપુત્રી. જયંતિલાલ, નવીનચંદ્ર, શાંતિલાલ, પાનબાઈ, ભગવતીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.નર્મદા નેમચંદ હરિયા, શાંતિ નાથ ભુવન, રૂમ ન.૨૮, બીજે માળે, શ્રદ્ધાનંદ રોડ, માટુંગા ( સે.રે.), મુ.૧૯.

**ઘોઘારી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ મીરારોડ તે સ્વ. નગીનદાસ વાલજીભાઇ શાહ તથા પ્રેમલતાબાઇ મહાસતીજીના સંસારી સુપુત્ર અરવિંદભાઇ શાહ (ઉં. વ.૮૪) તા. ૨૩-૫-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રસીલાબહેનના પતિ. અ. સૌ. પ્રીતીબેન, મનિષભાઇ, પ્રશાંતભાઇના પિતા. ભરતકુમાર મનહરલાલ શાહ, અ. સૌ. ભાવના, અ. સૌ. બિંદુના સસરા. સ્વ. કાંતિલાલ, સ્વ. ચંદ્રાબેન, અશોકભાઇ, હંસાબેન, રાજેષભાઇના ભાઇ. તે ખાંભા નિવાસી સ્વ. પ્રભુદાસ ટપુલાલ ફિફાદરાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૬-૫-૨૬ મંગળવારના સાંજે ૪થી ૬. ઠે. રાધાકૃષ્ણ બેન્કવેટ હોલ, કેસેડેલાની બાજુમાં, પૂનમ સાગર કોમ્પ્લેક્સ, મીરારોડ (ઇસ્ટ).

## મુંબઈમાં ઝરમર વરસાદ

આવતા નવી મુંબઈ, મીરા રોડ સહિત થાણેમાં સવારના સમયમાં હળવો વરસાદ વરસી ગયો હતો. સવારના કારણે થોડા સમય માટે સવારના ઠંડક પ્રસરી ગઈ હતી. જોકે બાદમાં ફરી તાપમાન ઊંચુ ગયું હતું.

ઘણા દિવસોથી થાણેમાં તાપમાન ૪૦ સેલ્સિયસને પાર કરી ગયું હતું. દરમ્યાન રવિવારે વહેલી સવાર ૩-૩૦ વાગ્યાની આસપાસ છૂટાછવાયા ઝાપટા સાથે ૦.૨૫ મીમી વરસાદ પડ્યો હતો. જે બાદ સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ ૩.૦૫ મીમી વરસાદ નોંધાયો હતો.

એક કલાક બાદ સવારે ૮-૩૦ વાગ્યાની આસપાસ ફરી છૂટોછવાયા વરસાદી ઝાપટા પડી ગયા હતા. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણેમાં ૨૪ કલાકમાં શહેરમાં કુલ ૩.૫૫ મીમી વરસાદ નોંધવામાં આવ્યો છે.

દરમિયાન મુંબઈ સહિત સંપૂર્ણ રાજ્યમાં ગરમીનો પારો ઊંચો રહ્યો હતો. રવિવારે પણ મુંબઈગરાઓ ઉકળાટ અને બફારાથી કંટાળી ગયા હતા.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

# ઘણા લોકો રાજસી તપ કરે છે, ઘણા તામસી તપ કરે છે ને ઘણા સાત્ત્વિકી તપ કરે છે



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com




આપ સૌ જાણો છો કે 'રામચરિત માનસ'માં તપનો ઘણો મહિમા ગાવામાં આવ્યો છે. હું બે પંક્તિઓ આપની સમક્ષ રજૂ કરું છું -

*તપબલ રચઇ પ્રપંચ બિધાતા*
*તપબલ બિષ્નુ સકલ જગ ત્રાતા*

તો ગોસ્વામીજી કહે છે કે તપસ્યાના બળથી આ સૃષ્ટિના નિર્માતા બ્રહ્મા આ સૃષ્ટિનું નિર્માણ કરે છે. કોઈ નિર્માણ તો કરી દે પરંતુ એનું પાલન ખૂબ જ જરૂરી છે. અને એ પાલન કરવાનું દાયિત્વ ભગવાન વિષ્ણુને સોંપવામાં આવ્યું. અને ભગવાન વિષ્ણુ પણ તપના બળથી જ બ્રહ્મા દ્વારા નિર્મિત આ સુંદર સૃષ્ટિનું પરિપાલન કરે છે. પરંતુ જે નિર્મિત થાય છે એ ક્યારેક ને ક્યારેક નષ્ટ પણ થાય છે. એ નિયતિનો ક્રમ છે. અને જ્યારે કોઈ એવી સ્થિતિ સૃષ્ટિ પર આવે છે,એવી સ્થિતિનું નિર્માણ થાય છે ત્યારે કેટલીક વસ્તુનો સંહાર પણ આવશ્યક બને છે. અને એનું દાયિત્વ કૈલાશપતિ ભગવાન મહાદેવને સોંપવામાં આવ્યું. પરંતુ ચાહે નિર્માણ હોય, ચાહે પાલન હોય મૂળમાં તપનું બળ જોઈએ.

મારા દેશવાસી અને વિશ્વવાસી ભાઈ- બહેનો, આ કોરોના કાળમાં આપણે આરોગ્યની એક નવી સૃષ્ટિ સર્જવાની છે. એક એવી દુનિયા પુન નિર્મિત કરવી હોય તો આપણે બ્રહ્માની માફક તપ કરવું પડશે. તપ દ્વારા નિર્મિત એ સૃષ્ટિનું સુંદર રૂપે પાલન કરવું હશે તો ભગવાન વિષ્ણુની પદ્ધતિથી તપ કરવું પડશે. અને અંતે એનું નિર્વાણ કરવું હશે તો પણ વિશ્વનાથ મહાદેવની માફક તપ કરવું પડશે.

મારાં ભાઈ-બહેનો, હું આટલા વર્ષોથી આપની સન્મુખ છું. ગુરુકૃપાથી મારા પણ કેટલાક અનુભવ છે; એને આધારે હું કહેવા માગું છું કે તપના પ્રભાવથી માણસમાં ત્રણ વસ્તુ આવે છે. તપના પણ ત્રણ પ્રકાર છે. ઘણા લોકો રાજસી તપ કરે છે. ઘણા લોકો તામસી તપ કરે છે. ઘણા લોકો સાત્ત્વિકી તપ કરે છે. ત્રણેયના પરિણામ જુદા જુદા છે. મને લાગે છે કે આજના સમયમાં, આજના સંદર્ભમાં તપ સાત્ત્વિક હોવું જોઈએ. અને એ સાત્ત્વિક તરફથી આપણે ત્રણ બાબત પ્રાપ્ત કરી શકીએ છીએ. એક તો આપણી અંદર આપણે પ્રામાણિકતાની સૃષ્ટિ સર્જી શકીએ છીએ. મારા ફ્લાવર્સ, સાચી તપસ્યાનું ફળ છે હૃદયમાં પ્રામાણિકતાની સૃષ્ટિનું સર્જન થવું. સાત્ત્વિક તપસ્યાનું બીજું ફળ છે, જે પ્રામાણિકતા આપણા અંતઃકરણમાં આપણા સાત્ત્વિક તપ દ્વારા પ્રગટ થઈ છે એનું પરિપાલન થશે. અને પરી પાલન થયું છે કે નહીં એનું પરિણામ એ છે કે ભીતર પ્રામાણિકતાની સૃષ્ટિ નિર્મિત થઈ જાય તો આપણા જીવનમાં પવિત્રતા પેદા થાય છે. જેવી રીતે માણસના ગળામાં કફ હોય તો એનો સુર, સ્વર બરાબર પ્રગટ નથી થતો; કફ નીકળી જાય તો સુંદર સ્વર નીકળશે; એવી રીતે પ્રમાણિકતા ન હોવાને કારણે, પ્રામાણિકતાની સૃષ્ટિ આપણે નિર્માણ ન કરી શકીએ અને એ કારણે આપણી ભીતરી સૃષ્ટિ પવિત્રતાનું ફળ નથી પામી શકતી. તો તપના બળથી આપણે પવિત્રતા અર્જિત કરી શકીએ છીએ. અને મને લાગે છે કે એક વાર પ્રમાણિકતા આવી જાય, પવિત્રતાનું પાલન થઈ જાય ત્યારબાદ આપણા જીવનમાં આઠે પહોર પ્રસન્નતા જ રહી શકે છે. તો સાત્ત્વિક તપના પ્રભાવથી જે ત્રીજું પરિણામ આવે છે એ છે પ્રસન્નતા. જગતગુરુ શંકરાચાર્ય ભગવાને ક્યારેક કહ્યું છે કે પ્રસન્નચિત્તે પરમાત્મ દર્શનમ જ્યારે માણસનું ચિત્ર પ્રસન્ન થાય છે તો એને પરમાત્માનું દર્શન થાય છે એટલે કે પરમાત્માની મહેસૂસી થાય છે. અને કેટલીક બાધાઓને કારણે પ્રસન્નતા નથી આવતી. પ્રસન્નતાની બાધાઓ છે કક્ષાથી વધારે અપેક્ષાઓ. આપણી અપેક્ષાઓ, બીજા પ્રત્યેથી આપણી એટલી ઈચ્છાઓ, એટલે કામનાઓ આપણી પવિત્રતાને અકબંધ નથી રાખવા દેતી, એવું હું સમજ્યો છું. આપણે પરિણામલક્ષી પવિત્રતાનું નિર્માણ નથી કરી શકતા એના માટે કેટલીક વસ્તુઓનું નિર્વાણ જરૂરી છે. અને વિશ્વનાથ શિવની કૃપાથી આપણી એ અનંત કામનાઓનું નિર્વાણ થાય છે.


મારાં ભાઈ - બહેનો, આવો, આ તપસ્યાનું જે પર્વ છે, એ તપસ્યાના પર્વમાં; આપણે આજે કળિયુગમાં મસ્તક ટેકવીને ઊભા રહીને તપસ્યા કરવાની જરૂર નથી; ચારે બાજુ અગ્નિ જલાવીને વચ્ચે પંચધૂણી તાપવાની જરૂર નથી; આપણી જાતને ખીલા પર સુવડાવવાની જરૂર નથી; આપણા દેશ પર કોરડા મરીને દંડિત કરવાની જરૂર નથી. આજના દેશ કાળ અનુસાર, કળિયુગ અનુસાર આપણું સાત્વિક તપ હોય, જે આપણા અંતઃકરણમાં પ્રામાણિકતાને સૃષ્ટિનું નિર્માણ કરે અને પછી વૈષ્ણવી તરફથી આપણે પવિત્રતાનું નીરવહન કરીએ,પાલન કરીએ અને પછી કરુણામય શિવના શૈવ તપથી નિર્વાણ કરીએ. આપણે પ્રસન્નતારૂપી ઉપલબ્ધિને આ કામનારૂપી વસ્તુ રોકે નહીં, તોડી ન નાખે એટલા માટે એનું શૈવ તપસ્યાથી નિર્વાણ કરીએ. રાષ્ટ્રીય તપસ્યાના પર્વમાં આપણે બધાં આવું તપ કરીએ.

(સંકલન જયદેવ માંકડ)■

મનન

હેમંત વાળા
feedback@bombay samachar.com

## ક્ષમી- સંતુષ્ટઃ



ગીતાના બારમા અધ્યાય ભક્તિયોગમાં ભક્તનું વિગતે વિવરણ કરવામાં આવ્યું છે. ભક્ત કેવો હોય તે એક બાબત છે અને કેવો ભક્ત ઈશ્વરને પ્રિય હોય તે અન્ય બાબત છે. ભક્તિ તો ઘણાં કરે પરંતુ ઈશ્વરને પ્રિય હોય તેવાં ભક્ત તો કોઈક જ બની શકે. આ અધ્યાયના તેર અને ચૌદમાં શ્લોકમાં જણાવ્યું છે કે 'જે સર્વ ભૂતોનો દ્વેષ ન કરી બધાં સાથે મિત્રભાવે વર્તન કરે છે, જે કરુણાસભર છે, મોહ અને અહંકાર રહિત છે, સુખ દુઃખને સમાન માનનાર છે, ક્ષમા કરવા વાળો છે, સંતુષ્ટ એટલે કે સંતોષી છે, યોગનિષ્ઠ છે, મનને વશમાં રાખવા સમર્થ છે, દ્રઢ નિશ્ચય વાળો છે અને મારામાં અર્પણ કરાયેલા મન બુદ્ધિ વાળો છે; તે ભક્ત મને પ્રિય છે'. આ એક અદ્ભુત વિધાન છે.

મજાની વાત એ છે કે આ જ અધ્યાયના ઓગણીસમા શ્લોકમાં 'સંતુષ્ટ'નો ફરીથી ઉલ્લેખ થાય છે. અહીં જણાવવામાં આવ્યું છે કે 'સંતુષ્ટો યેન કેનચિત્' અર્થાત્ જે કંઈ પ્રાપ્ત થાય તેનાંથી સંતુષ્ટ રહેનાર. આ બાબત એ વાત તો સ્પષ્ટ કરે છે કે 'સંતુષ્ટ'નું કેટલું મહત્ત્વ છે. અહીં સમજવાની વાત એ છે કે ગીતામાં અમુક વાતો બહુ સૂક્ષ્મતાથી પરંતુ અદ્ભુત રીતે કહેવામાં આવી છે. ગીતાના બારમા અધ્યાય ભક્તિયોગના તેરમા શ્લોકનો છેલ્લો શબ્દ છે ક્ષમી. તે પછીનાં શ્લોકનો પ્રથમ શબ્દ છે સંતુષ્ટ. આ ક્ષમી અને સંતુષ્ટ વચ્ચેનું સમીકરણ અદ્ભુત છે.

સંતુષ્ટ રહેવા માટે જે કંઈ મળી રહે તેનાથી પૂરેપૂરો સંતોષ માનવો પડે. બની શકે કે વ્યક્તિ જેને લાયક હોય તે તેને મળી રહે; પરંતુ દર વખતે આ શક્ય નથી હોતું. ક્યારેક લાયકાત કરતાં ઓછું પણ મળી શકે અને વિપરીત પણ મળી શકે. અન્ય કોઈક ને ક્યારેક લાયકાત કરતાં વધુ પણ મળી જાય અને વાસ્તવમાં જેની લાયકાત હોય તે રીક્ત રહે. બની શકે કે આવાં સંજોગોમાં ઉદ્વેગ થાય, અજંપો અનુભવાય, દુઃખ થાય, નિરાશા વ્યાપી જાય, ક્યારેક ક્રોધ પણ આવી શકે, એકવાર ધર્મ અને સત્યના માર્ગને છોડવાની ઈચ્છા પણ થઈ આવે, સાત્વિક શ્રદ્ધા તેમજ આત્મવિશ્વાસ ડગી શકે, સંસારનાં વ્યવહાર માટે પ્રશ્નો ઊભાં થાય અને ક્યારેક ઈશ્વરના ન્યાય વિશે પણ શંકા જાગે. આધ્યાત્મના માર્ગ પર જનાર વ્યક્તિ માટે આ પરિસ્થિતિ અતિ નકારાત્મક તેમજ ચિંતાજનક કહેવાય.

સંતોષ આવશ્યક છે, સંતુષ્ટી જરૂરી છે. પરંતુ જ્યારે મનમાં આ પ્રકારની શંકા ઊભી થાય ત્યારે શું કરવું તેનું માર્ગદર્શન આગળના શ્લોકના છેલ્લાં શબ્દમાં છે, અને તે છે 'ક્ષમી'. માફ કરવું જરૂરી છે, ક્ષમા આપવી જરૂરી છે. ઈશ્વરમાં શ્રદ્ધા અને તેની સૃષ્ટિના નિયમોમાં વિશ્વાસ આવશ્યક છે, જો તે ખંડિત થાય તો અત્યાર સુધી પ્રાપ્ત કરેલી પ્રગતિ પણ શૂન્યવત બની રહે. એ સ્વીકારવું જ પડે કે જે કંઈ ઘટના ઘટીત થઈ છે ઈશ્વરનો એ ન્યાય છે, સૃષ્ટિનાં સિદ્ધાંતને આધારિત સ્થાપિત થયેલું પરિણામ છે, સૃષ્ટિની એક વિસ્તૃત યોજનાનો ભાગ છે અને તે બધાં સાથે ઘટીત થયેલ ઘટના તટસ્થ - નિષ્પક્ષ - સંતુલિત પ્રકૃતિનાં નિયમનો એક નાનકડો અંશ માત્ર છે. આ પ્રકારની સમજ, જ્ઞાન પ્રગટ થતાં જ ભ્રમણા નાશ પામે. અવિદ્યા દૂર થતાં જ મોહ - માયા - અહંકાર લુપ્ત થાય. ગહન અને વિસ્તૃત સત્ય પ્રતિત થતાં આગળનાં સમય માટેની માનસિકતા સકારાત્મક બને જેનાથી આગળનો ઇચ્છનીય રસ્તો પ્રશસ્ત થાય.

ક્ષમા એટલા માટે નથી આપવાની કે વ્યક્તિ પોતે બહુ સમર્થ હોવા છતાં સમજુ અને વિનમ્ર છે. ક્ષમા એટલા માટે આપવાની છે કે ક્યારેક વર્તમાનમાં કે ભૂતકાળમાં પોતે પણ ભૂલ કરી હોય તે શક્ય છે અને કદાચ વર્તમાનમાં તેનો હિસાબ થતો હોય. ક્ષમા એટલા માટે આપવાની છે કે જે કંઈ પરિસ્થિતિ સ્થાપિત થઈ છે તે ઈશ્વરની ન્યાય વ્યવસ્થાના એક ભાગ સમાન હોય છે. ઈશ્વરની આ ન્યાય વ્યવસ્થાનો તાગ મેળવવાની ક્ષમતા માનવીની નથી. કોઈની સમક્ષ ફરિયાદ કરવાની કોઈ સંભાવના ન હોવાથી કે પ્રત્યક્ષ સ્વરૂપે કોઈ ફરિયાદ સાંભળનાર ન હોવાથી ક્ષમા નથી આપવાની, સૃષ્ટિના અગમમાં મન બુદ્ધિ ચિત અહંકારનો પ્રવેશ અસંભવ હોવાથી ક્ષમા આપવાની છે. બની શકે કે ક્ષમા આપીને જે માનસિક સ્થિતિ પ્રાપ્ત થાય તેનાંથી ઘણી વાસ્તવિકતા સમજમાં પણ આવી જાય; ત્યાં સુધી મન પર એક પ્રકારનું અસ્વિકૃતિનું આવરણ ચઢેલું રહે.

માની લીધેલી વિપરીત પરિસ્થિતિ પછી પણ જો વ્યક્તિ 'ક્ષમી' બની રહે પછી આપમેળે સંતોષ પ્રગટે. સંતોષ સ્થાપિત થતાં અંતઃકરણનું પ્રત્યેક સ્વરૂપ શાંત થાય અને સત્ય-યુક્ત સૃષ્ટિના સિદ્ધાંત તરફ નજર જાય. સત્ય જાણમાં આવતાં, સત્ય પ્રતિત થતાં, સત્યનો અનુભવ થતાં બધી જ ફરિયાદો જાણે દૂર થઈ જાય. પછી શું પ્રાપ્ત થયું કે શું ગુમાવ્યું, શેનો લાભ થયો અને ક્યાં નુકસાન થયું, શું યોગ્ય જણાતું હતું અને શું અયોગ્ય જણાતું ઘટીત થયું, ક્યાં ન્યાયનું અસ્તિત્વ જણાવ્યું અને ક્યાં અન્યાયનો સ્વીકાર જરૂરી બન્યો - તે બધું જ અસાંદર્ભિક બની રહે. પછી કોઈ પ્રકારનું લગાવ કે આગ્રહ બાકી ન રહે. પછી કોઈ પ્રકારની કામના કે અપેક્ષા શેષ ન વધે. પછી જાણે કે 'હું અને મારું'ની સ્થિતિ જ ઉત્પન્ન ન થાય. સંતુષ્ટ રહેવા માટે, સંતુષ્ટી સ્થાપિત થાય તે માટે આ ભૂમિકા બહુ જ મહત્ત્વની છે.

ક્ષમા અને સંતુષ્ટી વચ્ચેનું સમીકરણ અદ્ભુત છે. કોઈપણ પરિસ્થિતિ પૂર્ણતઃ 'ઈચ્છાનુસાર'ની નથી હોતી. તેથી જ સંતુષ્ટી શબ્દ ગીતામાં 'ક્ષમી' શબ્દ આવે છે. ■

# તમે મારા ગુરુ છો, તમે આદેશ આપ્યો હોત તો હું સાવધ થઈ જાત...

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com



કામધેનુ સ્વર્ગલોકનો ત્યાગ કરી ચાલી ગઇ છે એ વાતની જાણ સપ્તઋષિઓને થાય છે. તેઓ દેવરાજ ઇન્દ્રને મળવા સ્વર્ગલોક પહોંચે છે. દેવરાજ ઇન્દ્રને જોતાં જ કહે છે, 'દેવરાજ ઇન્દ્ર તમે સંસારના કલ્યાણ માટે કામધેનુને સ્વર્ગલોક લઈ ગયા હતા, પણ અમને ખબર પડી છે કે કામધેનુ સ્વર્ગમાં નથી. ક્યાં ગઈ કામધેનુ.' દેવરાજ ઇન્દ્ર તેમને જવાબ આપતાં કહે છે, 'સપ્તઋષિ! તમે ચિંતા ન કરો, કામધેનુ તુરંત આવી જશે, મારા સૈનિકો શોધી જ રહ્યાં છે.' ઘણો સમય વીતી જવા છતાં સૈનિકો પરત ન આવતાં સપ્તર્ષિ ક્રોધિત થતાં કહે છે કે, 'દેવરાજ ઇન્દ્ર તમે આટલા બેદરકાર કઈ રીતે થઈ શકો? કામધેનુ ક્યાં છે એ તમને ખબર નથી, કામધેનુની સુરક્ષાની જવાબદારી તમે લીધી હતી.' ગભરાયેલા દેવરાજ ઇન્દ્ર કહે છે, 'જવાબદારી તો મેં લીધી જ હતી, કોઈ કષ્ટ કે તકલીફ એને અહીં નહોતા, અસુરોએ સ્વર્ગલોક પર એટલો કાળો કેર વર્તાવ્યો કે કામધેનુ એટલી દુઃખી થઈ કે એણે સ્વર્ગનો ત્યાગ કર્યો, એમાં દેવતાઓનો કોઈ હાથ નથી. અમે દેવતાઓ એટલા પીડાયા તો કામધેનુ તો પશુ છે.'

કામધેનુને પશુ કહેતાં જ સપ્તર્ષિ વધુ ક્રોધિત થાય છે અને કહે છે, 'દેવરાજ ઇન્દ્ર કામધેનુ માતા સ્વરૂપી છે તેને પશુ કહી તેમની દિવ્યતાનું અપમાન ન કરો.' માફી માગતા દેવરાજ ઇન્દ્ર કહે છે, 'ક્ષમા આપો સપ્તઋષિ, કહેવાનો અર્થ એ હતો કે અસુરો દ્વારા થયેલા હુમલાથી હું એટલો વ્યાકુળ છું કે હું શું બોલું છું એની જાણ મને રહેતી નથી, કામધેનુનું અપમાન કરવાનો મારો કોઈ ઈરાદો નથી, પણ હું તમને આશ્વાસન આપું છું કે તમારી કામધેનુ અવશ્ય પાછી આપીશ.' દેવરાજ ઇન્દ્ર તુરંત તેમના દેવગણો સાથે કામધેનુને શોધવા નીકળી પડે છે, કામધેનુ ક્યાંય ન મળતાં થાકી હારેલા દેવતાગણ બ્રહ્મલોક પહોંચે છે અને બ્રહ્માજીને કહે છે, 'પરમપિતા તમને તો ખબર જ હશે કે થોડા દિવસ પહેલાં અસુરોએ સ્વર્ગલોક પર આક્રમણ કર્યું હતું ત્યારે મારી જાણબહાર તેઓ કામધેનુને પોતાની સાથે લઈ ગયા હતા અને હવે કામધેનુ ક્રોધિત થઈ સ્વર્ગલોકને ત્યાગી ક્યાંક જતાં રહ્યાં છે, પરમપિતા તમે જ અમને સહાય કરી શકો.'

* * * * * *

બ્રહ્માજીઃ 'દેવરાજ તમારે એ વિચાર કરવો જોઇએ કે કામધેનુએ સ્વર્ગનો ત્યાગ શું કામ કર્યો?'

દેવરાજઃ 'તમે દેવગણોને પૂછી શકો છો મારી કોઈ ભૂલ નથી. પરમપિતા તમે તો ત્રિકાળદર્શી છો, તમને તો ખબર જ હશે કે કામધેનુ ક્યાં છે?'

બ્રહ્માજીઃ 'મને ખબર છે તમારી ઉપેક્ષા જ કારણભૂત છે કામધેનુને સ્વર્ગનો ત્યાગ કરવા. તમારી ઉપેક્ષાથી અસંતોષાઈને કામધેનુએ સ્વર્ગ છોડી દીધું છે.'

દેવરાજઃ 'ઋષિગણ (સપ્તર્ષી) સ્વર્ગ લોક ખાતે મારી રાહ જોઈ રહ્યા છે મને સહાય કરો. કામધેનુને શોધી તેમને સોંપવાનું મેં એમને વચન આપ્યું છે.'

બ્રહ્માજીઃ 'દેવરાજ તમે આપેલા વચન માટે તમે શું પ્રયત્ન કર્યા એ જણાવશો?'

માતા સરસ્વતીઃ 'સ્વામી, આ કેવો સવાલ છે, દેવરાજ સ્વર્ગ છોડી અહીં સુધી આવ્યા એ શું તેમનો પ્રયત્ન નથી.'

દેવરાજઃ 'બ્રહ્માજી મારી સહાય કરો, હું એ ભયમાં છું કે કામધેનુ ક્યાંક ખોટા હાથમાં ન આવી જાય.'

બ્રહ્માજીઃ 'દેવરાજ, તમે ગૌમાતા કામધેનુનું અપમાન કર્યું છે, હું તમને કોઈ મદદ નહીં કરું.'

નારાજ દેવરાજ ઇન્દ્ર ફરી સ્વર્ગલોક પહોંચે છે ત્યાં સપ્તર્ષિ (ઋષિગણ) તેમની રાહ જોતા હોય છે.

સપ્તર્ષિઃ રદેવરાજ ક્યાં છે અમારી કામધેનુ?'

દેવરાજ ઇન્દ્રઃ 'માફ કરો ઋષિગણ, હાલ હું કામધેનુને શોધી નથી શક્યો, દેવતાગણ દરેક દિશામાં તેમને શોધી રહ્યા છે.'

સપ્તર્ષિઃ 'દેવરાજ તમે અમારી પરીક્ષા ન લો, અમે તમને શાપ આપીએ તે પહેલાં કામધેનુને શોધી લાવો.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'માફ કરો ઋષિગણ, દેવતાઓ કામધેનુને શોધી જ રહ્યા છે, થોડા જ સમય તેઓ શોધી લાવશે.'

સપ્તર્ષિઃ 'દેવગુરુ બૃહસ્પતિ તમારા શબ્દોને માન આપી અમે અહીંથી જઈએ છીએ, કામધેનુની ભાળ મળતાં જ અમને સોંપવામાં આવે.'

આટલું કહી સપ્તર્ષિ (ઋષિગણ) ત્યાંથી વિદાય લે છે. એ જોઈ દેવરાજ ઇન્દ્ર સ્વસ્થતા અનુભવે છે.

દેવરાજ ઇન્દ્રઃ 'ગુરુદેવ તમે પણ મારો સાથ છોડી દીધો?'

દેવગુરુ બૃહસ્પતિઃ 'દેવરાજ આ સમસ્યા ક્યારેય નિર્માણ ન થાત... મેં તમને વારંવાર તમારી જવાબદારીઓ પ્રત્યે સભાન કરવાની કોશિશ કરી જોઈ પણ તમે દર વખતે મારા માર્ગદર્શનનો અસ્વીકાર કર્યો.'

દેવરાજ ઇન્દ્રઃ 'તમારે આદેશ આપવો જોઇએ, તમે મારા ગુરુ છો, તમને પૂરો અધિકાર છે મને આદેશ આપવાનો. તમે આદેશ આપ્યો હોત તો હું સાવધ થઈ જાત.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'દેવરાજ જો તમને યોગ્ય લાગે તો એટલું જણાવીશ કે કામધેનુને ચાર પુત્રીઓ છે. એમાં સૌથી જ્યેષ્ઠ સૌરભી ઉર્ફે નંદિની પૂર્વમાં નિવાસ કરે છે. બીજી હર્ષચિકા દક્ષિણમાં નિવાસ કરે છે, ત્રીજી સુભદ્રા પશ્ચિમમાં નિવાસ કરે છે અને ચોથી ધેનુ ઉત્તરમાં નિવાસ કરે છે.'

દેવરાજ ઇન્દઃ 'દેવગુરુ હું સમજી ગયો કે કામધેનુ તેમની ચારેય પુત્રીમાંથી કોઈપણ એક પાસે અવશ્ય મળશે. મને આશિર્વાદ આપો કે હું તેમને શોધવામાં સફળ થાઉં.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'દેવરાજ, યાદ રાખો કે કામધેનુને શોધવી અગ્રક્રમે છે પણ ત્યારબાદ પંચતત્ત્વ દેવતાઓને શોધવા આવશ્યક છે.'

દેવરાજ ઇન્દ્રઃ હાલ પંચતત્ત્વ દેવતાઓમાં સૂર્ય દેવ, અગ્નિદેવ, પવનદેવ, ચંદ્રદેવ અને વરુણદેવ દરેક જણ પોતાની જવાબદારી પૂર્ણપણે નિભાવી રહ્યા છે એટલે તેઓ સુરક્ષિત છે એટલું આપણે સમજી જ શકીએ, પહેલાં આપણે કામધેનુને શોધી લઈએ એ વધુ મહત્ત્વનું છે.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'દેવરાજ થોભો, પંચતત્ત્વ દેવતાઓની અનુપસ્થિતમાં હું તમને એકલા નહીં છોડી શકું, હું પણ તમારી સાથે આવું છું.'

પ્રસન્ન દેવરાજ ઇન્દ્ર દેવગુરુ બૃહસ્પતિ સાથે કામધેનુને શોધવા નીકળી પડે છે. (ક્રમશઃ)■

# કોણ હતી આ દ્રૌપદી?

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombay samachar.com

વિરાટ રાજાની રાણીએ શૃંગારદાસી સૈરન્ધ્રી તરીકે ગુપ્ત વેશે આવેલ દ્રૌપદીને જોઈને તરત પૂછી લીધું, 'તું કોણ છે, ભદ્રે, દાસી તો ન જ હોય. તું યક્ષી છે, દેવી છે, ગાંધર્વી છે કે અપ્સરા? તું કોણ છે?' આ જ દાસીવેશમાં મ્લાન દ્રૌપદીને જોઈને વિરાટ રાજાનો સેનાધિપતિ કીચક મુગ્ધ બની ગયો, પૂછ્યું, 'હે શુભે, દેવરૂપા અને હૃદયને ગમી જાય એવી તું કોણ છે?' સિંધુરાજ જયદ્રથનો દૂત કોટિકાસ્ય પણ વનમાં દ્રૌપદીને જોઈને પોતાના રાજા વતી પૂછી બેઠો, 'આવી દેહકાંતિથી ઝગમગતી અનુપમ રૂપવતી વીજળી જેમ નીલ મેઘને પ્રકાશમાન કરે, તેમ વનને શોભાવતી તું કોણ છે? પવનથી ડોલતી ઝગમગતી અગ્નિજ્વાળા જેવી તું દેવી છે, દેવપત્ની છે કે વળી નાગરાજકન્યા છે?' પોતે કોણ છે એ જાણવા મથતી દ્રૌપદીની કથા ઘણી લાંબી છે.



દ્રૌપદીને સમજવા તેની કથા જ્યાંથી શરૂ થાય છે તે મહાગ્રંથ મહાભારતમાં જવું પડે. ત્યાર પછી આ અનોખી સ્ત્રીની વાત આખાયે દેશમાં જુદી જુદી રીતે ફેલાઈને આપણી સમક્ષ આવે છે. પૌરાણિક ગ્રંથો, બૌદ્ધ અને જૈન પરંપરાઓ, લોકકથાઓ, ઉપકથાઓ હોય કે મૂળ સંસ્કૃત મહાભારતની સ્થાનિક આવૃત્તિઓ હોય - દ્રૌપદીનું પાત્ર આપણી સામે અનેક રૂપે આવે છે અને આ પાત્ર આપણી સમક્ષ સમકાલીન પણ બની રહે છે. દ્રૌપદીની વ્યથા અને વેદનાની વાત - એક સ્ત્રીની વાત રૂપે સમગ્ર ભારતીય સ્ત્રી સમાજમાં અપનાવાઈ ગઈ છે. સમકાલીન સાહિત્યકારોએ આ વાત પોતપોતાની રીતે મૂલવી છે.

કોણ હતી આ દ્રૌપદી? જ્યાંથી હજી ઈતિહાસ અને દંતકથા જુદાં પડ્યાં નથી તે અતિ પ્રાચીન સમયના ધૂંધળા વાતાવરણમાં એક પાત્ર વિશેષ રૂપથી દેદીપ્યમાન છે, તે છે દ્રૌપદી. યુગોથી તેનું નામ વીસરાયું નથી. પરંપરાથી ભારતની પાંચ મહાસતીઓમાં તેનું નામ આજે પણ પ્રાતઃ સ્મરણીય લેખાય છે. અહલ્યા, સીતા, તારા અને મંદોદરી સાથે દ્રૌપદી એ પાંચ મહાસતીઓ છે, જેનાં નામ સ્મરણથી પાપ નાશ પામે છે. (ક્રમશઃ)■

# લખિયા નહીં તો મટે, જવ તલ નહીં તો ઘટે...

અલખનો ઓટલો
ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com


ભારતીય સનાતન ધર્મમાં કોઈ એક જ શાસ્ત્રગ્રંથ- દર્શન- ક્રિયાકાંડ-આચારસંહિતા-વિધિ વિધાનોનું બંધન નહોતું. વૈદિક ઋષિ-મુનિઓ દ્વારા પ્રકૃતિનાં ગ્રહો, નક્ષત્રો, તારાઓ, અગ્નિ, આકાશ, વાયુ, જળ, પૃથ્વી, વૃક્ષો, પહાડો, પશુ-પક્ષીઓ ઉપરાંત તમામ ચીજો-પદાર્થોનું પૂજન અને અર્ચન કરવામાં આવતું. એ પછીના ગાળામાં ઉપનિષદ્કાળમાં જ્ઞાન-તત્ત્વચિંતન-બ્રહ્મચિંતન-સાધના-ઉપાસનાનો યુગ શરૂ થયો. પછી બ્રાહ્મણગ્રંથો- દર્શનો- સંહિતાઓ સાથે યજ્ઞ-યાગ-હવનનો પ્રવાહ શરૂ થયો અને ત્યાર બાદ આવ્યાં વિવિધ પુરાણો.

જેમાં શૈવ, વૈષ્ણવ, શાક્ત, સૌર, ગાણપત્ય જેવી ધારાઓનાં અનેક પુરાણો રચાયાં. પણ ભારતીય સંસ્કૃતિમાં તો તમામ વિચારધારાઓને - વેદમાન્ય હોય કે વેદબાહ્ય... સમાન સ્વીકૃતિ મળતી રહી. આ વિકાસયાત્રામાં જુદાજુદા વિચારકો, તત્ત્વચિંતકો, સાધુઓ, સંતો, યોગીઓ, કર્મ કે સેવામાર્ગીઓએ પોતપોતાની રીતે સમગ્ર સમાજનું કલ્યાણ થાય એવી કેડીઓ કંડારી આપી.

સંપૂર્ણ સૃષ્ટિની માનવજાતને માટે સત્ય, અહિંસા, દયા, કરૂણા, પ્રેમ, ભ્રાતૃભાવ, ત્યાગ,વિદ્યાઉપાસના જેવાં તત્ત્વોથી આપણો ભારતીય સનાતન ધર્મ વિકસતો રહ્યો. એણે બહારથી આવનારી વિવિધ ધર્મ-સંસ્કૃતિઓનો પણ આદર કરીને એનાં સારાં તત્ત્વોનો પોતાના ધર્મમાં સ્વીકાર કર્યો.

આજે ધર્મ તથા સાહિત્યને સર્વજન સુલભ બનાવનારાં સાધનો-પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો, રેડિયો, ટીવી, ફિલ્મ, કેસેટ્સ, સીડી, ઈન્ટરનેટ, જાહેર કાર્યક્રમો વધતાં જ રહ્યાં છે એટલે સત્ત્વશીલ સાહિત્યની સાથે રાજસી અને તામસી પ્રકૃતિના સાહિત્યનો પણ બહોળો પ્રચાર-પ્રસાર થયા કરે છે.

કેટલાક અપવાદોને બાદ કરતાં સ્થાયી મૂલ્ય ધરાવનારા, શાશ્વત ટકી શકે એવા, ભવિષ્યના સમસ્ત માનવજાતના હિતનો વિચાર કરનારા અને જેને પ્રશિષ્ટ કે સાત્ત્વિક કહી શકીએ એવા સાહિત્યનો અંશમાત્ર નજરે નથી ચડતો એ જોઈને કોઈપણ વિચારશીલ મનુષ્યને ચિંતા થાય. એટલે તો મૂળદાસજીએ ગાયેલું-



*વૈરાગ્યના પદને વિઘન આડા ઘણાં, કઠણ બંધ કામના કોક છૂટે,*
*કનક ને કામિની ચોકી આડી શ્યામની, રામની રમતને એ જ લૂંટે...*
*એવા વૈરાગ્યના પદને વિઘન આડા ઘણાં, કઠણ બંધ કામના કોક છૂટે....૦*
*પ્રવૃત્તિને વળગિયો ભગતિ ભૂલી ગિયો, નારીએ નેણને બાણ માર્યો,*
*જોગ લીધા પછી ભોગ ઈચ્છા ધરે, હાથ આવેલ બાજી એમ હાર્યો ...*
*એવા વૈરાગ્યના પદને વિઘન આડા ઘણાં, કઠણ બંધ કામના કોક છૂટે....૦*
*કામનું મૂળ તો જાણવી કલપના, કરમ ને ભરમની ગાંઠ બાંધે,*
*શીલ સંતોષના ચોબા દીધા વિના, જનમ ને મરણના રોગ વાધે...*
*એવા વૈરાગ્યના પદને વિઘન આડા ઘણાં, કઠણ બંધ કામના કોક છૂટે....૦*
*મૂળ વૈરાગ્યમાં મન જેનું ગળી ગિયું, અચળ એ વાસનામાં નહીં ડોલે,*
*મૂળદાસ કહે જે સંત સમજ્યા ખરું, વેદના વાક્યમાં ઈ ચિત્ત જોડે...*
*એવા વૈરાગ્યના પદને વિઘન આડા ઘણાં,કઠણ બંધ કામના કોક છૂટે....૦*
*બધું જ પરમાત્માને આધિન છે, એ વાત મોરારસાહેબ આ રીતે કહે છે...*
*લખિયા નહીં તો મટે, જવ તલ નહીં રે ઘટે, સાધુ ભાઈ રે, લખિયા નહીં તો મટે..*
*દશ રથ ચોકી તળાવની, સરવર પાણીડાં ભરે,*
*તાકી માર્યો તિરડો , પછી આંધળાં રૂદન કરે ..*
*સાધુ ભાઈ રે, લખિયા નહીં તો મટે...૦*
*રામ ને લખમણ દોનું બાંધવા, વનમાં ગમન કરે,*
*કાળમુખો એક આવ્યો રાવણો, સતી સીતાને હરે..*
*સાધુ ભાઈ રે, લખિયા નહીં તો મટે...૦*
*લાખ રે ઘોડારની સાયબી રે, માથે ચમર ઢળે ,*
*હરિશ્ચંદ્ર સરિખા રાજીયા, નીચ ઘેર પાણીડાં ભરે..*
*સાધુ ભાઈ રે, લખિયા નહીં તો મટે...૦*
*પારાધી એ બાંધ્યો ફાંસલો, હરણી વનમાં ફરે,*
*પૂરવના પાપ આવી મળ્યાં, તે આવી ફંદમાં પડે..*
*સાધુ ભાઈ રે, લખિયા નહીં તો મટે...૦*
*દાસ રે મોરારની વિનતી, કોક ગુરુજીનું ધ્યાન ધરે,*
*દોહ્યલી વેળાનાં આવજો સ્વામી બિરુદ તુમ વડે..*
*સાધુ ભાઈ રે, લખિયા નહીં તો મટે...૦* ■


# હું શાંતિ ને સત્યનો ઉપદેશક છું

સંગમતીર્થ સંત
હરીશ વટાવવાળા
feedback@bombaysamachar.com

સંત શ્રી ગૌરીશંકર પણ એમની પરાવાણીથી સૌનાં મન અને હૃદયને જીતી લેતા હતા.

તેઓ માનતા કેઃ 'ઈશ્વરે મને કોઈક નિશ્ચિત કાર્ય કરવા માટે પેદા કર્યો છે. ઈશ્વરે જે કામ મને સોંપ્યું છે, તે મારે કરવાનું છે. એ જ મારું જીવનધ્યેય છે. કદાચ આ જન્મે હું તે કાર્ય પૂર્ણ ન કરી શકું અથવા તો જાણી ન શકું તો તે કાર્ય પછીના જન્મમાં પણ પૂર્ણ કરીશ. આવતા જન્મમાં મારે કરવાનાં કાર્યો ઈશ્વર મને જણાવશે. હું તેના કાર્ય માટે જ છું. દેવ જેમ સ્વર્ગમાં કાર્ય કરે છે, તેવાં જ કાર્યો કરવા મને અહીં પૃથ્વી ઉપર મોકલ્યો છે. જો હું મને સોંપવામાં આવેલ કાર્યમાં નિષ્ફળ જાઉં તો તે ઈશ્વર મારા સ્થાને બીજાને ઉત્પન્ન કરશે, પણ મારા કાર્યમાં મારે ભાગ ભજવવાનો છે. હું તો માત્ર સાંકળમાંનો અંકોડો જ છું. વ્યક્તિઓને જોડનારી માત્ર કડી જ છું. મને ઈશ્વરે કશા ઉપયોગ વિનાનો પેદા કર્યો નથી. હું ભૂલ કરતાં કરતાં પણ ઈશ્વર પ્રેરિત કાર્યો કરતો રહીશ. હું શાંતિ અને સત્યનો ઉપદેશક છું. હું ઈશ્વરની આજ્ઞા પ્રમાણે જ કાર્ય કરીશ અને વર્તીશ.'

દૂધમાં સાકર મેળવીએ તો દૂધની મધુરતા વધી જાય છે. તેમ સંતની જ્ઞાનવાણી સાંભળવાથી આપણા જ્ઞાનમાં વધારો થાય છે. આપણે શબ્દનું મૂલ્ય સમજીએ છીએ. શબ્દબ્રહ્મના 'નાદબ્રહ્મ'માં જે સંત વિચરણ કરે છે તે સતત 'સમાધિયોગ'માં રહેતા હોય છે. જેને નાદનું અનુસંધાન થાય છે તે પરમ દિવ્યપદના અધિકારી બને છે. સંત રવિદાસજીએ એક પદમાં કહ્યું છેઃ



**ઝળહળ જ્યોત અખંડિત ઝળકે,**
**અનહદ નાદ બજાયા હૈ.**

સંત શ્રી ગૌરીશંકર મહારાજની રહેણીકરણી સાવ સાદી હતી અને તેઓ તે અસંગી હતા. તેમને તો સત્યનામ-પરમાત્માનું નામ અત્યંત પ્રિય હતું, જેમ કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પણ તેને પાણીનો સંગ થતો નથી. એ સંસારમાં રહેવા છતાં પણ સંસારથી વિરક્ત હતા. ગુરુવચને કૃષ્ણસ્મરણ અને ભાગવત્ભક્તિ તેમના માટે મહત્ત્વનાં હતાં. તેમણે ક્યારેય ગુરુવચનનું ઉલ્લંઘન કર્યું નથી, જે ગુરુવચનનું ઉલ્લંઘન કરતા નથી તેવા શિષ્ય પોતે તો સંસારસાગર તરી જાય છે અને બીજાને પણ તારે છે.

નામસ્મરણનો મહિમા સમજાવતાં સંત શ્રી ગૌરીશંકર મહારાજ કહે છેઃ 'આ શરીર માટી અર્થાત્ પંચભૂતોનું બનેલું છે. એક દિવસ તે પણ માટીમાં જ મળવાનું છે. પવનમાં જેમ પવન સમાઈ જાય છે તેમ તે પણ માટીમાં સમાઈ જવાનું છે, અગ્નિમાં બળીને રાખ થઈ જવાનું છે. શરીરનાં પાંચે તત્ત્વો પોતપોતાના કારણમાં સમાઈ જવાનાં છે. આ શરીર મિથ્યા છે, સંસારની માયા મિથ્યા છે, સંસાર મિથ્યા છે, સ્ત્રી-સંતાનો બધાં વળગણ છે. આખો સંસાર મિથ્યા ભૂતજગત પર વિશ્વાસ કરી રહ્યો છે. જે મિથ્યા છે તેને આપણે સત્ય સમજી બેઠા છીએ. માટે આ બધાંથી અલિપ્ત થઈ ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું, ભાગવતના શ્રોતા બનવું, વાંચવું, વંચાવવું એ જ સત્યનો માર્ગ છે, આત્મોન્નતિનો માર્ગ છે. એક વખત સ્મરણનો મહિમા સમજાશે ત્યાર પછી એનો અમલ ઊતરતો નથી, બલકે સવાયો થતો જાય છે. આ અમલ જેને ચઢે છે તે સંસાર તરી જાય છે. એટલે જ કહ્યું હશે : 'રામ અમલમાં રાતામાતા.'

સદ્ગુરુની પ્રાપ્તિ થતાં જેમ અગ્નિમાં સોનું નાખીએ તો તે ઓગળે તો ખરું પણ શુદ્ધ ન થાય. શુદ્ધ તો ત્યારે જ થાય તેમાં 'સુહાગો' મેળવીએ તો જ શુદ્ધ થાય છે. તે રીતે સિદ્ધવસ્થાને પામેલા સદ્ગુરુની પ્રાપ્તિ થતાં આત્માને પરમાત્મા તરફ જવાનો રસ્તો પ્રાપ્ત થાય છે. આત્મા-પરમાત્મામાં ભળી જાય છે, જીવમાંથી શિવ થઈ જવાય છે અને આત્મા શુદ્ધ થઈ જાય છે.

સદ્ગુરુ કબીરજીએ એમના એક દોહરામાં કહ્યું છેઃ

**રામ ઝરોખે બૈઠ કે, સબકા મુજરા લેય,**
**જૈસી જિસકી ચાકરી, તૈસા તિસકો દેય.**

અર્થાત્ઃ

'પરમાત્મા સ્વમહિમારૂપી ઝરૂખામાં બેસીને બધાંનાં લેખાં-જોખાં લેતા રહે છે. જેવી જેની ચાકરી અર્થાત્ જેવું જેનું મન, જેવું જેનું કર્મ તેવું જ તેને ફળ મળે છે.'

નામસ્મરણનો મહિમા તો જે સિદ્ધાવસ્થાને પામ્યા છે એ ગુરુ જ સમજાવી શકે. એ મહિમા સમજાયા પછી તૃપ્તિ અને સંતોષનો ઓડકાર આવી જાય છે.


એક દિવસ રાત્રિના સમયે સંત શ્રી ગૌરીશંકર મહારાજ નિદ્રાગ્રસ્ત સૂઈ રહ્યા હતા. ભર ઊંઘમાં એક સંત તેમના સ્વપ્નમાં હાજર થયા. તેમના આગમનથી ચારે તરફ પ્રકાશપુંજ ફેલાઈ ગયો. તેમની આંખો અંજાઈ ગઈ. તેમણે આશીર્વાદ આપતાં કહ્યુંઃ 'બેટા, તું બડા ભાગ્યવાન હૈ, ભગવાન શ્રીકૃષ્ણ તેરે દ્વારા અનેક કલ્યાણકારી કામ કરાયેંગે. તેરા નામ સંસાર મેં અમર હો જાયેગા...' આ ધ્વનિ સાંભળતાં જ તેઓ જાગી ગયા અને જોયું તો એક પ્રકાશપુંજ ઘરના મંદિર તરફ જઈ રહ્યો હતો. અહીં ભક્ત અને ભગવાનનું મિલન થયું અને એમણે આ પદ ગાયુંઃ

**રૂપ તમારું સોહામણું શામળિયા રે,**
**સુંદર મુખડું સોહે રૂપાળું શામળિયા રે,**

સંત શ્રી ગૌરીશંકર મહારાજ રૂઢિગત કે રૂઢિજડ સંત નહોતા તેમના તો રોહિત, હરિજન, બ્રાહ્મણ, મુસ્લિમ એમ સર્વે વર્ણોના શિષ્યો હતા, જેને કારણે રૂઢિચુસ્ત સામે ઉહાપોહ પણ કરતા હતા. તેમનો ચહેરો તેજસ્વી અને સૌમ્ય હતો. સતત કાર્યશીલ, જ્ઞાનપિપાસુ અને જ્ઞાનરસિક સાધુ હતા. તેમની વાણી, વર્તન અને કાર્યમાં સતત સાધુત્વ પ્રકટતું હતું. સરળ પ્રકૃતિ, વિશાળ હૃદય, માયાળુ સ્વભાવ, પરોપકારવૃત્તિ અને હસમુખ છતાં ગંભીર વદન, માયાળુ છતાં સ્વભાવે તીખા અને પોતાનું જ ધાર્યું થાય તેવી વૃત્તિવાળા, દુશ્મન સાથે પણ સમભાવ રાખતા. કોઈના પ્રત્યે દ્વેષ, વેરવૃત્તિ, દુર્ભાવ કે કઠોર વચન પણ ઉચ્ચારતા નહોતા. શ્રી ગૌરીશંકરના ત્રીજા પુત્ર શ્રી લાભશંકર ત્રિવેદી તેમનું સ્મરણ કરતાં કહે છેઃ 'મારા સદ્ગુરુ અને જન્મદાતા એવા પિતાશ્રીનું સ્મરણ કરતાં હું ધન્ય ધન્ય થઈ જાઉં છું. તેઓ તો પરોપકારની મૂર્તિ સમા, દુશ્મન ઉપર પણ આશીર્વાદ વરસાવી ઉપકાર કરતા એવા સરળ, નિષ્કપટ સ્વભાવ, મહેનતુ અને પરગજુ સ્વભાવના હતા. નરસિંહ મહેતાની કાવ્યપંક્તિઃ 'પર દુઃખે ઉપકાર કરે તો'યે મન અભિમાન ન લાવે રે' એવા વૈષ્ણવી સ્વભાવના હતા. ઘરની સ્થિતિને અનુકૂળ થઈને સંતુષ્ટ રહેવાની કળા તેમણે સ્વભાવગત કરી હતી.' (ક્રમશઃ)■

# આધ્યાત્મના માર્ગે ઉદ્યમ જ ભૈરવ છે

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com



આપણે શરૂઆત કરી હતી શાસ્ત્રના સૂત્ર ઉદ્યમ જ ભૈરવ છે થી. ઓશો રજનીશે ભૈરવની વ્યાખ્યા સમજાવતા કહ્યું, ભૈરવ શબ્દની પરિભાષા સમજવાની જરૂર છે. 'ભ' નો અર્થ ભરણ, 'ર' નો અર્થ રવણ, અને 'વ'નો અર્થ વમન. ભરણનો અર્થ ધારણ કરવું, રવણનો અર્થ વિનાશ અને વમનનો અર્થ વિસ્તાર થાય છે. ભૈરવનો અર્થ થાય છેઃ બ્રહ્મ - જે ધારણ કરે છે, જે ટકાવી રાખે છે, જેમાં આપણે જન્મ લઈશું, અને જેમાં આપણે અદશ્ય થઈશું; જે વિસ્તરણ છે અને જે સંકોચન બનશે; જે સર્જનનું મૂળ છે, અને જેમાં વિનાશ થશે. એ મૂળ અસ્તિત્વનું નામ ભૈરવ છે.

આ સૂત્રમાં ઉદ્યમનો અર્થ સમજવો પણ મહત્ત્વપૂર્ણ છે. કેટલાક લોકો ઉદ્યમને શ્રમ સમજી લે છે, પરંતુ બંને અલગ અલગ છે. શ્રમ શરીર સાથે કરવામાં આવે છે, જેમ એક મજૂર કરે છે. ઉદ્યમ શ્રમ કરતાં શ્રેષ્ઠ છે કારણ કે તે સંપૂર્ણ એકાગ્રતા સાથે કરવામાં આવે છે, અને સફળતા પ્રાપ્ત થાય ત્યાં સુધી ચાલુ રહે છે.

જેમ સાંસારિક જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા ઉદ્યમ કરવો પડે, તેમ આધ્યાત્મિક જાતમાં મુક્તિના અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરવા પણ ઉદ્યમ કરવો જરૂરી છે. ઉદ્યમને પ્રાર્થના સમજવાની ભૂલ ન કરશો. પ્રાર્થના ઘણીવાર સ્વ-છેતરપિંડીનું એક સ્વરૂપ બની જાય છે. કેટલાક લોકો તો એવી રીતે પ્રાર્થના કરે છે જાણે તેઓ ભગવાન પર ઉપકાર કરી રહ્યા હોય. કેટલાક લોકો ફક્ત કંઈક માગવા માટે પ્રાર્થના કરે છે. કેટલાક એવી રીતે પ્રાર્થના કરે છે જાણે કે તેઓ ભગવાનને તેમની ભૂલો વિશે જણાવી રહ્યા હોય, કે અમારું વર્તન તો ઉત્તમ છે, પણ તેઓ આપણા પર કોઈ ઉપકાર કરતા નથી, અને અમારા દુષ્ટ પાડોશી પર બિનજરૂરી રીતે પોતાની કૃપા વરસાવી રહ્યા છે. શાત્રકારો આવો ઉદ્યમ કરવાનું નથી કહેતા. આ ઉદ્યમ નહીં, વ્યાપાર કહેવાય. ઉદ્યમ માત્ર આત્માના ઉદ્ધાર માટે થાય તે જ કહેવાય.

આત્મા આ સંસારમાં શરીરના કારાગારમાં કેદ થયેલો છે. ભવોભવના ફેરાની તેને સજા મળી છે, જેમ હત્યાના આરોપીને જન્મટીપની સજા મળી હોય તેમ. આ કારાગારમાંથી મુક્ત થવા માટે બહુ વિશેષ, બહુ ગહન ઉદ્યમની જરૂર પડે છે. તેથી જ તીર્થંકર ભગવાન મહાવીર કહે છે, 'સમયં ગોયમ મા પમાયે'...એક ક્ષણનો પણ પ્રમાદ ન કરીશ.

અનેક જન્મોની ગહેરી ઊંઘમાં આત્મા પડેલો છે. પહેલો ઉદ્યમ તો તેને જગાડવાનો છે. પહેલા એ જાણવાનો છે કે આપણે ભવોભવના ફેરામાં ઊંધે કાંધ પડ્યા છીએ અને આપણે તેમાંથી બહાર નીકળવાનું છે. એટલે સ્વયંને એ જણાવવાનો પ્રયાસ એ જ મહાન ઉદ્યમ છે. લાખો સંન્યાસીઓ, તીર્થંકરો, શાસ્ત્રકારોએ વારંવાર, અનેક રીતે, અનેક ભાષામાં, અનેક માધ્યમથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે, પણ આપણે જાગ્યા નહીં. આદિ શંકરાચાર્યએ જેમ કહ્યું તેમ, પુનરપિ જન્મમ, પુનરપિ મરણમ ના ચક્રવ્યૂહમાં આત્મા અભિમન્યુની જેમ અટવાયો છે.

લોકો ફરિયાદ કરે છે, અમે તો ધર્મ-કર્મ, પૂજા-ભક્તિ બધું કરીયે છીએ. પણ ફળ મળતું નથી. કેવી રીતે મળે? કોઈ અધકચરા મનથી કરે, કોઈ દેખાદેખીમાં કરે, કોઈનું મન ભટકતું હોય, ધર્મ કરવામાં જાણે શ્રમ પડતો હોય તેવી રીતે કરે, તો સંઘ કાશીએ કેમ પહોંચે? પછી એમ લાગે કે બીજાનું તો ભલું થાય છે, અમારું જ નથી થતું. આ દુનિયામાં કોઈ અન્યાય નથી. આ દુનિયામાં જે કંઈ થાય છે તે ન્યાય છે, કારણ કે અહીં ન્યાય કે અન્યાય કરવા માટે કોઈ માનવી નથી. આ સંસારના નિયમો છે અને તે નિયમોને ધર્મ કહેવાય છે.

સનાતન સંસ્કૃતિમાં તેને ઋત કહ્યો છે. તે અંતિમ કાયદો છે. તે તમારી સાથે ભેદભાવ રાખતો નથી, કોઈને નીચા પાડતો નથી અથવા કોઈને ઉપર ઉઠાવતો નથી, જે થાય છે, તે માત્ર આપણા કર્મ અને ભાવનું પરિણામ માત્ર છે. જો ઉદ્યમ સાચી દિશાનો હશે તો અધ્યાત્મના માર્ગે ઉન્નતિ થશે, અને મુક્તિના માર્ગે આગળ વધીશું, પરંતુ જો માર્ગ ભૂલ્યા હોઈશું કે ભટક્યા હોઈશું તો અધોગતિ થશે અને ફરી એ જ જન્મોજન્મના ફેરામાં અટવાશું. આપણે પેલું સનાતન સત્ય યાદ રાખવાનું છે, ઉદ્યમેન હિ સિધ્યન્તિ કાર્યાણિ ન મનોરથૈઃ ■

# ઈસ્લામની મહાન હજયાત્રાની ભક્તિભાવભરી ઝાંખી...

આચમન
અનવર વલિયાણી
feedback@bombaysamachar.com



**ઈસ્લામની ઈમારતના પાંચ આધારસ્થંભો છેઃ**

૧ - ઈમાન અર્થાત્ ઈશ્વર-અલ્લાહ પ્રત્યેની આસ્થા.

૨ - નમાજ (પ્રાર્થના).

૩ - રોજા (અપવાસ).

૪ - ઝકાત (કમાણીના ખર્ચ બાદ કરતા અમુક ચોક્કસ હિસ્સાનો ભાગ જે હાજતમંદોમાં આપવો; અને

૫ - હજ (સઉદી ખાતે આવેલા મક્કા ખાતે તીર્થ યાત્રા). જે મોમિન પૈસે ટકે પહોંચતો હોય, એને માટે ધાર્મિક દૃષ્ટિએ હજ અનિવાર્ય ગણવામાં આવેલ છે.

- માલિ એટલે પૈસે ટકે જે પહોંચી શકતો ન હોય એને માટે હજ અનિવાર્ય ગણવામાં આવેલ નથી, પરંતુ આમાંની ચાર ફરજો તો પોતાના ઘરમાં રહી રોજિંદી જિંદગીમાં પણ પૂરી કરી શકાય છે તેથી તે નામે મુસલમાન માટે અદા કરવી ફરજ ગણવામાં આવેલ છે.

* જે મોમિન હજ કરવા જેટલું ખર્ચ કરી શકે તેમ હોય તેણે જીવનમાં કમ સે કમ એકવાર તો હજ કરવી જ જોઈએ અને જે પૈસા પાત્ર છે તે એકથી વધુવાર હજ કરી શકે છે.

* હજ એક ફરજ ઉપરાંત કેવળ ધાર્મિક ક્રિયા જ છે, એવું નથી, પરંતુ એ સાથે હજ ઈસ્લામ ધર્મનો

- ઈતિહાસ, આત્મસંયમ,
- સામાજિક એકતા,
- બૌદ્ધિક વિનય અને
- માનસિક અનુશાસનનો અવસર પૂરો પાડે છે.

* હજનું પર્વ વર્ષમાં એકવાર આવે છે.

* હિલાલી (ચાંદ) વર્ષનો આખરી મહિનો ઝિલહજ અને પ્રથમ મહિનો મોહર્રમ ગણાય છે.

* હિન્દુ પંચાંગમાં દર ત્રીજા વર્ષે એક મહિનો વધારીને ચાંદ મહિનાનો ઋતુ અનુસાર મેળ કરી લે છે, પરંતુ

* મુસ્લિમ પંચાંગમાં મહિનાની વધઘટ થતી નથી એટલે.

* હિલાલી મહિનો નિશ્ચિત ઋતુ પ્રમાણે આવતો નથી. એથી રમઝાન, મોહર્રમ, ઈદુઝ ઝોહા (બકરી ઈદ) વગેરે તહેવારો ક્યારેક ચોમાસામાં, ક્યારેક શિયાળામાં તો ક્યારેક ઉનાળામાં એમ ફરતા રહે છે.

* ખરી રીતે તો હજ માટે રમઝાન ઈદ પછી જ લોકો નીકળે છે.

* મક્કાનું મહત્ત્વ કાબાના કારણે છે.

* મુસલમાન કોઈ પણ દેશમાં અને ગમે તે દિશામાં હોય, પણ તે કાબા તરફ મોં રાખીને નમાઝ પઢે છે.

* કાબા ચતુષ્કોણ આકારની ઈમારત છે.

* કહેવાય છે કે અંદાજે એની લંબાઈ ૩૯ ફૂટ અને પહોળાઈ ૩૨ ફૂટ તથા ઊંચાઈ ૫૦ ફૂટ જેટલી છે.

* કાબાનો દરવાજો સાત ફૂટ ઊંચો છે.

* એની અંદર ત્રણ સ્થંભ છે, જેના પર પૂરી છત (સિલિંગ) ઊભી છે. આ છત પર જવા માટે એક સીડી છે.

* કાબાની અંદરની છત તથા અડધી દીવાલ એક વિશાળ ગિલેફથી ઢાંકી રાખવામાં આવે છે.

* કાબાનો બહારનો ભાગ પણ ગિલેફથી ઢાંકેલો હોય છે.

* આ ગિલેફ દર વર્ષે હજ વખતે બદલવામાં આવે છે.

* પવિત્ર કાબા ખાન-એ-ખુદા (ઈશ્વરનું ઘર) કહેવાય છે.

* જે જગ્યા પર ઊભા રહીને હઝરત ઈબ્રાહીમ સાહેબે કાબાને ચણાવ્યો હતો, એ સ્થળને મુકામે ઈબ્રાહીમ કહે છે.

* કાબા અને હજયાત્રા સાથે હઝરત ઈબ્રાહીમ સાહેબના જીવનનો ઘનિષ્ટ સંબંધ છે. આપ હઝરતે પોતાના પુત્રની ખુદાના માર્ગમાં આપેલી કુરબાની ઈસ્લામ જગતની શિરોમણિ કથા છે.

* કાબાનું મહત્ત્વ હઝરત ઈબ્રાહીમ સાહેબના સમયથી વધવા પામ્યું.

* હજની પ્રથા પયગંબર મહંમદ સાહેબથી પૂર્વે અરબોમાં પ્રચલિત હતી.

* આપ હુઝૂરે અનવર (સલ.)એ મુસલમાનો માટે હજને 'ફરજ' તરીકે જાહેર કરી અને આપે ઈસ્લામી જગતને નવી રોશની આપી.

**બોધઃ**

*- મક્કામાં એક 'ગારેહિરા' નામક ગુફા છે જ્યાં મહંમદ સાહેબ નબી થયાં પહેલાં ખુદાનું ધ્યાન ધરતા હતા. આપ હુઝૂરે અનવરના અંતિમ દિવસો મદીનામાં વિતેલા ત્યાં આપની મઝારમુબારક પણ આવેલી છે. જેઓ હજ કરે છે તેઓ મદીના પણ જાય છે ત્યાં ઝિયારત (દર્શન) કરી દસ દિવસ રોકાઈને ચાલીસ નમાઝ અદા કરવી પડે છે. ઈસ્લામની મહાન હજયાત્રાની આ છે ભક્તિભાવભરી અદના ઝાંખી.* ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com

# એકાંતે સુખમાસ્યતામ- એકાંતમાં સુખ છે...



**એકાંતમાં** જ સુખ છે. એકાંતમાં જ શાંતિ છે. એકાંતમાં ભક્તિ, ચિંતન, યોગ, ધ્યાન, આત્મમંથન, મનન, પ્રાર્થના, જપ, તપ, સ્મરણ, જ્ઞાન પ્રાપ્તિ માટે અભ્યાસ - બધું જ કોઈપણ પ્રકારની ખલેલ વગર સરળતાથી થવાની સંભાવના વધુ હોય. આ બધી પ્રક્રિયા જ્યારે સફળતાથી પાર પડે ત્યારે આપમેળે સુખ અને શાંતિની પ્રતીતિ થાય.

હું કોણ છું, મારા જીવનનું ધ્યેય કયું, મારું જીવન અસ્તિત્વ કયા કારણસર અને કયાં પરિબળો હેઠળ અસ્તિત્વમાં આવ્યું, મારી શરૂઆતની સ્થિતિ કઈ હતી અને અંતિમ સ્થિતિ કઈ હશે, આ સમગ્ર પ્રપંચ કયાં કારણે અસ્તિત્વમાં આવ્યો અને શેના આધારે ટકી રહે છે - આ પ્રકારના પ્રશ્નોનો જવાબ અંતરાત્મામાંથી પ્રગટ થઈ શકે તે માટે એકાંતની આવશ્યકતા પર દરેક સંસ્કૃતિમાં ભાર અપાયું છે. એમ કહી શકાય કે સમાજના કોલાહલથી દૂર, સામાજિક ભાગદોડથી મુક્ત બની, દરેક પ્રકારનાં બંધનનો ત્યાગ કરી, વ્યક્તિ ભૌતિક એકાંત પ્રાપ્ત કરી શકે. સમાજથી દૂર થતાં જે તે ઇન્દ્રિયલક્ષી પ્રલોભનો પણ દૂર થતાં જાય. એકાંતને કારણે કોઈપણ પ્રકારની ઈત્તર પ્રવૃત્તિ ન રહેતી હોવાથી ધ્યેય સિદ્ધ કરવા વધુ સમય મળી શકે. અહીં કોઈ પ્રતિસ્પર્ધી ન હોવાથી અહંકાર જેવો દોષ પણ દૂર રહે. એકાંતમાં સંપર્કમાં આવતી પરિસ્થિતિ પણ સીમિત અને મર્યાદિત હોવાથી ચોક્કસ પ્રકારનો રાગદ્વેષ ઉદ્ ઉદ્‌ભવવાની સંભાવના પણ ઓછી રહે. અન્ય વ્યક્તિની ગેરહાજરી હોવાથી અહીં કોઈપણ પ્રકારનો સંવાદ પણ શક્ય ન બને. બહારની દુનિયા સાથેનો સંપર્ક ઓછો થવાથી અંદરની યાત્રા શરૂ થાય - અસ્તિત્વ અંતર્મુખ થાય અને આ સમગ્ર પ્રક્રિયામાં દુન્યવી કે ભૌતિક કુતૂહલ ઓછું થાય. એકાંત એ બાહ્ય દુનિયા સાથે સાથે અંદરનાં ઘોંઘાટ ભરેલાં અજ્ઞાનથી મુક્ત થવાનો પણ માર્ગ છે.

આધુનિક જીવનમાં ચારે તરફ જે શોર-બકોર વર્તાય છે તેને કારણે માનવી શાંતિ ગુમાવી બેસે છે. એક પછી એક ક્રમમાં ઊભાં થતાં કામ, સંબંધોને જે તે સ્વરૂપે ટકાવી રાખવાની જવાબદારી, ઉત્તરદાયિત્વ સમાન સ્થાપિત થયેલ ધર્મની જટિલ નિભાવણી, સાંસારિક સમીકરણોને પરિણામે ઉદ્‌ભવતી નવી નવી આશા અને અપેક્ષા, સરખામણીને કારણે અનુભવાતી અછત, જાતજાતના પ્રલોભનોથી દૂર રહેવાની આવશ્યકતા, અર્થહીન કહી શકાય તે પ્રકારની પ્રવૃત્તિ માટે લગાવ સ્થાપિત થાય તે પ્રમાણેનાં ચોક્કસ માનવ સમૂહ દ્વારા કરાતાં પ્રયત્ન - આ અને આવી બાબતો મનને સતત વિચલિત કરી શકે, વિક્ષેપિત રાખી શકે. કોઈપણ પ્રકારનાં અધ્યાત્મિક વિકાસ માટે આ એક જોખમી પરિસ્થિતિ કહેવાય. ભૌતિક કે સામાજિક એકાંત પ્રાપ્ત થતાં માનસિક એકાંત પણ ઉદ્ભવી શકે.

એકાંત માનસિક હોય તે વધુ જરૂરી છે. માનસિક એકાંત એટલે એવી સ્થિતિ કે જ્યાં મન લગભગ શૂન્યતામાં પ્રવેશી જાય. માનસિક એકાંત એટલે શાસ્ત્રીય સાધના તરફ જવાનું અગત્યનું સોપાન. એકાંતમાં જ્યારે મન પરત ફરે ત્યારે ઇન્દ્રિયો નિયંત્રણમાં આવે તેવી શક્યતા વધી જાય. અહીંનો સંવાદ અંતરાત્મા સાથેનો હોય. એકાંતમાં મન સરળતાથી સ્થિર થઈ શકે, વિચારો પોતાનો વેગ અને વ્યાપ ગુમાવવાની શરૂઆત કરે અને આ પ્રક્રિયાથી કેટલીક બાબતોમાં સ્પષ્ટતા મળતી જાય, શરીરની પ્રત્યેક ક્રિયા સૌમ્ય બનતી જાય. યમ, નિયમ, આસન અને પ્રાણાયામ પછી જે પ્રત્યાહાર, ધારણાં, ધ્યાન અને સમાધિના તબક્કા આવે તેમાં મનનું નિયંત્રણ અર્થાત માનસિક એકાંતનું મહત્ત્વ ઘણું રહે. સનાતનની પરંપરા પ્રમાણે શ્વાસ પર ધ્યાન એકત્રિત કરવાથી માનસિક એકાંત સરળતાથી પ્રાપ્ત થઈ શકે. એકાંતમાં કાળક્રમે બધી ઈતર બાબતોની બાદબાકી થતી જાય અને અંતે જે બાકી રહે તે પરમેશ્વર, તે તે તત્ત્વ.

જ્યાં એકાંત હોય ત્યાં સામાન્ય રીતે અન્ય માનવીની હાજરી ન હોય. પરિણામે ત્યાં કુદરતી માહોલ પોતાની જ રીતે વિકસ્યો હોય. કુદરતી માહોલમાં ઈશ્વરની સ્વાભાવિક અને વાસ્તવિક રચનાઓ પ્રત્યે વધુ ધ્યાન જઈ શકે, જેનાથી ઈશ્વરની સૃષ્ટિ તથા ઈશ્વર માટેનું કુતૂહલ દૃઢ બની શકે. શરૂઆતમાં એકાંત ડરાવી પણ જાય, પરંતુ એકાંત જ્યારે સકારાત્મક પરિણામ આપવા લાગે ત્યારે તે ડર પણ આશીર્વાદ સમાન જણાય. સમજવાનું એ છે કે એકાંત એ એકલતા નથી. એકલતા કદાચ ખટકે પરંતુ એકાંતમાં કોઈપણ પ્રકારની ફરિયાદ ન હોય. એકલતા સમાજે આપેલી ઘટના સમાન હોઈ શકે જ્યારે એકાંત એ વ્યક્તિગત પસંદગી છે. એકલતામાં વ્યક્તિ એકલો પડી જાય જ્યારે એકાંતમાં જાત સાથે જોડાતો જાય.

પ્રાચીન ઋષિ-મુનિઓએ જંગલમાં એકાંત પાળીને તપસ્યા કરી હતી. તેમણે એકાંતમાં કરેલી સાધનાને પરિણામે અંતિમ જ્ઞાન તેમજ અંતિમ સ્થિતિ પ્રાપ્ત કરી હતી. તેમની આ સિદ્ધિમાં એકાંતનો ફાળો નોંધપાત્ર રહ્યો હશે. અહીં જ તેમને સાક્ષાત્કાર થયો હશે. સનાતનની સંસ્કૃતિની વેદ-પુરાણ જેવી મહાન રચનાઓની વિભાવના પણ એકાંતમાં જ સ્થાપિત થઈ હશે. સનાતનની સંસ્કૃતિનાં અન્ય મહાન સાધકોની જેમ બુદ્ધ અને મહાવીરે પણ જીવનના એક તબક્કે એકાંત સ્વીકાર્યું હતું. આમ પણ સનાતની સંસ્કૃતિમાં ઘણાં સ્થાને એકાંતનું મહત્ત્વ સ્થાપિત કરાયું છે. લોકગીત સમાન બની ગયેલી ભક્ત કવિઓની ઘણી રચનામાં એકાંતનું મહત્વ દર્શાવવાનો પ્રયત્ન થયો છે. પોતાના એક પદમાં જ્યારે ગંગા સતી એમ કહે કે ‘એકાંતે બેસીને અલખને આરાધે’, ત્યારે તેમાં ઘણું કહેવાઇ જાય છે. એકાંતમાં અલખની આરાધનાની વાત છે. એકાંતમાં મન એકાગ્ર થતાં તે શાંતિ પણ અનુભવે અને તે અલખ ભણી વધુ એક ડગલું પણ ભરી શકે.

મનને એકાગ્ર કરવા માટે એકાંતની શાંતિનું મહત્ત્વ છે. એમ કહી શકાય કે મૌન એ વાણીનું, ઉપવાસ એ ઉદરનું, અંધારું એ પ્રકાશનું, નિર્લેપતા એ સંબંધનું, તટસ્થતા એ લગાવનું જ્યારે ધ્યાન એ મનનું એકાંત છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombay
samachar.com

# પરફેક્શન કે પ્રગતિ?



ગત અંકમાં સ્વભાવ-નિયત કર્મને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ સદોષ સહજ કર્મ ઉપર પ્રકાશ પાથરે છે.

ગત સપ્તાહે એક મિત્ર મળવા આવેલા. તેમણે તેમના પાડોશી રઘુભાઈની વાત ઉપાડી. રઘુભાઈ વ્યવસાયે ગણિતના પ્રાધ્યાપક, સ્વભાવથી અત્યંત ચોકસાઈપ્રિય. જીવન તેમના માટે કોઈ ખુલ્લું આકાશ નહોતું; તે તો માપેલી રેખાઓનું કોષ્ટક હતું. ઘર હોય કે વર્ગખંડ, દરેક વસ્તુમાં પરફેક્શન જોઈએ. પછી તે સમય હોય, વ્યવસ્થા હોય, કે સંબંધો હોય!

રઘુભાઈના ઘરે સવાર ઘડિયાળથી નહીં, પરંતુ તેમની પરફેક્શનવાળી નજરથી શરૂ થતી. પત્ની સરસ્વતીબહેન ચા બનાવે ત્યારે દૂધનું પ્રમાણ થોડું વધારે કે ઓછું થઈ જાય તો ચહેરા પર અસંતોષની લકીર તરત દેખાઈ જાય. દીકરી પરીક્ષામાં ૯૫ ટકા લાવે ત્યારે પણ પ્રશ્ન ઊભો થાય, બાકી પાંચ ટકા ક્યાં ગયા? પ્રશંસા તો ક્યારેય કરે જ નહિ; પણ ખામી હંમેશાં સ્પષ્ટ દેખાતી.

શરૂઆતમાં પરિવારજનોએ આ બધું સહન કર્યું. એ તો એવા જ છે, કહીને વાત ટાળી દીધી, પરંતુ સમય જતાં પરફેક્શનનો આ આગ્રહ ઘરમાં ડર, દબાણ અને અલગાવમાં પરિણમ્યો. એક દિવસ દીકરીએ ચિત્રસ્પર્ધામાં ભાગ લીધો. ચિત્રમાં ભાવ હતો, રંગોમાં સંવેદના હતી. પરિણામ આવ્યું, બીજો ક્રમ. દીકરી ખુશ હતી; આંખોમાં આત્મવિશ્વાસ ચમકતો હતો. રઘુભાઈએ ચિત્ર જોયું, થોડું મૌન રાખ્યું અને કહ્યું, રેખાઓ હજી પરફેક્ટ નથી, એટલે પહેલો નંબર ગયો. એ એક વાક્યે દીકરીની ખુશી મૌનમાં ફેરવી દીધી. તે દિવસે તેણે પોતાના રંગો બંધ કરી દીધા.

પત્નીએ પણ હવે ફક્ત કામ પૂરતું જ બોલવાનું રાખ્યું. દીકરીએ પોતાની વાત શેર કરવી બંધ કરી દીધી. ઘર હોવા છતાં ત્યાં ઉષ્મા નહોતી; બધું ગોઠવાયેલું હતું, પણ જીવંત નહોતું. હા, સંબંધો તૂટ્યા નહોતા, સુકાઈ ગયા હતા.

એક સાંજે રઘુભાઈ એકલા બેઠા હતા. ઘરમાં સંપૂર્ણ શાંતિ હતી. એવી શાંતિ જે ચુભે. તેમાં તેમને જૂના ઉષ્મા ભર્યા સંબંધો યાદ આવ્યા. અત્યારે કંઇક ખૂટે છે એવો એહસાસ થવા લાગ્યો. ત્યારે અચાનક સમજાયું કે તેમણે જીવનમાં બધું પરફેક્ટ રાખવાનો પ્રયત્ન કર્યો, પણ સંબંધોને જીવવા દીધા નહીં. સંબંધો માપથી નહીં, માનવતાથી ટકતા હોય છે, આ સત્ય સમજાય ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હતું.

એટલે જ તો ગીતા કહે છે કે પોતાનું સહજ કાર્ય, સહજ શૈલી દોષયુક્ત હોય પણ તેને તજીને બીજાની શૈલીને પરફેક્ટ જાણીને એ રીત અપનાવાનો કે બીજા પર થોપવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. હા, પોતાના કાર્યમાં દોષ ટાળવાનો પ્રયત્ન અવશ્ય કરવો. દોષો ટાળીને પ્રગતિ કરવી આપણી ફરજ છે. પરંતુ તેમાં ૧૦૦ ટકા પરફેક્શનનો આગ્રહ ઘણી વાર માણસને નિર્જીવ બનાવી દે છે.

માનવ મનની એક વિશેષ નબળાઈ છે. તે સંપૂર્ણતાની કલ્પનામાં અટવાઈ જાય છે. સંપૂર્ણ થઈશ ત્યાર પછી શરૂ કરીશ એવો વિચાર ઘણી વાર જીવનને આગળ વધતા અટકાવી દે છે. પરફેક્શન એક આદર્શ છે, એક કલ્પિત શિખર છે; જ્યારે પ્રગતિ જીવંત યાત્રા છે, સતત ચાલતી, શ્વાસ લેતી હકીકત. જીવન પરફેક્શનથી નથી ચાલતું, તે તો નાની-નાની પ્રગતિના પગથિયાં પર આગળ વધે છે.

પરફેક્શનનો મોહ માણસને નિષ્ક્રિય બનાવી દે છે. તે કહે છે, હજુ તૈયાર નથી, હજુ ખામી છે, હજુ વધુ સુધારું જોઈએ. પરિણામે શરૂઆત જ થતી નથી. જ્યારે પ્રગતિ કહે છે, આજે જેટલું બની શકે તેટલું કર, બાકી કાલે સુધરશે. જીવનમાં જે કંઈ સિદ્ધ થયું છે તે પૂર્ણતાથી નહીં, પરંતુ સતત પ્રયત્નથી થયું છે. ખેડૂત બીજ વાવતાં પહેલાં જમીન સંપૂર્ણ છે કે નહીં તે તપાસતો નથી; તે તો વિશ્વાસપૂર્વક બીજ વાવે છે. પછી વરસાદ, સૂર્ય અને સમય સાથે પાક ધીમે ધીમે પક્વ થાય છે.

બાળક જ્યારે ચાલતા શીખે છે ત્યારે તે વારંવાર પડે છે. જો તે હું પરફેક્ટ ચાલું ત્યાર પછી જ ઊભો રહીશ એમ વિચારે, તો કદાચ ક્યારેય ચાલે જ નહીં. પડવું, ઊભું થવું અને ફરી પ્રયત્ન કરવો આ જ પ્રગતિનું સાચું સ્વરૂપ છે.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે સમાજ, સોશ્યલ મીડિયા, સરખામણીઓ, બધું જ આપણને કહે છે કે શ્રેષ્ઠ બન, સંપૂર્ણ બન. પરંતુ આ દોડમાં માણસ પોતાનો સ્વાભાવિક ગતિપથ ભૂલી જાય છે. પ્રગતિ વ્યક્તિગત છે; તે બીજાની સાથે તુલના માગતી નથી. આજે હું ગઈકાલ કરતાં થોડો સારું કરું, એટલું જ પૂરતું છે. હા, પૂર્ણતાનો લક્ષ્ય જરૂર રાખવો પણ નાની પ્રગતિને માણતા પણ આવડવું જોઈએ. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay

# ઉજળીના દુહા હવે પરંપરા બની ગયા!

ચિર વિરહીણી ઉજળીએ આભપરેથી રાજકુંવર મેહજી જેઠવાને સંબોધીને કહેલા દુહા પછી મેહજીનો નબળો પ્રતિસાદ, પ્રતિભાવ અનુભવી એના મૌનમાંથી જાકારાના -નકારના ભાવને પામી ગયેલી. પછીથી આઈ ઉજળીએ નીજાનુભૂતિને અભિવ્યક્તિ અર્પતા દુહા કથ્યા. ત્રીજા ચરણના-સોપાનના એ અગિયાર દુહાઓમાં આઈનો આક્રોશ પ્રગટે છે. એનું સતીપણું શાપ આપે છે, પોતે રઝળે છે - ભટકે છે, જીવન જીવે છે, જીવને કાઢી નાખવાને બદલે બધું જીરવે છે. પછીથી બે વસ્તુસંઘટના બન્યાના સંકેત ત્રીજા ચરણમાંના એ બધા દુહામાંથી સાંપડે છે. એક તો ખૂબ પશ્ચાતાપને અંતે મળવાનું કહેણ મેહજી તરફથી આવ્યું હોય એના પ્રતિભાવરૂપે દુહામાં ઉજળી કહે છે કે, અવસર ચૂક્યા મેહુલા હવે વરસી કાંઉ કરેશ, આમાં પોતે શાપ આપી દીધો છે, હવે કશો અર્થ નથી એવો ભાવ નિહિત છે.

*મનમાં હૂતું મેહ, તો જાકારો કાં ન મોકલ્યો;*
*લાજું અમણીં લેહ, ભોંઠા પાડયા ભાણના...(૨૦)*

હે ભાણના મેહજી તારા મનમાં કૂડ-કપટ હતું તો મને ના પાડી દેવી હતીને, જાકારો મોકલી દેવો હતો ને. મારી લાજ લઈને હવે તેં મને ભોંઠી-લાચાર બનાવી દીધી.

*કાચો ઘડો કુંભારનો, અણજાણ્યે મું ઉપાડિયો;*
*મેણિયાત રાખ્યા મેહ, જામોકામી જેઠવા...(૨૧)*

અરે હાય હાય મેં અજાણતા કુંભારને ત્યાંથી કાચો ઘડો ઉપાડયો-પસંદ કર્યો. (કાચા-પોચાને પસંદ કર્યો) મેહ જેઠવા રાણારૂપી એ કાચું પ્રિયપાત્ર ભાંગીને ભુકો થઈ ગયું - અને મને પણ ભાંગી નાખી.

*સાકરને સાદે બોલાવતો, (મને) બરડાના ધણી ;*
*(આજ) કૂચા કાંઉ કાઢે, જાતે દાડે જેઠવા...(૨૨)*

હે બરડાના ધણી તમે મને કેવા મધ જેવા-સાકર જેવા ગળચટા વેણથી -સાદથી સંબોધતા-બોલાવતા. હવે એ મોઢામાંથી-કૂચા જેવા હલકા વેણ-વચનો આ દિવસોમાં જેઠવાજી કેમ કાઢો છો.

*નળીયું હતી નકોર,(તે દિ) બોલાવતો બરડા ધણી ;*
*(આજ)જાંઘે ભાગ્યા જોર,(તે દિ) જાતા કીધા જેઠવા...(૨૩)*

મારી પીંડીઓ લીસી-ચમકતી નકોર-ભરાવદાર હતી તે દિવસોમાં તું મને સતત બોલાવતો રહેતો આજે મારી પગમાં જાંઘમાં જોર નથી, અશક્ત લાગું છું એટલે મારી સામુ જોતો નથી.

*તોણ્યું દીયો તમે, જેઠવા જીવાયે નહીં;*
*તારા અંગના અમે, ભૂખ્યા છૈયે ભાણના...(૨૪)*

હે ભાણ જેઠવાના મેહજી તમે સ્નેહનાં ત્રુટક-ટૂકડા વરસાવોમાં, આમ સંકોચતા-સંકોચાતા તમે સ્નેહને વરસાવો, એનાથી જીવતર ન જીવાય. અમને તમારા સ્નેહની માયા છે. તમારા અસ્તિત્વ-શરીરની ભૂખ છે. તમારી સાથે જોડાવા માગીએ છીએ.

*બપૈયો બીજે, પાલર વણ પીવે નહીં;*
*સમંદર ભરયો હોય,(તોય) જળ ન બોટે જેઠવા...(૨૫)*

બપૈયો પક્ષી વર્ષાઋતુના જળ સિવાય બીજુ પાણી ન પીએ. ભલે ને આખો સાગર ભરેલો લહેરાતો હોય પણ હે જેઠવાજી એને બપૈયો બોટતો નથી.




*અભડાણાં અમેં, મલકમાં મળ્યો નહીં;*
*છેલ્લી છાંટ તમે, જળની નાખો જેઠવા... (૨૬)*

તમને સમર્પિત થયેલા અમે અભડાણાં, મલકમાં કોઈ મળ્યું નહીં. હવે તમે જેઠવાજી મને છેલ્લી જળની છાંટ નાખી દ્યો, એટલે મારું આભડછેટપણું ભાંગી જાય.

*આભપરેથી ઉછળયા, જળમાં દીધો ઝોક;*
*સરગાપરનો ચોક, ભેળા થાશું ભાણના... (૨૭)*

હવે આભપરાના પર્વત ઉપરથી હું ફેંકાઈ-ફંગોળાઈ ગઈ છું. તિરસ્કૃત થઈ છું. હું ભારે ઊંડા પાણીમાં ઉતરી ગઈ. હે ભાણના પુત્ર હવે સ્વર્ગના ચોકમાં ભેળા થઈશું- મળીશું.

*કળ-કળ કરશે કાગ, ઘૂમલીનો ઘૂમટ જશે;*
*લાગે વધતી આગ, રાણા તારા રાજમાં...(૨૮)*

હે રાણા મેહજી હું તમને શાપ આપું છું કે તારા નગરમાં કાગડા કકળાટ કરીને ઉડશે. નગર ઉજ્જડ થઈ જશે. ઘુમલી નગરના મહેલના આગની જવાળાઓ ઘુમશે-મીનારાઓ-તૂટી પડશે. તારું આ નગર આગમાં બળીને ભસ્મિભૂત થઈ જશે.

કહેવાય છે કે ઘુમલીનો ધ્વંસ થવાનું જાણીને કુંવારા રાજકુંવર પોતે પણ શાપથી પરિતપ્ત થયા હતા. પછીથી આઘાતમાં મેહજીએ આઈ ઉજળીને ગઢમાં આવવા કહેણ મોકલેલું. એટલે અવસર ચૂક્યા વાળી વાત કહીને અડગ-અટલ ઉજળી ચારણ આઈનો કથેલો આ દુહો ભારે મહત્ત્વનો છે. ચારણઆઈનો શાપ સાચો જ પડે. કહેવાય છે કે આઈ ઉજળીના આવા વેણના આઘાતથી મેહજીનો દેહ છૂટેલો એની ખબર ઉજળીઆઈને પડતા જ એ કુંવારા રાજકુંવરની પાછળ ચારણઆઈ કુમારી ઉજળી પણ સતી થયેલા એ પૂર્વે કહેલા મનાતાં અંતિમ બે દુહા ઉજળીના ભવ્ય-ઉદાત્ત વ્યક્તિત્વનાં પરિચાયક છે, એ આસ્વાદીએ.

*ખડ સૂકયા ગોરસ વસૂક્યા, વહાલા ગયા વિદેશ;*
*અવસર ચૂક્યા મેહુલા, હવે વરસી કાંઉ કરેશ....(૨૯)*

લીલુછમ્મ ખડ સુકાઈ ગયું. ગોરસ આપનાર ગાય વસુકી ગઈ. વહાલપ પાથરનાર હવે જ્યારે કોઈ પડખે રહ્યું નહીં. ત્યારે હવે એવા સમયે હે મેઘ-મેહજી-સમય ચાલ્યા ગયા પછી વરસીને તું શું કરીશ.

*જાળું મારાં જીવ, ભસમને ભેળી કરાં;*
*પ્યારા લાગો પીવ, જીવ પલટશું જેઠવા...(૩૦)*

ક્ષાત્રધર્મના ઉપાસક જેઠવાએ ઉજળીને વડિલોના કહેવાથી બહેન ગણેલી એટલે કહે છે આ ભવે તને પ્રેમમાં નાત જાત આડી આવી. વડિલનું માનીને ક્ષાત્રધર્મ પાળનાર હે પિયુ તમે પ્યારા લાગો છો. મારો જીવ જ્વાળાને સોંપીને આપણી રાખ જીવને-દેહને એક સાથે ભેગા કરશે. બીજા ભવમાં અવશ્ય મળીશું.

ક્ષાત્રધર્મના પાલક, ઉપાસક મેહજી ઉજળીનો અસ્વીકાર કરીને ઓછો દુ:ખી નહીં થયો હોય મેઘાણીએ મેહજી માટે પ્રયોજેલ વિશ્વાસઘાતી રાજપ્રેમ કે દારુણ ખુટામણ શબ્દો મને ઉચિત નથી જણાયા. મને તો એમાં રાજધર્મ પાળતા રાજવી રામજીનું તેજસ્વી અનુસંધાન કળાય છે. શાપ આપેલ છે રાજ ઘરાનાને, એ તરછોડાયાનું કારણ જાણતી હોઈને મેહજી માટે છેલ્લા દુહામાં મારા જીવ સંબોધન પ્રયોજીને ગાય છે કે આ ભવે તારી સાથે જોડાવામાં નાત-જાત નડી હવે જુદા શરીરે, જીવ પરોવીને પરભવમાં જીવ પલટીને મળીશું. આવા હકારાત્મક ભાવમાંથી ચારણ આઈ કવયિત્રીનું જાજવલ્યમાન, ગરિમાપૂર્ણ-ગૌરવપૂર્ણ ચરિત્ર અને ચારિત્ર્ય પ્રગટે છે.

એ રીતે મેહજી રાજકુંવર અને ઉજળી ચારણકુમારીકાનો પરિશુદ્ધ નીર્મળ-નીર્ભેળ પ્રેમ અને સમર્પણ ભાવને નારીના અડગ-અટલ મનોબળને, મનથી સ્વીકારેલ પતિવ્રતાભાવને ઉદ્‌ઘાટિત કરતા સહસ્ત્રાધિક વર્ષથી કંઠસ્થ પરંપરામાં જળવાયેલી આ ભારતીય જીવનમૂલ્યોને પ્રગટાવતી ભાવકથા છે.


ચારણી સાહિત્યના વિદ્વાન રતુદાન રોહડિયા અનેક વંશાવલીને આધારે જેઠવાકુળના મેહજીનો નિર્વાણ સમય ઈ.સ.૧૧૯૦ અર્થાત્ વિક્રમ સંવત ૧૨૪૬ કહેલ છે એ લગભગ માન્ય ગણાયો છે. ઉજળીઆઈ આમ ભારે મોટું આપણાં ભવ્ય ભૂતકાળનો તેજસ્વી એવો અરુંધતિ તારક છે.

મેહ વિશેના ઉજળીના દુહાની પ્રમાણભૂતતા, એ આજ લગી જીવંત રહ્યા અને પરંપરા બની ગયા એમાંથી જ પમાય છે. લોકકંઠે દુહાઓ આભરણ બની રહ્યા. ભલે વિપુલ દુહા મળે પણ ચારણી બોલીનો વળોટ તથા કથાનાં આંતરિક ભાવજગતને પ્રગટાવતા આ ત્રીશ દુહાઓ તો મને ચારણી કવયિત્રીની પ્રતિભાના ઓજસને અનુકૂળ અને અનુરૂપ તથા કથા પ્રસંગનાં આંતર પ્રમાણોને આધારે અધિકૃત રીતના શ્રદ્ધેય-ઓથેન્ટિક જણાયા છે. એની ઓથરશીપ -કર્તૃત્વ કવયિત્રી આઈ ઉજળીનું માનું છું. અલબત કંઠસ્થ પરંપરામાં જાળવણી થઈ હોઈને એના ભાષાકીય રૂપો પલટાયા હોય એ સ્વાભાવિક છે. ■

વિશેષ

આર.સી.શર્મા
mahendra.punatar@bombay
samachar.com

# ધર્મ ને વિજ્ઞાન વચ્ચે સંતુલન છે મલમાસ...



**મલમાસ,** જેને અધિક માસ અથવા પુરુષોત્તમ માસ તરીકે પણ ઓળખવામાં આવે છે, હિન્દુ પંચાંગમાં આ એક એવો વધારાનો મહિનો છે, જે આશરે દર ૩૨ મહિના અને ૧૬ દિવસ પછી પંચાંગમાં ઉમેરવામાં આવે છે. આનો ઉદ્દેશ્ય ચંદ્ર વર્ષ અને સૌર વર્ષ વચ્ચેના તફાવતને સંતુલિત કરવાનો છે. કારણ કે હિન્દુ પંચાંગ ચંદ્રની ગતિ પર આધારિત છે, જ્યારે ઋતુઓ અને હવામાન સૂર્યની ગતિથી નક્કી થાય છે. ચંદ્ર વર્ષ આશરે ૩૫૪ દિવસનું હોય છે અને સૌર વર્ષ ૩૬૫ દિવસનું. આથી દર વર્ષે ૧૧ દિવસનો તફાવત આવી જાય છે. જ્યારે આ તફાવત લગભગ એક મહિના બરાબર થઈ જાય છે, ત્યારે પંચાંગમાં એક વધારાનો મહિનો ઉમેરી દેવામાં આવે છે, તેને જ મલમાસ કે અધિક માસ કહેવામાં આવે છે.

ભારતીય પરંપરામાં અધિકમાસ માત્ર ધાર્મિક આસ્થાનો વિષય નથી, પરંતુ ધર્મની સાથે વિજ્ઞાનના અદભુત સંતુલનનું એક જીવંત ઉદાહરણ છે. હજારો વર્ષો પહેલાં જ્યારે આધુનિક ખગોળ વિજ્ઞાનનાં સાધનો નહોતાં, ત્યારે ભારતીય જ્યોતિષીઓએ સમજી લીધું હતું કે ચંદ્રના આધારે ચાલતું વર્ષ અને સૂર્ય આધારિત ઋતુ ચક્ર એકબીજા સાથે સંપૂર્ણપણે મેળ ખાતા નથી. તેમ છતાં જો સૂર્ય અને ચંદ્ર વર્ષને એક જ માની લેવામાં આવ્યા હોત, તો બંનેનો વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ જ ન રહ્યો હોત. આ બંનેના મેળને વૈજ્ઞાનિક પ્રક્રિયા બનાવતાં આપણા પ્રાચીન જ્યોતિષોએ એક વૈજ્ઞાનિક ઉકેલ શોધ્યો અને એક ચોક્કસ સમયગાળા પછી પંચાંગમાં એક વધારાનો મહિનો ઉમેરવાનો નિયમ બનાવી દીધો. આનાથી માત્ર બંને પ્રકારનાં વર્ષો એકબીજા સાથે મેળ ખાવા લાગ્યા એટલું જ નહીં, પરંતુ પ્રકૃતિ, ઋતુ અને ધાર્મિક તહેવારો વચ્ચે પણ વૈજ્ઞાનિક તાલમેલ સ્થાપિત થઈ શક્યું. ભારતીય સંસ્કૃતિએ આને માત્ર એક ગાણિતિક સૂત્ર બનાવીને છોડી ન દીધું,

તેને આધ્યાત્મિક અભ્યાસ, આત્મનિરીક્ષણ અને ભક્તિ માટેનો એક ખાસ સમય પણ બનાવ્યો. આ જ કારણ છે કે, એક તરફ જ્યાં અધિકમાસ મોટા માંગલિક કાર્યોની મનાઈ કરે છે, તો બીજી તરફ દાન, તપ, કથા અને ધ્યાનનું મહત્ત્વ વધારે છે. આ રીતે અધિકમાસ ભારતીય સભ્યતાની એ દૂરગામી વિચારસરણીનું પ્રતીક છે.

આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૬માં અધિક માસની શરૂઆત ૧૭ મે ૨૦૨૬થી થઇ છે અને ૧૫ જૂન ૨૦૨૬ના રોજ તે પૂરો થાય છે. આ વખતે તે જેઠ મહિનાની સાથે આવી રહ્યો હોવાથી બે જેઠ મહિના થઈ રહ્યા છે અને હિન્દુ પંચાંગ મુજબ આ વર્ષ ૧૨ મહિનાનું નહીં પરંતુ ૧૩ મહિનાનું રહેશે. આ સમયગાળા દરમિયાન એટલે કે ૧૭ મેથી ૧૫ જૂન ૨૦૨૬ સુધી લગ્ન, ગૃહપ્રવેશ, મુંડન-છેદન જેવા કોઈ પણ માંગલિક કાર્યો થશે નહીં. આ મહિના વિશે એક પૌરાણિક માન્યતા પણ છે, જે મુજબ ભગવાન વિષ્ણુએ પોતે આ મહિનાને પોતાનું નામ આપ્યું હતું અને તે ‘પુરુષોત્તમ માસ’ બની ગયો. આથી આ મહિનો આત્મશુદ્ધિ, ભક્તિ અને તપ માટે વિશેષ માનવામાં આવે છે. ■

# રાજસ્થાન પ્લે-ઑફમાં: હૈદરાબાદ સામે એલિમિનેટરમાં ટકરાશે

## મુંબઈ જીતી ન શક્યું એટલે પંજાબ અને કોલકાતાની ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ

મુંબઈ: ૨૦૦૮ની પ્રથમ આઇપીએલના ચૅમ્પિયન રાજસ્થાન રૉયલ્સે (૨૦ ઓવરમાં ૮/૨૦૫) રવિવારે વાનખેડેમાં પાંચ ટાઇટલ જીતનાર મુંબઈ ઇન્ડિયન્સ (૨૦ ઓવરમાં ૯/૧૭૫)ને ૩૦ રનથી હરાવીને પ્લે-ઑફમાં પ્રવેશ કર્યો હતો. રાજસ્થાન જીત્યું એ સાથે આપોઆપ પંજાબ કિંગ્સ અને કોલકાતા નાઇટ રાઇડર્સની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી. રાજસ્થાને ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી મુંબઈને એના જ હોમ-ગ્રાઉન્ડ પર હરાવ્યું અને એ સાથે ઈડન ગાર્ડન્સની રવિવાર રાતની કોલકાતા-દિલ્હી મૅચ અર્થ વગરની થઈ ગઈ હતી.

**જોફ્રા મૅન ઑફ ધ મૅચ**

રાજસ્થાનનો બ્રિટિશ પેસ બોલર જોફ્રા આર્ચર (૪-૦-૧૭-૩) આ મૅચનો સુપર હીરો હતો. તેણે રોહિત શર્મા (૦), નમન ધીર (છ રન) અને હાર્દિક પંડ્યા (૩૪ રન)ની વિકેટ લીધી હતી. જોફ્રાએ ૩૨ રન પણ બનાવ્યા હતા અને તેને ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો.

**મુંબઈ પર આધાર રાખ્યો, પણ...**

રાજસ્થાને બૅટિંગમાં એકંદરે સાધારણ પર્ફોર્મ કર્યું હતું, પરંતુ પછીથી બોલિંગ અને ફીલ્ડિંગમાં પૂરી તાકાતથી પર્ફોર્મ કરીને પ્લે-ઑફમાં એન્ટ્રી કરી જ લીધી અને એ સાથે મુંબઈની જીત પર આધાર રાખીને બેઠેલા પંજાબ તથા કોલકાતા આપોઆપ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા હતા. દિલ્હીની ટીમ શનિવારે જ બહાર થઈ ગઈ હતી.

**મુંબઈ છેલ્લી મૅચમાં પણ નબળું**

મુંબઈ ઇન્ડિયન્સની ટીમ આખી ટૂર્નામેન્ટમાં નબળા ટીમ-વર્ક તથા કંગાળ વ્યક્તિગત પર્ફોર્મન્સને કારણે ઘણા દિવસ પહેલાં જ પ્લે-ઑફની રેસની બહાર થઈ ગઈ હતી અને રવિવારે હોમ-ગ્રાઉન્ડ વાનખેડેમાં પણ એણે એવા જ નિરાશાજનક પર્ફોર્મ કર્યું. કૅપ્ટન હાર્દિક પંડ્યાએ બોલિંગ નહોતી કરી અને તેના છ બોલર રાજસ્થાનને ૨૦૦ રનના જાદુઈ આંકડાથી વંચિત નહોતા રાખી શક્યા. ખાસ કરીને છેલ્લી પાંચ ઓવરમાં રાજસ્થાને જે ૭૩ રન બનાવ્યા એ મુંબઈને છેવટે નડ્યા હતા. સૂર્યકુમાર યાદવ (૬૦ રન, ૪૨ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) સિવાય બીજો કોઈ બૅટ્સમૅન હાફ સેન્ચુરી નહોતો કરી શક્યો. હાર્દિક (૩૪ રન, ૧૫ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)એ સૂર્યા સાથે ૪૮ રનની ભાગીદારી કરી હતી અને એ જોડી મુંબઈને જિતાડી શકે એમ હતું, પરંતુ જોફ્રાના બૉલમાં નેન્દ્રે બર્ગરે લૉન્ગ-ઑન પર હાર્દિકનો અફલાતૂન કૅચ ઝીલ્યો હતો. ત્યાર બાદ કૉર્બિન બૉશ્ચનો સુંદર કૅચ ફરેરાએ યશ રાજ પુન્જાના બૉલમાં ઝીલ્યો હતો અને રાજસ્થાન વિજયની નજીક પહોંચ્યું હતું. તિલક વર્મા (ત્રણ રન) અને વિલ જૅક્સ (૩૩ રન, ૧૮ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) પણ મુંબઈને ઉગારી નહોતા શક્યા. જોફ્રાની ત્રણ વિકેટ ઉપરાંત બર્ગર, બ્રિજેશ શર્મા અને યશ રાજ પુન્જાએ બે-બે વિકેટ લીધી હતી.

**જાડેજા-બર્ગરની ૩૦ રનની અતૂટ ભાગીદારી**

એ પહેલાં, રાજસ્થાનની ૨૦૫ રનની ઇનિંગ્સમાં દીપક ચાહર ખાસ કરીને વૈભવ સૂર્યવંશી (ચાર રન)ની અને ડૉનોવાન ફરેરા (૧૮ રન)ની મૂલ્યવાન વિકેટ લેવામાં સફળ રહ્યો હતો, જ્યારે શાર્દુલ ઠાકુરે પણ બે વિકેટ લીધી હતી. જોકે રાજસ્થાનના બૅટ્સમેનો સાધારણ પર્ફોર્મન્સ સાથે ટીમનો સ્કોર ૨૦૦ રનને પાર કરાવ્યો હતો. ધ્રુવ જુરેલે ૩૮ રન, જોફ્રાએ ૩૨ રન, દાસુન શનાકાએ ૨૯ રન અને યશસ્વીએ ૨૭ રન બનાવ્યા હતા.


રાજસ્થાનનો કેપ્ટન રિયાન પરાગ

રવીન્દ્ર જાડેજાને છેક નવમા નંબરે રમવા મળ્યું અને તેણે ૧૧ બૉલમાં ત્રણ ચોગ્ગાની મદદથી ૧૯ રન બનાવીને અણનમ રહ્યો હતો. નેન્દ્રે બર્ગર ૧૦ રન બનાવીને અણનમ હતો. તેમણે ૩૦ રનની અતૂટ ભાગીદારીથી ટીમનો સ્કોર ૨૦૦ રનને પાર કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ■

# પિતા સચિને કહ્યું, 'વેલ ડન, અર્જુન': બહેન સારા પણ થઈ ભાવુક



લખનઊ: લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્જુન તેન્ડુલકરે શનિવારે અહીં આઇપીએલમાં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) વતી ડેબ્યૂ મૅચમાં આંકડાની દૃષ્ટિએ સાધારણ પર્ફોર્મ કર્યું, પણ એકંદરે તેણે પંજાબ સામે જે દમદાર બોલિંગ કરી હતી એને કારણે તેના પિતા અને મહાન ક્રિકેટર સચિન તેન્ડુલકરે બેહદ ખુશી વ્યક્ત કરી છે તેમ જ અર્જુનને મોટી બહેન સારા તેન્ડુલકર તરફથી પણ ખૂબ અભિનંદન મળ્યા છે.

અર્જુન તેન્ડુલકર પાંચ રને અણનમ રહ્યો ત્યાર બાદ તેણે ૩૬ રનમાં પંજાબના ઇન્ફૉર્મ ઓપનર પ્રભસિમરન સિંહ (૬૯ રન, ૩૯ બૉલ, બે સિક્સર, સાત ફોર)ની મહત્ત્વની વિકેટ લીધી હતી. અર્જુન (૪-૦-૩૬-૧) વિશે પિતા સચિને ખૂબ વખાણ કરતા નિવેદનો આપ્યા છે. અર્જુનને લખનઊની છેક છેલ્લી (૧૪મી) લીગ મૅચમાં રમવાનો મોકો મળ્યો હતો.

સચિને પુત્રના ધૈર્ય અને કાબેલિયતની પ્રશંસા કરતા જણાવ્યું, 'વેલ ડન, અર્જુન. આ સીઝનમાં તે જે અભિગમ અપનાવ્યો એ બદલ મને તારા પર ગર્વ છે. મને તારી કાબેલિયત પર તો હંમેશાં વિશ્વાસ રહ્યો જ છે, તેં આ સીઝનમાં ખૂબ ધીરજ રાખી અને અંતિમ દિવસો સુધી તક ન મળવા છતાં અથાક મહેનત ચાલુ રાખી એ અભિગમ મને ખૂબ ગમ્યો. તેં આ સમયગાળા દરમ્યાન સતતપણે સકારાત્મક વલણ પણ અપનાવ્યું હતું. ક્રિકેટની રમત ખેલાડીના કૌશલ્યની સાથે તેના ધૈર્યની પણ કસોટી કરતી હોય છે અને તેં આજે (શનિવારે) બન્ને બાબતમાં સફળતા બતાવી. તું હંમેશાં શાંત અને વિનમ્રતાભર્યો અભિગમ જાળવી રાખજે અને હંમેશની જેમ આ રમત પ્રત્યેનો પ્રેમ જાળવી રાખજે. લવ યુ ઑલ્વેઝ.'

અર્જુનની પહેલી ઓવરમાં પંતે ઓપનર પ્રભસિમરનનો કૅચ છોડ્યો હતો. પંદરમી ઓવર અર્જુને કરી હતી જેમાં એક યૉર્કરમાં પ્રભસિમરન આઉટ થઈ ગયો હતો.

સારાએ ઇન્સ્ટાગ્રામ પરની ભાવુક પોસ્ટમાં અર્જુન માટે લખ્યું હતું, 'મારા નાના ભાઈ, તું દુનિયાની તમામ ખુશીઓનો હકદાર છે. તારી મહેનત, માનસિક દબાણને સંભાળવાની તારી ક્ષમતા બદલ તેમ જ લાંબા સમય સુધી તેં જે ધૈર્ય બતાવ્યું એ બદલ મને તારા પર બેહદ ગર્વ છે. લવ યુ હંમેશાં.'

# વાનખેડેમાં ટીનેજ સ્ટાર વૈભવને જોવા આવેલા હજારો વિદ્યાર્થીઓએ નિરાશ થવું પડ્યું



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ ઇન્ડિયન્સની ટીમ આઈપીએલ-૨૦૨૬ના પ્લે ઑફની રેસની બહાર થઈ ગઈ હતી એમ છતાં ગઈ કાલે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બપોરે ક્રિકેટોત્સવ જેવો માહોલ હતો, કારણકે ૩૩,૦૦૦ પ્લસ પ્રેક્ષકો લિટલ-વન્ડર વૈભવ સૂર્યવંશીનો પર્ફોર્મન્સ જોવા આવ્યા હતા. જોકે ૧૫ વર્ષીય વૈભવે પોતાના ચાર જ રનના સ્કોર પર વિકેટ ગુમાવી દેતાં પ્રેક્ષકોએ નિરાશ થવું પડ્યું હતું.

આ વખતે ટૂર્નામેન્ટની શરૂઆતથી જ એક પછી એક ધમાકેદાર પર્ફોર્મન્સથી સૌના દિલ જીતી રહેલા ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશી (ચાર રન, છ બૉલ, ૬૬.૬૬નો સ્ટ્રાઇક રેટ)ને જોવા માટે હજારો બાળકો અને ટીનેજ વયના ક્રિકેટ પ્રેમીઓ સ્ટેડિયમમાં ઊમટી પડ્યા હતા. જોકે વૈભવની તેમને એક પણ સિક્સર કે ફોર નહોતી જોવા મળી. બુમરાહને બદલે રમેલા પેસ બોલર દીપક ચાહરના બૉલમાં તે નમન ધીરના હાથમાં કૅચઆઉટ થયો હતો. વૈભવ માત્ર ચાર રન બનાવી શક્યો હતો.

વૈભવે આ વખતની ટૂર્નામેન્ટમાં ૫૩ છગ્ગા ફટકાર્યા છે. વધુ સાત છગ્ગા ફટકારે તો ક્રિસ ગેઈલના એક સીઝનના હાઈએસ્ટ ૫૯ સિક્સરનો રેકૉર્ડ તોડી શકે એમ છે. વૈભવે રવિવારે તો સૌને નિરાશ કર્યા, પરંતુ રાજસ્થાન પ્લે ઑફમાં પહોંચ્યું હોવાથી તેને ગેઇલનો રેકૉર્ડ બ્રેક કરવાની આ અઠવાડિયે ફરી તક મળશે. રાજસ્થાને હવે બુધવારે હૈદરાબાદ સામે એલિમિનેટરમાં રમવાનું છે અને એમાં જીતનારી ટીમ ક્વૉલિફાયર-ટૂમાં ક્વૉલિફાયર-વનની પરાજિત ટીમ સામે રમશે.

ગઈ કાલે રાજસ્થાનને બૅટિંગ મળ્યા પછી યશસ્વી જયસ્વાલ અને વૈભવ સૂર્યવંશીની જોડીએ શાંત શરૂઆત કર્યા બાદ યશસ્વીએ છગ્ગા-ચોગ્ગા ફટકારીને બન્ને ટીમ તરફી પ્રેક્ષકોને ખુશ કરી દીધા. જોકે યશસ્વી સૌથી ઓવરમાં ૨૭ રનના પોતાના સ્કોર પર કૅચઆઉટ થયો હતો. ■

**આઈપીએલના પૉઇન્ટ્સ ટેબલમાં કોની કેવી સ્થિતિ?**

(૧) બેંગ્લૂરુ: ૧૮ પૉઇન્ટ (૨) ગુજરાત: ૧૮ પૉઇન્ટ (૩) હૈદરાબાદ: ૧૮ પૉઇન્ટ (૪) રાજસ્થાન: ૧૬ પૉઇન્ટ (૫) પંજાબ: ૧૫ પૉઇન્ટ (૬) કોલકાતા: ૧૩ પૉઇન્ટ (૭) ચેન્નઈ: ૧૨ પૉઇન્ટ (૮) દિલ્હી: ૧૨ પૉઇન્ટ (૯) મુંબઈ: આઠ પૉઇન્ટ અને (૧૦) લખનઊ: આઠ પૉઇન્ટ. (નોંધ: તમામ આંકડા ગઈકાલની છેલ્લી મેચ પહેલાના છે.) ■

**હવે મંગળવારથી પ્લે-ઑફ**

મંગળવાર, ૨૬મી મેએ હિમાચલ પ્રદેશના ધરમશાલામાં બેંગ્લૂરુ અને ગુજરાત વચ્ચે ક્વૉલિફાયર-વન રમાશે. એમાં જીતનારી ટીમ સીધી ફાઇનલમાં પહોંચશે અને હારનારી ટીમે શુક્રવારની ક્વૉલિફાયર-ટૂમાં રમવું પડશે. બુધવાર, ૨૭મી મેએ એલિમિનેટરમાં હૈદરાબાદ-રાજસ્થાન વચ્ચે ટક્કર થશે અને એમાં જીતનારી ટીમ ક્વૉલિફાયર-ટૂમાં ક્વૉલિફાયર-વનની પરાજિત ટીમ સામે રમશે. એલિમિનેટરમાં પરાજિત થનારી ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ જશે. ■


## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી : 9969388693 / 7506569229. (બી-૧૭૬૪૫)

### ૧૪. નોકરી ખાલી છે

■ **રાખડીના હોલસેલ દુકાનમાં વેચાણ માટે તથા કોમ્પ્યુટર બીલીંગ માટે ફ્રેશર અથવા અનુભવી સ્ટાફ જોઈએ છે. સંપર્ક: મહેન્દ્રભાઈ, ભૂલેશ્વર, મુંબઈ ૪૦૦૦૦૨. ફોન: 9324021953. (એસડીબી-૩૨૯૪)**

### ૧૫. નોકરી જોઈએ છે

**એકાઉન્ટન્ટ**
ચકાસણી કરીને અનુભવી એકાઉન્ટન્ટ ઓફિસ ફેકટરી માટે તુરંત મળશે - 9819248778. (બી-૧૭૫૪૪)

### ૧૭. જગ્યા આપવી છે

**મલાડ વેસ્ટ**
વેચવાનું છે એસ વી રોડ નજીક, દેરાસરની સામે, ૨ બેડરૂમ ફુલ્લી ફર્નીશ રેરા કાર્પેટ ૬૭૮ વિથ પાર્કિંગ ૨.૧૧ cr નિગોસિબલ ઓનર ૯૮૩૩૭૦૧૬૬૫. (એસડીબી-૩૨૮૭)

### ૨૦. ધંધાદારી જગ્યા

**FOR-LEASE**
450 sq.ft. Carpet area, Office Ready to move in, 1st floor, Pushpam Bldg., Fort. Rs.75k P.M., 6 Month Deposit.
Call: 9619285145 owner
(SDBG-3305)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**
સમસ્યાઓનું સમાધાન. લવ પ્રોબ્લેમ પતિથી દુ:ખી સાસ બહુનો ઝગડો સંતાન કેવામાં નથી કામ ધંધોમાં રુકાવટ એકતરફી પ્રેમ (ફિસ કામ પછી) 9321554879. (બી-૧૭૫૬૭)

**સચોટ જ્યોતિષ**
**જન્મતારીખ, સમય વોટ્સઅપ કરો. લગ્નયોગ ક્યારે - કયા મહિનામાં - સાલમાં થશે? તેનું માર્ગદર્શન. (ફી લેવામાં નથી આવતી). વાતો ન કરો, રિઝલ્ટ માંગો. 7304586200. (૧૦૯૬-એ)**

### ૪૬. વોટર પ્રુફિંગ

■ ડામર કામ પાણીની ટાંકી સાફ કરી આપીશું. 9867559203. (૩૪૪)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com





'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તકરાર | બેધ્યાન |
| તકલાદી | પતાવટ |
| તકલીફ | નિર્દોષ |
| તકસીરવાર | આસાની |
| તકેદારી | ટકાઉ |

## માતૃભાષાની મહેક

મહાકવિ કાલિદાસે સાહિત્ય, સંગીત અને કલા વિનાના માણસને પશુ કહ્યો છે. ગ્રીક લોકોએ પણ સંગીતના અભ્યાસ માટે આગ્રહ રાખ્યો હતો. ગાંધીજી કહે છે કે સંગીત વિના બધી જ કેળવણી મને તો અધૂરી લાગે. સંગીત વ્યક્તિગત અને સામાજિક જીવનને માધુર્ય આપે છે. શ્વાસને નિયમનમાં લાવવાને સારું જેમ પ્રાણાયામની આવશ્યકતા છે તેમ કંઠને સંગીતની છે.

## ગુજરાત મોરી મોરી રે

ભગવાન વિષ્ણુનો અવતાર અને ધોળી ધજાવાળા મંદિર તરીકે પણ ઓળખાતું શામળાજી મંદિર ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે?

અ) બોટાદ બ) દ્વારકા
ક) જૂનાગઢ ડ) અરવલ્લી

## ઈર્શાદ

*મારો દીવો તારા ઘરને શી રીતે રોશન કરે?*
*દોસ્ત, સૌનું પોતીકું અજવાળું હોવું જોઈએ!*

--- રઈશ મનીયાર

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | | ૪ |
| | | | | ૫ | | | | | |
| ૬ | | | | | | ૭ | | ૮ | |
| | | | ૯ | | ૧૦ | | | | |
| ૧૧ | | ૧૨ | | ૧૩ | | | ૧૪ | | ૧૫ |
| ૧૬ | ૧૭ | | | ૧૮ | | ૧૯ | | | |
| | | | ૨૦ | | | | | | |
| | ૨૧ | | | | ૨૨ | | ૨૩ | | ૨૪ |
| ૨૫ | | | ૨૬ | | | | | | |
| ૨૭ | | | | | | ૨૮ | | | |

### આડી ચાવી

૧. પરમેશ્વર (૪)
૩. સચ્ચાઈ, ખરાપણું (૪)
૫. મિનિટનો સાઠમો ભાગ (૩)
૬. કપટી, દગાબાજ (૩)
૭. રીત, પ્રકાર (૩)
૧૦. વર્ષ (૨)
૧૨. મોજમજા, ગાનતાન (૪)
૧૪. આંખોનો પલકારો (૩)
૧૬. સમતા (૩)
૧૮. સંતાન, બાળબચ્ચાં (૪)
૨૦. પાપનો --- ફૂટ્યા વગર ન રહે (૨)
૨૧. આધાર, ભરોસો (૩)
૨૩. સુજાણ, સજ્જન માણસ (૩)
૨૬. વચલું (૩)
૨૭. ખરબચડું (૪)
૨૮. આભારી (૪)

### ઊભી ચાવી


૧. એક દિશા (૩)
૨. વાકેફગાર (૩)
૩. મજબૂત બાંધાનું (૪)
૪. ક્રોધ, ગુસ્સો (૨)
૫. લશ્કર, ફોજ (૨)
૮. મજૂર (૩)
૯. અનુકૂળ સમય, તક (૨)
૧૦. સરિત્પતિ (૩)
૧૧. સખત વાવાઝોડું (૨)
૧૨. દુ:ખ, ખેદ (૨)
૧૩. સાપનું ઘર (૩)
૧૪. હોદ્દો, દરજ્જો (૨)
૧૫. કાવ્ય રચે તે (૨)
૧૭. રીત, રિવાજ (૩)
૧૯. યુદ્ધ, મોટી લડાઈ (૨)
૨૦. એક દારનાં હોય તેવો ગાઢ સંબંધ (૪)
૨૨. નુકસાન, ગેરલાભ (૨)
૨૩. સારાપણું, સજ્જનતા (૩)
૨૪. બેફિકર (૩) (જો.છૂ.)
૨૫. સ્વપ્નું (૨)

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્રે | ૨ ર | ણા | ૩ દા | યી | | ૪ તા | ૫ લે | વં | ૬ ત |
| ૭ ક્ષ | મા | | દુ | | | ૮ રા | ખ | | ફા |
| ક | | | ૯ ર | ૧૦ સ | રા | જ | | | વ |
| | ૧૧ હ | ર્ષ | | ફ | | | ૧૨ અ | તી | ત |
| ૧૩ વે | ઠ | | | ર | | ૧૪ સૈ | ન્ય | | |
| | | ૧૫ વે | ણુ | | ૧૬ દં | | | ૧૭ જૂ | જ |
| ૧૮ ધ | નુ | ષ | | | પ | | ૧૯ બા | થ | |
| નુ | | | ૨૦ સાં | કે | તિ | ૨૧ ક | | | ૨૨ વ |
| ર્ધા | | ૨૩ વિ | પ્ર | | | હા | | ૨૪ હે | ત |
| ૨૫ રી | ત | ભા | ત | | ૨૬ ગ | ર | જ | વા | ન |

## ઓળખાણ પડી?

જગત પર શાસન કર્યું હોવાની માન્યતા ધરાવતા અને દુર્ગા માતાના સ્વરૂપ રાગન્યા દેવીને સમર્પિત ખીર ભવાની મંદિર કયા શહેરમાં છે?



અ) ઈમ્ફાલ બ) શ્રીનગર ક) નાગપુર ડ) ચંદીગઢ

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'એની સામે સંગીન પુરાવા ઉપલબ્ધ છે' પંક્તિમાં સંગીનનો અર્થ શું થાય એ જણાવો.

અ) મજબૂત બ) પારદર્શક ક) નકામા ડ) વાસ્તવિક

## માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. ઍરોફ્લોટ તરીકે ઓળખાતી ઍરલાઈન્સ કયા દેશમાં છે એ ઓળખી કાઢો.

અ) સ્વીડન બ) જાપાન ક) આલ્બેનિયા ડ) રશિયા

## સુડોકુ-૯૨૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | | | ૫ | | ૩ | | |
| ૪ | | | | | ૧ | | | ૫ |
| ૩ | ૮ | | ૪ | | | ૭ | | |
| ૯ | | | ૨ | | | | | |
| ૧ | ૪ | ૩ | | | | ૬ | ૮ | ૨ |
| | | | | | ૩ | | | ૯ |
| | | ૯ | | | ૪ | | ૭ | ૮ |
| ૬ | | | ૧ | | | | | ૩ |
| | | ૨ | | ૯ | | | ૬ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૯ | ૬ | ૨ | ૮ | ૩ | ૭ | ૧ |
| ૨ | ૭ | ૩ | ૧ | ૫ | ૯ | ૪ | ૬ | ૮ |
| ૧ | ૮ | ૬ | ૪ | ૭ | ૩ | ૫ | ૨ | ૯ |
| ૩ | ૪ | ૫ | ૨ | ૯ | ૭ | ૧ | ૮ | ૬ |
| ૭ | ૬ | ૧ | ૮ | ૪ | ૫ | ૨ | ૯ | ૩ |
| ૯ | ૨ | ૮ | ૩ | ૧ | ૬ | ૭ | ૪ | ૫ |
| ૫ | ૧ | ૭ | ૯ | ૬ | ૨ | ૮ | ૩ | ૪ |
| ૬ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ | ૯ | ૧ | ૭ |
| ૮ | ૯ | ૪ | ૭ | ૩ | ૧ | ૬ | ૫ | ૨ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તંગ | ઢીલું |
| તંગી | છૂટ |
| તંગદિલી | શાંતિ |
| તંદુરસ્ત | માંદું |
| તકદીર | દુર્ભાગ્ય |

**ગુજરાત મોરી મોરી રે:** રાજકોટ

**ઓળખાણ પડી?** કર્ણાટક

**માઈન્ડ ગેમ :** જર્મની

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** ચૂડલી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પ્રિતીબેન ઉદય શેઠ (૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) હર્ષા મહેતા (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મહેશ સંઘવી (૧૪) કમલ માતલિયા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભામિની સંપટ (૧૯) પ્રતિમા પમાણી (૨૦) ધીરેન્દ્ર મુલરાજ (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ખુશરૂ કાપડિયા (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૮) જયવંત પદમશી ચિખલ (૨૯) પુષ્પા ખોના (૩૦) અંજુ ટોલિયા (૩૧) નિતીન જયંતીલાલ બજરિયા (૩૨) ભાવના કર્વે (૩૩) અલકા વાણી (૩૪) ડાયના સંતોકે (૩૫) વત્સલ ઉદય શેઠ - સીયાટેલ (યુએસએ) (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) અરવિંદ કામદાર (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) રમેશભાઈ દલાલ (૪૦) હિનાબેન દલાલ (૪૧) ઈનાક્ષીબેન દલાલ (૪૨) સુભાષ મોમાયા (૪૩) લજિતા ખોના (૪૪) પુષ્પા પટેલ (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) નીતા દેસાઈ (૪૭) પ્રવીણ વોરા (૪૮) મહેશ દોશી (૪૯) તાહેર ઔરંગાબાદવાલા (૫૦) શીરીન ઔરંગાબાદવાલા (૫૧) મહેન્દ્ર લોઢાવિયા

# મોડાસામાં ડામરના ટેન્કરમાંથી ઝડપાયો વિદેશી દારૂ: બુટલેગરોની ચાલાકીથી પોલીસ પણ ચોંકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીના ભાગરૂપે એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો હતો. અરવલ્લી જિલ્લાના મોડાસા રૂરલ વિસ્તારમાં પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરેલું એક ટ્રક ટેન્કર હિંમતનગર તરફ જઈ રહ્યું છે.

આ બાતમીના આધારે પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક વોચ ગોઠવી આ ટ્રકને આંતરી લીધું હતું અને ડ્રાઈવર સુખરામ બિશ્નોઈને ઝડપી પાડ્યો હતો.

પોલીસની તપાસ દરમિયાન સૌથી ચોંકાવનારી વાત એ હતી કે દારૂને છુપાવવાની રીતની હતી. આમ ટ્રક જોવામાં ડામર લઈ જતું સામાન્ય ટેન્કર લાગતું હતું. પોલીસ જ્યારે તપાસ કરી ત્યારે ટેન્કરનું ઉપરનું ઢાંકણ ખોલતા અંદર એકાદ ફૂટ ડામર ભરેલો જોવા મળ્યો હતો, પરંતુ ટેન્કરની સાઈડમાં એક ગુપ્ત બોક્સ બનાવવામાં આવ્યું હતું. ગઠિયાઓએ પોલીસની આંખમાં ધૂળ નાખવા માટે દારૂના જથ્થાને ટેન્કરની અંદર આ રીતે ખૂબ જ ચાલાકીથી સંતાડ્યો હોવાનું ખૂલ્યું હતું.

પોલીસની તપાસમાં આ ટેન્કરમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૨૩૦૦ કરતાં વધારે બોટલ મળી આવી હતી, જેની કિંમત ૨૮.૪૮ લાખ રૂપિયા થાય છે. ટ્રક અને અન્ય મુદ્દામાલ મળીને કુલ રૂ. ૪૩.૬૨ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો.

વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે આ જ ટ્રક વર્ષ ૨૦૨૩માં ડીસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પણ દારૂના કેસમાં પકડાયું હતું અને ફેબ્રુઆરી ૨૦૨૬માં કોર્ટમાંથી છૂટ્યા બાદ ફરીથી આ જ ગેરકાયદે પ્રવૃત્તિમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ રેઈડ બાદ પોલીસે ડ્રાઈવરની પૂછપરછમાં મળેલ માહિતીના આધારે દારૂ મોકલનાર બે મુખ્ય આરોપીઓ સહિત કુલ પાંચ લોકો સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો હતો.

# આજથી દર સોમવારે ગુજરાત યુનિવર્સિટીમાં 'નો વ્હિકલ ડે'

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઈંધણની બચત અને પર્યાવરણનું જતન આ બંને હેતુ માટે ગુજરાત યુનિવર્સિટીએ આજથી દર સોમવારે કેમ્પસમાં, 'નો વ્હિકલ ડે' જાહેર કર્યો છે. યુનિવર્સિટી સત્તાવાળાઓ દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર પરિપત્ર દ્વારા આ નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે અને આગામી સોમવારથી અમલમાં રહેશે. આ નિર્દેશ આગામી સૂચના સુધી અમલમાં રહેશે, તેવી માહિતી મળી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર કાર્યકારી રજિસ્ટ્રાર દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, આ નિયમ યુનિવર્સિટીના તમામ વિભાગો અને સંલગ્ન કૉલેજોને લાગુ પડશે. શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને સોમવારે તેમના ખાનગી વાહનોનો ઉપયોગ કરવાનું ટાળવાની સૂચના આપવામાં આવી છે. આ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય કેમ્પસમાં પ્રદૂષણનું સ્તર ઘટાડવાનો અને એકંદર કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાનો છે.

પેટ્રોલ અને ડીઝલના વધુ પડતા વપરાશને મર્યાદિત કરવા માટે વડા પ્રધાન દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી અપીલ બાદ આ પગલું લેવામાં આવ્યું છે. અગાઉ, ગુજરાત યુનિવર્સિટીએ કારપૂલિંગ પહેલ શરૂ કરી હતી, જેમાં એક જ વિસ્તારોમાંથી આવતા કર્મચારીઓને વ્યક્તિગત રીતે મુસાફરી કરવાને બદલે વાહનો શેર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રયાસનો હેતુ ટ્રાફિક હળવો કરવા અને પર્યાવરણીય અસર ઘટાડવાનો હતો. યુનિવર્સિટી વહીવટીતંત્રને આશા છે કે 'નો વ્હિકલ ડે'ની રજૂઆત સ્ટાફમાં વધુ જવાબદારી પેદા કરશે. અધિકારીઓ માને છે કે આવા પગલાંનો સતત અમલ ઇંધણનો વપરાશ ઘટાડવા અને કેમ્પસમાં પર્યાવરણની જાળવણીમાં મદદ કરશે.

# રાજ્યની અલગ અલગ જેલમાં રહેલા ૪૪ કેદી બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યની વિવિધ જેલોમાં રહેલા કુલ ૪૪ કેદીએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં સફળતા મેળવી છે, જેમાં ધોરણ-૧૦માં ૨૨ અને ધોરણ-૧૨માં ૨૨ કેદી પાસ થયા છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

જેલ વિભાગ દ્વારા કેદીઓને પરીક્ષાના ફોર્મ ભરાવવાથી લઈને પુસ્તકો, અભ્યાસ સામગ્રી અને વિવિધ વિષયોના વર્ગો સુધીની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેલ પરિસરમાં જ બોર્ડ પરીક્ષાના સેન્ટરની વ્યવસ્થા કરાતા અનુકૂળ વાતાવરણ મળ્યું હતું.

એક કેદીએ પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં જણાવ્યું કે, સજા મળ્યા બાદ લાગતું હતું કે જીવન સમાપ્ત થઈ ગયું છે, પરંતુ જેલમાં ચાલતા રેડિયો પ્રીઝન, વેલ્ફેર ઑફિસ અને જેલ અધિકારીઓ દ્વારા મળેલી પ્રેરણાએ તેને ફરી અભ્યાસ તરફ વાળ્યો. આજે પરીક્ષામાં સફળતા મળતાં તેને વર્ષો બાદ ફરી જીવતો હોવાનો અહેસાસ થયો છે. અન્ય એક કેદીએ જણાવ્યું હતું કે, પરિવારની આર્થિક પરિસ્થિતિને કારણે તેનો અભ્યાસ અધવચ્ચે છૂટી ગયો હતો અને સજા બાદ તે ડિપ્રેશનમાં આવી ગયો હતો. પરંતુ જેલ અધિકારીઓના કાઉન્સેલિંગ અને પ્રોત્સાહનથી તેણે ફરી ભણવાનું શરૂ કર્યું અને આજે પરીક્ષામાં સફળતા મેળવી છે.

ધોરણ-૧૨માં પાસ થયેલા એક કેદીએ જણાવ્યું હતું કે, જેલમાં હોવા છતાં તેના સપનાઓ જીવંત છે. તે અઠવાડિયામાં બે દિવસ સંગીતના ક્લાસમાં ભાગ લે છે અને બહાર જઈને ગાયક બનવાની ઇચ્છા ધરાવે છે. જેલ પ્રશાસન દ્વારા કેદીઓ માટે આધુનિક લાઇબ્રેરીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

પુસ્તકો ઉપરાંત ઓડિયો બુકની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પુસ્તકો કેદીઓના જીવનમાં સકારાત્મક વિચારસરણી અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદરૂપ બની રહ્યા છે.

જેલ વિભાગ દ્વારા નિયમિત રીતે વિશેષ લેક્ચર્સનું આયોજન કરવામાં આવે છે, જેમાં શાળા-કૉલેજના શિક્ષકો અને વિષય નિષ્ણાતો જેલની અંદર આવીને તેમને માર્ગદર્શન આપે છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

# બે પિતરાઈ ભાઈ સહિત ચાર જણનાં એક્સિડેન્ટમાં મોત

અમદાવાદ: ગુજરાતમાં બનેલી બે અકસ્માતની ઘટનાએ ચાર યુવકનો જીવ લીધો હતો, જેમાં બે પિતરાઈ ભાઈનો પણ સમાવેશ થાય છે. મહેસાણાના વિજાપુરમાં થયેલા અકસ્માતમાં એક કારચાલકે એક બાઈક અને એક મોપેડને ટક્કર મારતાં બન્ને વાહનચાલકનાં મોત નિપજ્યાં હતાં જ્યારે કારમાં બેસેલા અન્ય આઠને ઈજા થઈ હતી. વિજાપુરના મોતીપુરા પાસે રાજસ્થાન તરફથી આવી રહેલી કારના ચાલકે નિયંત્રણ ગુમાવતા એક બાઈક અને એક મોપેડને હડફેટે લીધા હતા. બન્ને વાહનો હવામાં ફંગોળાયાં હતાં અને એક બાજુના ખેતરમાં જઈ પડ્યું હતું. બન્ને યુવક ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં કારની અતિશય ઝડપ અને ચાલકની બેદરકારી જ અકસ્માતનું મુખ્ય કારણ હોવાનું કહેવાઈ રહ્યું છે.

આવો બીજો અકસ્માત રાજકોટ જિલ્લાના જસદણના ગોખલાણા નજીક થયો હતો, જેમાં બે પિતરાઈ ભાઈના મોત નિપજ્યાં હતાં. બે કાર વચ્ચેના અકસ્માતમાં એક જ પરિવારના યુવાનોના મોતથી પરિવાર સહિત આખું ગામ શોકમાં ગરકાવ થઈ ગયું હતું. પોલીસે તપાસ હાથ ધરી હતી.

# લંડન હીથ્રો એરપોર્ટ પર ગુજરાતની કેસર કેરી પહોંચી, હવે શાકભાજી મોકલવાની પણ તૈયારી

અમદાવાદ: સૌરાષ્ટ્રની કેસર કેરીનો દબદબો ગુજરાત પૂરતો મર્યાદિત નથી, પરંતુ દેશ સાથે વિદેશમાં પણ કેસર કેરી એટલી જ ખવાય છે. ખાસ કરીને ગુજરાતીઓ કેસર અને મહારાષ્ટ્રની હાફૂસ કેરી જ પસંદ કરે છે. ગુજરાતની કેરીઓ વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસ્ડ થઈને પછી વિદેશોમાં મોકલવામાં આવે છે. નિકાસકારોના જણાવ્યા મુજબ, માત્ર કેરી જ નહીં પરંતુ ૨૦૨૬ના ચોમાસા પછી એટલે કે આગામી સપ્ટેમ્બર મહિનાથી ગુજરાતના પ્રીમિયમ શાકભાજી જેવા કે મરચાં, ભીંડો, કારેલા, તૂરિયા અને ગલકા સહિતની જણસો પણ આ જ આધુનિક પ્રોસેસિંગ સાથે વિદેશી બજારોમાં મોકલવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે, તેમ ગુજરાત સરકારની અખબારી યાદીમાં જણાવાયું હતું.

# જ્યોર્જિયામાં એમબીબીએસનો અભ્યાસ કરી રહેલો અમદાવાદનો યુવક ગુમ, પરિવાર ચિંતામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જ્યોર્જિયામાં એમબીબીએસનો અભ્યાસ કરી રહેલ અમદાવાદનો એક યુવક છેલ્લા ૧૦ દિવસથી રહસ્યમય સંજોગોમાં ગુમ થયો છે, જેના કારણે પરિવાર ચિંતામા છે. વિદ્યાર્થીના પરિવારે ભારત સરકાર અને વિદેશ મંત્રાલયને તેને શોધવા અને તેના સુરક્ષિત પરત આવવા માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે.

અમદાવાદનો રહેવાસી ધ્વનિત રાજદીપ શરૂઆતમાં મેડિકલનો અભ્યાસ કરવા માટે યુક્રેન ગયો હતો. જોકે, ત્યાં યુદ્ધની પરિસ્થિતિને કારણે, તે છેલ્લા બે વર્ષથી જ્યોર્જિયાની કાકેશસ ઇન્ટરનેશનલ યુનિવર્સિટીમાં એમબીબીએસ કરી રહ્યો છે.

ધ્વનિતના પિતા મયુરભાઈ રાજદીપે મીડિયા સાથે વાત કરતા તેમના પુત્રના ગુમ થવાના સંજોગો અંગે ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમના કહેવા અનુસાર ધ્વનિતને હોસ્ટેલમાં તેની સાથે રહેતા કેટલાક વ્યક્તિઓ ગંભીર માનસિક ત્રાસ આપતા હતા. આ કારણે તેણે પોતાનું રહેવાનું પણ અન્યત્ર કરી નાખ્યું હતું, પરંતુ ત્રણ જણ તેને પરેશાન કરવાનું બંધ કરતા ન હતા, તેવો આક્ષેપ પરિવારે કર્યો હતો.

તેણે ભારત પરત ફરવાનો પ્લાન બનાવ્યો હતો અને એરપોર્ટ જવા નીકળ્યો હતો, પરંતુ પછીથી તે ગુમ થઈ ગયો અને પરિવાર તેનો સંપર્ક કરી શકતો નથી. પરિવારના કહેવા અનુસાર કાં તો કે કોઈને કહ્યા વિના નીકળી ગયો હશે અથવા તેની સાથે કંઈક અજુગતું બન્યું હશે તેવો ડર પરિવારને સતાવી રહ્યો છે. પરિવારે વિદેશ મંત્રાલય અને પ્રાઈમ મિનિસ્ટરની ઓફિસને આ મામલે હસ્તક્ષેપ કરવા અપીલ કરી હતી. આ ઘટનાએ વિદેશમાં અભ્યાસ સંતાનોના પરિવારોને પણ ફરી વિચારતા કરી મૂક્યા છે.

# નખત્રાણાના નાની બન્ની વિસ્તારમાં સોલાર પ્રોજેક્ટ સામે ૧૧ ગામના માલધારીઓ આકરાં પાણીએ

ભુજ: નખત્રાણા તાલુકાના નાની બન્ની વિસ્તારમાં 'એનટીપીસી ગ્રીન એનર્જી' કંપની દ્વારા સ્થાપિત થનારા ૪૫૦૦ એકરના વિશાળ સોલાર પ્રોજેક્ટ સામે સ્થાનિક પશુપાલકો અને પર્યાવરણપ્રેમીઓમાં તીવ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. આ સૂચિત પ્રોજેક્ટના વિરોધમાં ફુલાય ગ્રામ પંચાયતના જૂથ ગામો જેવા કે ફુલાય, મોતીચૂર, વેડહાર, મોટી, છારી, પૈયા, ગેચડો, તલ, લૈયારી, તલવાંઢ અને અજોરિયાવાંઢ સહિતના ૧૧ ગામના માલધારીઓ અને જાગૃત નાગરિકોએ એકત્ર થઈને કંપની વિરુદ્ધ મોરચો માંડ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટના કારણે વિસ્તારના હજારો પશુધન માટે ચરિયાણ (ગૌચર)નો ગંભીર પ્રશ્ન ઊભો થશે. આ ઉપરાંત, વિશ્વપ્રસિદ્ધ 'રામસર સાઈટ' અને યાયાવર પક્ષીઓનું સ્વર્ગ ગણાતા છારીઢંઢ પ્રકૃતિધામના અસ્તિત્વ સામે પણ મોટો ખતરો પેદા થયો છે, જ્યાં દેશ-વિદેશથી હજારો પ્રવાસીઓ આવે છે. પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલી માલધારીઓની સભામાં પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય હોતખાન મુતુવા, અમીજ જત, સરપંચ ફતેહબાઈ રબરખિયા અને એડવોકેટ અમીન કરમખાન સહિતના આગેવાનોએ કંપનીની આ તજવીજ સામે આકરા પ્રહારો કર્યા હતા. આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે કે, સ્થાનિક ધારાસભ્યને સાથે રાખીને જિલ્લા કલેક્ટરથી લઈ ગાંધીનગર અને દિલ્હી સુધી ગાંધીચીંધ્યા માર્ગે લડત ચલાવવામાં આવશે. જ્યાં સુધી આ વિસ્તારમાં શરૂ કરાયેલું ગેરકાયદે કામ બંધ નહીં થાય, ત્યાં સુધી પશુ-પક્ષી અને પર્યાવરણના હક્કો માટે સખત આંદોલન જારી રખાશે.

## વેપાર વાણિજ્ય

# બજારની નજર હોર્મુઝ અખાતની જળસપાટી પર

**નિલેશ વાઘેલા**

મુંબઇ: વિશ્વભરના ઇક્વિટી માર્કેટ માટે આજે એક જ સૌથી મોટો પડકાર, હોર્મુઝ સ્ટ્રેઇટમાં સ્મૂધ સેઇલિંગનો છે. આ ખાડી પરના બ્લોકેડને કારણે અનેક દેશના અર્થતંત્રના ધબકારા ધીમા પડી ગયા છે. આ મોરચેથી આવનારા અનેક નવા સમાચારમાં એક આશાવાદ જન્માવનાર સમાચાર અનુસાર ઇરાન અને અમેરિકા સીઝફાયર ૬૦ દિવસ લંબાવવાની તૈયારી કરી રહ્યા છે અને ઇરાન એન્રીચ્ડ યુરેનિયમ અમેરિકાને સૌંપવા તૈયાર થયું છે. સીઝાફાયર વધુ બે મહિના લંબાય અને બ્લોકેડ હળવું થાય એ ભારત માટે ઘણા સારા સમાચાર છે, જે ઇક્વિટી માર્કેટમાં તેજી લાવી શકે છે. જોકે, ધ્યાન રહે કે અનિશ્ચિતતાનો હજું અંત આવ્યો નથી!

બજારના અસરકર્તા અન્ય મુખ્ય પરિબળોમાં રૂપિયાની ગતિ, ક્રૂડ ઓઇલના ભાવ, કંપની પરિણામ મુખ્ય ટ્રિગર્સ છે. પાછલા સપ્તાહે રૂપિયો એક તબક્કે લગભગ ૮૭ની લગોલગ વિક્રમી નીતી સપાટીએ પટકાઈને ફોકસમાં રહ્યો. અલબત્ત શુક્રવારે ભારતીય ચલણ સુધરીને યુએસ ડોલર સામે ૯૫.૬૯ ની નજીક બંધ થયું. જોકે, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો, એફઆઇઆઇનો એકધારો આઉટફ્લો અને ગ્લોબલ રિસ્ક ઓફ સેન્ટિમેન્ટને કારણે રૂપિયો સપ્તાહ દરમિયાન દબાણ હેઠળ રહ્યો. ક્ષેત્રીય રીતે, વલણ મિશ્ર હતું. તાજેતરના કરેક્શન પછી આઇટી શેરોમાં તેજી જોવા મળી, નિફ્ટી આઇટી ઇન્ડેક્સ અઠવાડિયા દરમિયાન લગભગ પાંચ ટકા વધ્યો. અઠવાડિયાના અંતમાં રિયલ એસ્ટેટ (૨.૩ ટકા) અને ડિફેન્સ ૧.૧૦ ટકા) શેરોની વૃદ્ધિએ પણ બજારને ટેકો આપ્યો હતો.

સેન્ટ્રલ બેંકે રૂપિયામાં વધારાની અસ્થિરતાને રોકવા માટે ડોલરના વેચાણમાં વધારો કર્યો હોવાના અહેવાલ છે. ટોક્નિકલ એનાલિસ્ટ જણાવે છે કે, ભારતીય ચલણે ૯૬.૯૬ ઝોનની નજીકના સાપ્તાહિક ચાર્ટ પર શૂટિંગ સ્ટાર કેન્ડલ બનાવ્યું. આ પેટર્ન ઉચ્ચ સ્તરે અસ્વીકાર દર્શાવે છે. યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ દ્વારા જણાવ્યું હતું કે ઇઝરાયલ અને પ્રદેશના અન્ય સાથીઓ સાથેના કોલ પછી ઇરાન સાથે શાંતિ કરાર મોટાભાગે વાટાઘાટો મારફત કરવામાં આવ્યો છે, જે ત્રણ મહિનાથી ચાલતા યુદ્ધના અંત માટે માર્ગ મોકળો કરી શકે છે. ટ્રમ્પના મતે, ઔપચારિક જાહેરાત પહેલાં સોદાની અંતિમ વિગતો પર ચર્ચા થઈ રહી છે. આ સમાચાર બજારને માટે રાહત આપનારા છે.

આ સપ્તાહ રજાને કારણે ટૂંકુ રહેશે, જેમાં ભારતીય બજારો ગુરુવાર, ૨૮ મેના રોજ બકરી ઈદના કારણે બંધ રહેશે. મુખ્ય વૈશ્વિક ટ્રિગર ગુરુવારે યુએસ પીસીઈ ફુગાવાના ડેટા હશે, જે યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા નજીકથી ટ્રેક કરવામાં આવે છે. અપેક્ષા કરતાં વધુ ઝડપી ફુગાવો યુએસ બોન્ડ યીલ્ડને ઉંચા સ્તરે ખેંચી શકે છે અને ગ્લોબલ રિસ્ક સેન્ટિમેન્ટ પર ભાર મૂકી શકે છે. યુએસ બજારો સોમવારે મેમોરિયલ ડે માટે બંધ છે.

કોર્પોરેટ કમાણીની મોસમ ભારતમાં સ્ટોક-વિશિષ્ટ કામકાજને આગળ ધપાવશે. આઠવાડિયે પરિણામ જાહેર કરનારી કંપનીઓમાં એનબીસીસી, રેલ વિકાસ નિગમ, એનજીસી, સિમેન્સ, કમિન્સ ઇન્ડિયા, અલ્કેમ લેબોરેટરીઝ, અશોક લેલેન્ડ, ભારત ડાયનેમિક્સ, એશિયન પેઇન્ટ્સ, ગ્લેનમાર્ક અને ઇન્ડિગોનો સમાવેશ થાય છે. કોર્પોરેટ પરિણામ એકંદરે મિશ્ર રહ્યા હતા. સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝે ચોથા ક્વાર્ટરમાં ૨૬.૨ ટકાના વધારા સાથે રૂ. ૨,૭૧૪.૦૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. જ્વેલરી સેક્ટરની ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૫.૭૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨,૦૫૧.૦૨ કરોડની કુલ આવક, ૯૫.૬૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૨૬.૯૯ કરોડનો એબિટા અને ૯૮.૮૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૮૯.૪૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ત્રિમાસિક સમયગાળામાં ૮૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૪૨.૨૨ કરોડની કુલ આવક અને ૯૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૯.૭૬ કરોડનો ચોખ્કો નફો નોંધાવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં કંપનીએ ૪૫ ટકાના વધારા સાથે રૂ. ૪૧૯.૭૫ની આવક નોંધાવી છે. ડીપી અભૂષણ લિમિટેડે ૨૦૨૬ના ચોથા ત્રિમાસિક પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૦૧ ટકાના વધારા સાથે રૂ. ૫૦.૬૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે પાછલા સમાનગાળામાં રૂ. ૨૫.૧૫ કરોડ હતો. એ જ રીતે, કુલ આવક રૂ. ૭૧૭.૬૪ કરોડ સામે ૮૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૩૩૮.૯૮ કરોડ નોંધાઇ છે.

ક્રૂડ ઓઇલના ભાવ અઠવાડિયા દરમિયાન અસ્થિર રહ્યા. બ્રેન્ટ ક્રૂડ ૧૦૩.૫૪ ડોલર પ્રતિ બેરલની નજીક બંધ થયું, જ્યારે ડબલ્યુટીઆઇ ૯૬.૬૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ બંધ થયું. અઠવાડિયા દરમિયાન, બ્રેન્ટ અને ડબલ્યુટીઆઇ બંને લગભગ પાંચ ટકા ઘટીને અનુક્રમે ૧૦૪ ડોલર પ્રતિ બેરલ અને ૧૦૦ ડોલર પ્રતિ બેરલ પર બંધ થયા. જોકે ભાવ ઊંચા રહ્યા છે, જે ભારતના ફુગાવા, ચાલુ ખાતાની ખાધ અને રૂપિયાના અંદાજ માટે મુખ્ય જોખમ રહેશે.

# ફાઈનાન્સ શૅરોમાંથી ફૉરેનર્સનું પલાયન: પખવાડિયામાં ₹ ૧૮૦૦૦ કરોડની વેચવાલી

મુંબઈ : વિદેશી સંસ્થાકીય રોકાણકારો-ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ભારતીય શેર બજારોમાં પાછલા ઘણા મહિનાઓથી થઈ રહેલી વેચવાલી ચાલુ વર્ષમાં પણ વધતી જોવાઈ છે. ફોરેન ઈન્વેસ્ટરોએ ચાલુ મે મહિનાના પ્રથમ પખવાડિયામાં રોકાણ પાછું ખેંચવાનું ચાલુ રાખ્યું છે. આ સમયગાળામાં ફાઈનાન્શિયલ ક્ષેત્રની કંપનીઓના શેરોમાંથી કુલ વિદેશી રોકાણના લગભગ ૪૭ ટકા એટલે કે રૂ.૧૭,૯૬૦ કરોડ પાછા ખેંચી લીધા છે. બેંકોના માર્જિનમાં ઘટાડા અને અન્ય ઊભરતા બજારોની તુલનાએ ભારતમાં ઓછા આકર્ષણે રોકાણ પાછું ખેંચાયું છે.

એક તરફ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટી વધારવાના અને ફુગાવાને કાબૂમાં લેવા માટે રેપો રેટ સહિતમાં વધારો કરવામાં આવશે એવા અહેવાલો અને બીજી તરફ અમેરિકી ડોલર સામે રૂપિયો વિક્રમી નવા તળીયે જતો હોઈ ફોરેક્સ માર્કેટમાં દરમિયાનગિરી કરી પડતી અટકાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આવા સમયે વિદેશી રોકાણકારોના રોકાણમાં એકત્રિત ધોરણે મોટી ઓટ જોવાઈ રહી છે. મે મહિનાના પ્રથમ ૧૫ દિવસમાં જ ફંડોએ ફાઈનાન્શિયલ સર્વિસિઝ ક્ષેત્રની કંપનીઓના શેરોમાંથી રૂ.૧૮૦૦૦ કરોડ જેટલું રોકાણ પાછું ખેંચી લેતાં ચિંતા વ્યાપી છે.

બેંકિંગ ક્ષેત્રની નિષ્ણાંતોનું કહેવું છે કે, બેંકો ઉંચા બોન્ડ યીલ્ડ્સના પડકારનો સામનો કરી રહી છે, અને એના કારણે ટ્રેઝરી આવક પર અસર પડી શકે છે. જ્યારે એક્સપેક્ટેડ ક્રેડિટ લોસ (ઈસીએલ) ધોરણોનું અમલીકરણ, ઊંચી જોગવાઈની આવશ્યકતાના કારણે વળતરનું પ્રમાણ-રેશીયો નજીકના દિવસોમાં અનિશ્ચિત બનવાની શકયતા છે. જાન્યુઆરીથી એપ્રિલ દરમિયાન વિદેશી રોકાણકારોએ રૂ.૯૧૦૦૦ કરોડના ફાઈનાન્શિયલ ક્ષેત્રની કંપનીઓના શેરોમાં વેચાણ કર્યું છે. આ ક્ષેત્રમાં વિદેશી રોકાણકારો ભારતમાં મોટી ઓનરશીપ ધરાવે છે. આ દરમિયાન બેંક નિફટીમાં પણ છેલ્લા એક મહિનામાં ૭ ટકા જેટલો ઘટાડો થયો છે, જેની સામે બેન્ચમાર્ક નિફટી ચાર ટકા ઘટયો છે. બેંકિંગમાં વેલ્યુએશન એકંદર વાજબી સ્તરે છે અને વિદેશી રોકાણ જાવક ખાસ આ રોકાણકારો ભારતમાં પોતાનું એક્સપોઝર-રોકાણ ઓછું કરવા માંગતા હોવાના કારણે છે. મે મહિનાના પ્રથમ પખવાડિયામાં તમામ ૧૯ સેક્ટરમાં વિદેશી રોકાણકારોએ રૂ.૩૮,૪૪૩ કરોડના શેરોનું વેચાણ કર્યું છે. જેમાં ઓઈલ-ગેસ ક્ષેત્રના શેરોમાં રૂ.૬૮૮૫ કરોડનું અને ટેલીકોમ શેરોમાં રૂ.૨૫૪૨ કરોડના શેરોનું વેચાણ થયું છે. અલબત આ પખવાડિયામાં ચાર ક્ષેત્રોમાં વિદેશી રોકાણકારોએ રૂ.૧૧,૩૯૫ કરોડની ખરીદી પણ કરી છે. જેમાંથી ૬૦ ટકા સર્વિસિઝ ક્ષેત્રના શેરોમાં થઈ છે. સર્વિસિઝ ક્ષેત્રમાં અદાણી ગ્રુપ કંપનીઓમાં અદાણી પોર્ટ, અદાણી એન્ટરપ્રાઈસીઝ સહિતનો સમાવેશ છે. કોર્પોરેટ પરિણામ એકંદરે મિશ્ર રહ્યા હતા. ખોટ અને નફામાં ઘટાડો નોંધાવનારી કંપનીઓની સંખ્યા વધી છે. જાહેર ક્ષેત્રની કંપનીઓની કામગીરી તુલનાત્મક રીતે સારી રહી છે. ભારતના ફાઇનાન્શિઅલ સેકટરમાં માર્ચ ત્રિમાસિક સમયગાળામાં સૌથી વધુ મફો રળનારી કંપનીમાં ૨૩ ટકાના વધારા સાથે રૂ. ૨૩,૪૨૦ કરોડનો નફો નોંધાવી એલઆઇસી ટોચ પર રહી છે. આ પછી રૂ. ૧૯,૬૮૪ કરોડ સાથે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા અને રૂ. ૧૯,૨૨૧ કરોડના નફા સાથે એચડીએફસી બેન્કે સ્થાન મેળવ્યું છે.

# ઔદ્યોગિક ક્ષેત્રે આગથી થતાં કરોડોના નુકસાન માટે ફાયર સેફ્ટીનો અભાવ કારણભૂત

મુંબઇ: આગની ઘટનાઓ તાજેતરમાં હદ પાર વધી ગઇ છે અને તેને કારણએ ઔદ્યોગિક એકમોને કરોડો રૂપિયાનું નુકસાન થતું હોય છે. જોકે, આ ઘટનાઓમાં ફાયર સેફ્ટીને લગતા જરૂરી પગલા લેવાની આળસ કે લાપરવાહી વધુ જબાવદાર હોવાનું એક વિશ્લેષણમાં જાણવા મળ્યું છે. વાસ્તવમાં ઉનાળાના મહિનાઓમાં સમગ્ર ભારતમાં તાપમાનમાં વધારો થતાં, રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક સંસ્થાઓમાં આગ લાગવાનું જોખમ નોંધપાત્ર રીતે વધે છે.

દર વર્ષે ફેક્ટરીઓ, વેરહાઉસ, મોલ, હોસ્પિટલો અને રહેણાંક ઇમારતોમાં વિનાશક આગના બનાવો જોવા મળે છે. નિષ્ણાતો માને છે કે જો આવી દૂર્ઘટનાથી બચવાની સારી તૈયારી, જાળવણી અને જાગૃતિ દ્વારા આમાંની ઘણી ઘટનાઓ નિવારી શકાઇ હોત! હાલ આપણા દેશના ઘણા રાજ્યમાં ૪૫થી ૫૫ ડીગ્રી જેટલી ગરમી પડી રહી છે. આવી પરિસ્થિતિ આગના ફેલાવાને ઝડપી બનાવી શકે છે. અતિશય ગરમીના કારણે વિદ્યુત પ્રણાલીઓ વધુ ગરમ થઈ શકે છે, કુલીંગ સાધનો પર ભાર વધી શકે છે, શોર્ટ સર્કિટ થઈ શકે છે અને સાધનો નિષ્ફળ થઈ શકે છે.

શુષ્ક હવામાન અને તીવ્ર પવનો આગના ઝડપી પ્રસારમાં ફાળો આપે છે. ઔદ્યોગિક સુવિધાઓમાં, ગરમી પ્રત્યે સંવેદનશીલ પદાર્થો, રસાયણો અને જ્વલનશીલ પદાર્થોના સંપર્કમાં જોખમનું બીજું સ્તર ઉમેરાય છે. વાણિજ્યિક જગ્યાઓમાં વધુ પડતી ઓક્યુપન્સી અને એર-કન્ડીશનીંગ સિસ્ટમનો વ્યાપક ઉપયોગ પણ વિદ્યુત માળખા પર વધારાનો તાણ મૂકે છે. ઉનાળામાં આગ લાગવાના સૌથી સામાન્ય કારણોમાંનું એક ઇલેક્ટ્રિકલ ખામી છે. ઉનાળા દરમિયાન ઓવરલોડેડ સર્કિટ, જૂના વાયરિંગ, નબળી ગુણવત્તાવાળા ઇલેક્ટ્રિકલ ઘટકો અને નિયમિત નિરીક્ષણનો અભાવ ગંભીર જોખમોમાં ફેરવાઈ શકે છે, એમ જણાવતાં એચડી ફાયર પ્રોટેક્ટ લિમિટેડના સીએમડી હરીશ ધરમશી કહે છે કે, તમામ સંસ્થાઓ માટે સમયાંતરે ઇલેક્ટ્રિકલ ઓડિટ અને નિવારક જાળવણી ફરજિયાત બનવી જોઈએ.

કંપનીઓએ ઉનાળાની શરૂઆત પહેલાં જ ટ્રાન્સફોર્મર, સ્વીચબોર્ડ, ડીજી સેટ અને એચવીએસી સિસ્ટમ્સની ખાસ સર્વિસિંગ કરાવી લેવી જોઇએ.

બીજો મહત્વપૂર્ણ પાસું આગ શોધ અને દમન તૈયારી છે. ફાયર એલાર્મ, સ્મોક ડિટેક્ટર, સ્પ્રિંકલર્સ, હાઇડ્રેન્ટ્સ અને અગ્નિશામક ઉપકરણોનું સમયાંતરે નિરીક્ષણ અને પરીક્ષણ કરવું જોઈએ જેથી ખાતરી કરી શકાય કે તેઓ સંપૂર્ણપણે કાર્યરત છે. કમનસીબે, ઘણી કંપની ફાયર સેફ્ટીને જીવન બચાવનાર જરૂરિયાતને બદલે કમ્પ્લાયન્સની જરૂરિયાત માને છે. યોગ્ય રીતે જાળવણી ન કરાયેલ ફાયર સિસ્ટમ્સ ઘણીવાર કટોકટી દરમિયાન નિષ્ફળ જાય છે, જેના કારણે દુ:ખદ પરિણામો આવે છે.

કર્મચારીઓની જાગૃતિ અને તાલીમ પણ એટલી જ મહત્વપૂર્ણ છે. નિયમિત ફાયર ડ્રીલ, ઇવેક્યુએશન કસરતો અને સલામતી વર્કશોપનું આયોજન કરવાથી કટોકટી પ્રતિભાવ ક્ષમતાઓમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે. દરેક કર્મચારીએ આગના જોખમોને કેવી રીતે ઓળખવા, અગ્નિશામક સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો અને ઇવેક્યુએશન પ્રોટોકોલનું શાંતિથી અને કાર્યક્ષમ રીતે પાલન કેવી રીતે કરવું તે જાણવું જોઈએ.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | ૩૨-૨૦૨૬-૨૭ | આસિસ્ટન્ટ ડિવિઝિનલ એન્જિનિયર-ધોળા અધિકારક્ષેત્ર-ધોળા ખાતે સબવે/LHS, સ્ટેશન પ્લેટફોર્મ સબવે અને આસપાસના વિસ્તાર ખાતે વરસાદી પાણી ઉલેચવાનું/ કાઢવાનું કામ. | ૩૧,૧૧,૩૭૨.૦૦ | ૬૨,૨૦૦.૦૦ |
| 02 | ૩૩-૨૦૨૬-૨૭ | અમરેલી-ધારી સેક્શન (MG) - કિ.મી. ૧૯/૬-૮ ખાતે મુખ્ય બ્રિજ નં. ૩૨ અને કિ.મી. ૨૬/૯-૨૭/૨ ખાતે બ્રિજ નં. ૪૨ નું પુનર્વસન કરવાનું કામ. | ૪,૨૧,૪૫,૧૩૬.૩૪ | ૮,૪૨,૯૦૦.૦૦ |
| 03 | ૩૪-૨૦૨૬-૨૭ | ઢસા-મહુવા સેક્શન - પાંચ સ્ટેશનો ખાતે ટ્રેક મશીન સાઈડિંગ માટે સાઈડિંગ સુવિધાઓની સ્થાપનાના મંજૂર થયેલા કામની સામે સહાયક સિવિલ અને આનુષંગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામ. | ૪,૯૬,૬૯,૫૮૪.૩૭ | ૯,૯૩,૪૦૦.૦૦ |
| 04 | ૩૫-૨૦૨૬-૨૭ | સિનિ. DEN (C) અધિકારક્ષેત્ર - ભાવનગર ડિવિઝન - ટ્રેકમેન માટે (૮૧ નંગ) ટૂલ રૂમ સહ વિશ્રામ રૂમની જોગવાઈ કરવાના મંજૂર થયેલા કામની સામે ટ્રેકમેન માટે (૩૭ નંગ) ટૂલ રૂમ સહ વિશ્રામ રૂમની જોગવાઈ કરવાનું કામ. | ૪,૪૯,૬૪,૫૪૨.૩૨ | ૮,૯૯,૩૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૦૧-૦૬-૨૦૨૬ **અને બિડિંગ બંધ થવાની તારીખ:** ૧૫-૦૬-૨૦૨૬ **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

BVP-042

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# શું મહાયુતિ તૂટશે?

## શિવસેના શિંદે જૂથ દ્વારા તૈયારીઓ ચાલી રહી છે, શિંદેના નજીકના નેતાના નિવેદન પછી થાણેમાં રાજકીય વાતાવરણ ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એક તરફ, શિવસેના શિંદે જૂથ અને ભાજપ વચ્ચે વિધાન પરિષદની ચૂંટણીને લઈને ખેંચતાણ ચાલી રહી છે. બીજી તરફ, રાજકીય વર્તુળમાંથી બીજા મોટા આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. આ સમાચારને રાજ્યમાં મહાયુતિમાં ભંગાણ પડવાના એંધાણ તરીકે જોવામાં આવે છે. થાણે જિલ્લા પરિષદની ચૂંટણીઓમાં શિવસેના ભાજપ સાથે છેડો ફાડી શકે એવા સંકેત મળી રહ્યા છે.

વિધાન પરિષદની ચૂંટણીને લઈને ભાજપ-શિવસેના એકબીજાની સામે આવી ગયા છે. બંને પક્ષોએ જળગાંવ વિધાન પરિષદની બેઠક પર દાવો માંડ્યો છે. શિવસેના શિંદે જૂથના નેતા કિશોર પાટીલે જળગાંવ વિધાન પરિષદની બેઠક પર વધુ આક્રમક વલણ અપનાવ્યું છે. તેમનું વલણ એવું છે કે શિવસેનાને આ બેઠક મળવી જોઈએ.

તેમણે એમ પણ કહ્યું છે કે જો મહાયુતિમાં શિવસેનાને આ બેઠક ન મળે તો અહીં મૈત્રીપૂર્ણ લડાઈ થવી જોઈએ. ત્યારે બીજી તરફ, શિવસેના શિંદે જૂથના સાંસદ અને એકનાથ શિંદેના અત્યંત નજીકના મનાતા નરેશ મ્હસ્કેએ જિલ્લા પરિષદની ચૂંટણીઓ અંગે વાત કરતા એક મોટું નિવેદન કર્યું છે, જેનાથી રાજકીય વર્તુળમાં અનેક પ્રકારની ચર્ચા શરૂ થઈ ગઈ છે.

યુતિ હોય કે ન હોય, શિવસેના આગામી જિલ્લા પરિષદની ચૂંટણીમાં ભગવો ઝંડો ફરકાવવા માટે તૈયાર છે. શિવસેનાના કાર્યકરો અને પદાધિકારીઓ સાથે વાતચીત કરવા માટે આયોજિત શિવ સંવાદ યાત્રા સાંસદ શ્રીકાંત શિંદે દ્વારા યોજવામાં આવી હતી એવી માહિતી આપતાં મ્હસ્કેએ કહ્યું હતું કે કાર્યકરો અને પદાધિકારીઓનો આ મેળાવડો શાહપુર અને મુરબાડ મતવિસ્તારમાં યોજાયો હતો.

### ઓપરેશન ટાઈગર પર શું કહ્યું?

આ દરમિયાન, છેલ્લા કેટલાક દિવસોથી શિવસેના શિંદે જૂથના ઓપરેશન ટાઈગર વિશે ઘણી ચર્ચા થઈ રહી છે, મ્હસ્કેને જ્યારે આ બાબતે પુછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે એકનાથ શિંદે સાહેબ પોતે એક ટાઈગર છે, ડોક્ટર (શ્રીકાંત શિંદે) બીજા ટાઈગર! તેથી, ઓપરેશન ટાઈગરની હવે કોઈ જરૂર નથી. ■

વિધાન પરિષદની ચૂંટણીને પગલે મહાયુતિમાં ડખો

# એકનાથ શિંદે પછી, હવે ગિરીશ મહાજન પણ દિલ્હીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાંથી ચૂંટાઈ આવતા વિધાન પરિષદના સભ્યો માટેની ચૂંટણી માટે મહાયુતિમાં મોટી ખેંચતાણ ચાલી રહી હોવાનું જોવા મળી રહ્યું છે. કેટલીક બેઠકો પર હજુ પણ ડખો ચાલી રહ્યો છે. પરંપરાગત બેઠકોની અદલાબદલીની ચર્ચા થઈ રહી છે, પરંતુ એવું લાગે છે કે તેના માટે પણ રાજકીય સમીકરણ ગોઠવવા માટે ઘણા પ્રયાસો થઈ રહ્યા છે. છત્રપતિ સંભાજીનગર પછી જળગાંવની બેઠક પર પણ આવી જ મૂંઝવણ ઊભી થઈ છે. પાણી પુરવઠા ખાતાના પ્રધાન ગુલાબરાવ પાટીલ પોતાના પુત્રને વિધાન પરિષદની ટિકિટ અપાવવા માટે જોરશોરથી મેદાનમાં ઉતર્યા છે. બીજી તરફ, પ્રધાન ગિરીશ મહાજન પણ મેદાનમાં ઉતર્યા છે. શું જળગાંવની બેઠક પર દિલ્હીમાં રાજકારણ ગરમાઈ રહ્યું છે? એવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી (જુઓ પાનું ૪) ▶▶

### ભાજપની બંધ બારણે મળેલી બેઠક

વિધાનસભા પરિષદની ચૂંટણીનું રણશિંગુ વાગતાની સાથે જ જળગાંવમાં રાજકીય વાતાવરણ ગરમાવા લાગ્યું છે. શાસક મહાયુતિના ઘટક પક્ષો વચ્ચે જળગાંવ વિધાન પરિષદની બેઠક પર દાવો કરવા માટે ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. આ પૃષ્ઠભૂમિમાં, જામનેરમાં ભાજપના સંકટમોચક અને ગ્રામીણ વિકાસ ખાતાના પ્રધાન ગિરીશ મહાજનના નિવાસસ્થાને ભાજપના ટોચના વિધાનસભ્યો અને સાંસદોની ખૂબ જ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક બંધ બારણે યોજાઈ હતી. બે કલાક સુધી ચાલેલી આ ગુપ્ત બેઠકથી જળગાંવના રાજકીય વર્તુળોમાં ગરમાગરમ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

સૂત્રો દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ બેઠકમાં (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ-પુણે ફક્ત ૯૦ મિનિટમાં! ત્રીજા એક્સપ્રેસ-વેનું કામ ટૂંક સમયમાં શરૂ થશે

મુંબઈઃ મુંબઈ-પુણેની મુસાફરી વધુ ઝડપી અને સરળ બને તે માટે ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ દ્વારા ત્રીજો મુંબઈ-પુણે એક્સપ્રેસવે બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે મુજબ આ ૧૩૦ કિલોમીટરનો એક્સપ્રેસવે અટલ સેતુ-ચોક-પુણે, શિવારે થઈને પસાર થશે. આ ૧૩૦ કિમીમાંથી ૩૦ કિમીના એક્સપ્રેસવેનો પ્લાન તૈયાર થઈ ગયો છે અને ટૂંક સમયમાં જ તેનું કામ શરૂ થવાની શક્યતા છે. એનએચએઆઇ એ બાકીના ૧૦૦ કિમી (ચૌકથી શિવારે, પુણે) રોડનો પ્લાન તૈયાર કરવાનો નિર્ણય લીધો છે. અંદાજે રૂ. ૧૫,૦૦૦ કરોડના ખર્ચવાળા આ પ્રોજેક્ટના વિગતવાર પ્લાન અને ફિઝિબિલિટી સ્ટડી માટે તાજેતરમાં જ ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. એનએચએઆઇ ટૂંક સમયમાં આ પ્રક્રિયા પૂરી કરીને કામ શરૂ કરવાનું આયોજન કરી રહી છે. આ ત્રીજો એક્સપ્રેસવે શરૂ થવાથી મુંબઈ-પુણેની મુસાફરી માત્ર ૯૦ મિનિટમાં પૂરી થઈ શકશે, તેવો દાવો એનએચએઆઇ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

એનએચએઆઇ દ્વારા પુણે-બેંગલુરુ એક્સપ્રેસવે બનાવવામાં આવી રહ્યો છે, જેનો વિસ્તાર આ ત્રીજા મુંબઈ-પુણે એક્સપ્રેસવે દ્વારા કરવામાં આવશે. આ ૧૩૦ કિમીનો રોડ અટલ સેતુ પૂરો થાય ત્યાંથી શરૂ થઈને પુણે રિંગ રોડ થઈને પુણે-બેંગલુરુ એક્સપ્રેસવે સાથે જોડાશે. આ પ્રોજેક્ટના ૩૦ કિમીના પ્લાનનું કામ પૂરું થઈ ગયું છે અને કોન્ટ્રાક્ટરની નિમણૂક અંતિમ તબક્કામાં છે, જેનું કામ આગામી મહિનાઓમાં શરૂ થશે. હવે બાકીના ૧૦૦ કિમીના કામ માટે સલાહકારની નિમણૂક માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા છે. રસ ધરાવતી કંપનીઓ ૨૪ જૂન સુધી તેમના ટેન્ડર સબમિટ કરી શકે છે. ત્યારબાદ ટેન્ડર ખોલવામાં આવશે અને કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવામાં આવશે અને પ્લાનિંગ તેમજ ફિઝિબિલિટી ચેકનું કામ શરૂ કરવામાં આવશે, એમ એનએચએઆઇ અધિકારીઓએ જણાવ્યું હતું. ■

# મુંબઈમાં ઝરમર વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા બે-ત્રણ દિવસથી ગરમી અને ઉકળાટથી લોકો પરેશાન થઈ ગયા છે ત્યારે રવિવારે મુંબઈ સહિત થાણે અને મીરા રોડ જેવા વિસ્તારોમાં સવારના હળવો ઝરમર વરસાદ વરસ્યો હતો. ભારતીય હવામાન વિભાગે ચોમાસા પૂર્વેના વરસાદની (પ્રી-મોન્સુન શાવર) શરૂઆતની જાહેરાત કરી હતી.

મુંબઈમાં બે-ત્રણ દિવસથી સવારના વાદળિયું વાતાવરણ વચ્ચે રવિવારે સવારના મુંબઈના અનેક વિસ્તારો સહિત થાણે, નવી મુંબઈ અને મીરા રોડ જેવા વિસ્તારોમાં ઝરમર હળવા વરસાદના ઝાપટાં પડી ગયા હતા. હવામાન વિભાગના વૈજ્ઞાનિક સુષ્મા નાયરે જણાવ્યું હતું કે શહેરમાં દિવસ દરમિયાન ઝરમર વરસાદ જોવા મળ્યો હતો, જે પ્રિ-મોન્સૂન એક્ટિવિટીનો એક ભાગ છે. જેમ જેમ ચોમાસું આગળ વધશે તેમ વરસાદ ધીમે ધીમે તીવ્ર બનશે.

મુંબઈમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જતા બે-ત્રણ દિવસથી અસહ્ય ગરમી અને બફારોનો અનુભવ થઈ રહ્યો છે. શનિવારે તો છેલ્લા એક દાયકાનું સૌથી ઊંચુ લઘુતમ તાપમાન નોંધાવાની સાથે જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ઊંચુ નોંધાયુ હતું ત્યારે હવામાન વિભાગના જણાવ્યા મુજબ નૈઋત્યનું ચોમાસું આગળ વધી રહ્યું છે.

સાન્તાક્રુઝ વેધશાળા મુજબ રવિવારે લઘુત્તમ તાપમાન ૨૯.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે દક્ષિણ મુંબઈના કોલાબા વેધર સ્ટેશનમાં લઘુત્તમ ૨૮.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસના તાપમાન સતત ૩૦-ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહેવાના કારણે મુંબઈવાસીઓ ઉકળાટભરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હતા.

આ દરમ્યાન સવારના મુંબઈની સાથે જ મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં (જુઓ પાનું ૪) ▶▶

બ્લોકની બબાલ વચ્ચે ખડવલી સ્ટેશન પર ટેક્નિકલ ખામી

# મધ્ય રેલવેમાં ટ્રેન વ્યવહાર ખોરવાયો, પ્રવાસીઓના હાલ બેહાલ

મુંબઇ : રવિવારના રજાના દિવસે, જ્યારે લોકો સપરિવાર બહાર નીકળતા હોય છે, ત્યારે મધ્ય રેલવે ફરી એકવાર ખોરંભે પડી હતી. દર રવિવારની જેમ આ રવિવારે પણ મેગા બ્લોક તો હતો જ. તેમાં વહેલી સવારે કસારા-કલ્યાણ રૂટ પર ખડવલી સ્ટેશન પર મોટી ટેકનિકલ ખામી સર્જાતાં લોકલ સેવાઓ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. મેગા બ્લોકને કારણે લોકલ સેવાઓ પહેલાથી જ મોડી ચાલી રહી છે. એક તરફ ટેકનિકલ ખામીઓને કારણે અને બીજી તરફ લોકલ ટ્રેનો રદ થવાને કારણે ટ્રેનો એક થી દોઢ કલાક સુધી મોડી દોડી રહી છે. જેના કારણે રેલવે સ્ટેશનો પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આનો ભોગ નોકરિયાતો અને પ્રવાસીઓ બની રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખડવલી સ્ટેશન પર અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) તરફ જતી અપ લાઇનને આ ખામીથી સૌથી વધુ નુકસાન થયું હતું. કલ્યાણ અને કસારા બંને મુખ્ય રૂટ પરથી સીએસએમટી તરફ જતી લોકલ ટ્રેનો જ્યાં હતી, ત્યાં અટકી પડી હતી. હાલમાં, આ રૂટ પર ઝડપી અને ધીમી બંને લોકલ ટ્રેનો અડધા કલાકથી પોણા કલાક મોડી ચાલી રહી હતી. લોકલ ટ્રેનનું સમયપત્રક સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. દરેક સ્ટેશનો પર પ્રવાસીઓની પ્રચંડ ગર્દી જોવા મળી હતી. ■

# પેટ્રોલ-ડીઝલનો પૂરતો સ્ટોક, ચિંતા ન કરોઃ કૃષિ પ્રધાનની અપીલ

સોલાપુરઃ રાજ્યમાં પેટ્રોલ-ડીઝલની અછતને લીધે પંપો પર લાંબી લાઈનો લાગી છે. પરભણીમાં ડીઝલ માટે મારામારીના દૃશ્યો સર્જાયા હતા. એકતરફ ખેડૂતોને ખેતીના કામ માટે ડીઝલ નથી મળી રહ્યું, તો બીજી તરફ રેતી માફિયાઓને આશરે ૨૫ હજાર રૂપિયાનું ડીઝલ વેચવામાં આવતું હોવાનો પ્રકાર સામે આવ્યો હતો. આ કારણે સામાન્ય ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એવામાં, ખેડૂતોએ જ્યારે જરૂર હોય ત્યારે જ પેટ્રોલ-ડીઝલ ખરીદવું, તેનો સંગ્રહ ન કરવો, તેવી અપીલ કૃષિપ્રધાન દત્તાત્રય ભરણએ કરી હતી.

દરમિયાન એક તરફ રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો સ્ટોક હોવાનું દત્તાત્રય ભરણએ જણાવ્યું છે, પરંતુ જળગાંવ શહેરમાં ડીઝલની અછતને લીધે કેટલાક પેટ્રોલ પંપો પર હોબાળાની સ્થિતિ સર્જાતાં ખુદ કલેક્ટર રોહન ઘુગે અને પોલીસ અધિક્ષક શ્રીકાંત ઢિવરેએ સંયુક્ત રીતે વિવિધ પેટ્રોલ પંપોની તપાસ કરી હતી. આ સમયે કેટલીક જગ્યાએ પોલીસ બંદોબસ્ત વચ્ચે ડીઝલનું વિતરણ થતું હોવાનું પણ જોવા મળ્યું હતું. પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, તેથી નાગરિકોએ ગભરાવાની કે મૂંઝાવાની જરૂર નથી. આ સાથે જ સુરક્ષાના કારણોસર બોટલ કે કેનમાં પેટ્રોલ-ડીઝલ ન આપવાની સૂચના પોલીસ અધિક્ષક શ્રીકાંત ઢિવરેએ સંબંધિત પંપ સંચાલકોને આપી હતી.

બુલઢાણા જિલ્લામાં પણ ડીઝલની અછતને લીધે પંપો પર વાદ-વિવાદ અને મારામારી વધી રહી છે. આ ભીડ અને ઝઘડા ટાળવા માટે મેહકર-ચીખલી રોડ પરના એક પંપ સંચાલકે ગ્રાહકોને કૂપન વહેંચવાનો નવો આઈડિયા અજમાવ્યો છે. દરરોજ ૨૦૦ કૂપન વહેંચવાના કારણે પંપ પરની ભીડ અને મારામારી બંધ થઈ ગઈ છે અને કૂપન બતાવ્યા પછી દરેક ગ્રાહકને સરળતાથી ડીઝલ મળી રહ્યું છે. ■



**કાર્યવાહીઃ** બાન્દ્રા પૂર્વના ગરીબનગરમાં ગેરકાયદે બાંધકામો દૂર કરવાની પાંચ દિવસની કાર્યવાહી બાદ હવે રેલવે તરફથી લોખંડની સુરક્ષા જાળી બેસાડવામાં આવી રહી છે. (અમય ખરાડે)

પ્રવાસીઓ નોંધી લેજો!

# મધ્ય રેલવેમાં ૨૯ મેથી ૧૦ દિવસનો મોટો બ્લોક

મુંબઈઃ મધ્ય રેલવેમાં ૨૯મી મેથી મહત્ત્વના કામકાજને કારણે લાંબા અંતરની અમુક ટ્રેનોને દાદર અને થાણેમાં શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. ઈજ્ઞ્બઝ સ્ટેશનના સમારકામના લીધે ઘણી એક્સપ્રેસ ટ્રેનો દાદર અને થાણે સુધી સ્થગિત કરવામાં આવશે. મધ્ય રેલવેની જાહેરાત મુજબ સીએસએમટી સ્ટેશન પર ૨૯મી મેથી રિડેવલપમેન્ટનું કામ શરૂ કરવામાં આવી રહ્યું છે, તેથી લાંબા અંતરની મેઈલ-એક્સપ્રેસ ટ્રેનોને થાણે, દાદરમાં રોકી દેવાશે. સીએસએમટી સ્ટેશન પર આવનારા દિવસોમાં ટ્રાફિક અને પાવર બ્લોક (જુઓ પાનું ૪) ▶▶

# ટેન્કરમાંથી પચીસ હજાર લિટર ડીઝલ જપ્ત

થાણેઃ ટેન્કરમાં ભરીને ગેરકાયદે વહન કરાતું અંદાજે ૨૪.૫ લાખ રૂપિયાનું પચીસ હજાર લિટર ડીઝલ થાણે પોલીસે જપ્ત કર્યું હતું. કલવા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ટેન્કર માલિક અને ડ્રાઈવર સહિત આઠ જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. રાજ્ય સરકારના પુરવઠા વિભાગના અધિકારીઓએ ગુરુવારે બપોરે તપાસ દરમિયાન મુંબઈ-નાશિક હાઈવે પર ખારીગાંવ ટોલ નાકા ખાતે ટેન્કરને રોક્યું હતું. ટેન્કરમાં પચીસ હજાર લિટર ડીઝલ લઈ જવાતું હતું. ડીઝલ વહન કરવાના કોઈ દસ્તાવેજો ડ્રાઈવર પાસે ન મળતાં આ કાર્યવાહી કરાઈ હતી. આ ડીઝલ ક્યાંથી લવાયું અને કોને પહોંચાડવાનું હતું તેની તપાસ પોલીસ કરી રહી છે. (પીટીઆઈ)■

# કોક્રોચ જનતા પાર્ટીના સ્થાપક દીપકેને પોલીસ સુરક્ષા

છત્રપતિ સંભાજીનગર : મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના એમઆઈડીસી વાલુજ વિસ્તારમાં કોક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેના નિવાસસ્થાને પોલીસ સુરક્ષા પૂરી પાડવામાં આવી છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

કોક્રોચ જનતા પાર્ટી ગયા અઠવાડિયે ઓનલાઈન ઉભરી આવી હતી અને બેરોજગારી, પરીક્ષા પેપર લીક અને શિક્ષણ સંબંધિત મુદ્દાઓ પર મીમ્સ અને રાજકીય ટિપ્પણીઓ દ્વારા ઝડપથી લોકપ્રિય બની હતી.

અમે અભિજીત દીપકેના એમઆઈડીસી વાલુજ વિસ્તારમાં આવેલા નિવાસસ્થાનને ચોવીસ કલાક સામાન્ય પોલીસ સુરક્ષા આપી છે. સીજેપીનો મુદ્દો હાલમાં સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થઈ રહ્યો હોવાથી તેમના ઘરે કોઈ ભીડ ન થાય તેની ખાતરી કરવા માટે આ સુરક્ષા આપવામાં આવી છે, એમ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ પંકજ અતુલકરે જણાવ્યું હતું.

અતુલકરે ધમકીઓને કારણે સુરક્ષા આપવાનો ઇનકાર કર્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમના અધિકારક્ષેત્ર હેઠળના કોઈપણ પોલીસ સ્ટેશનને આ સંદર્ભમાં કોઈ ઔપચારિક ફરિયાદ મળી નથી.

નોંધનીય છે કે, દીપકેએ શનિવારે ડિજિટલ ચળવળ પર વ્યાપક કાર્યવાહીનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે તેના તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને તેની વેબસાઇટને ડાઉન કરવામાં આવી છે અથવા ચેડા કરવામાં આવ્યા છે, જેના કારણે જૂથ તેના કોઈપણ સત્તાવાર પ્લેટફોર્મની ઍક્સેસથી વંચિત છે. (પીટીઆઈ)■

# સોનાના વેપારી સાથે ૧૫ કરોડની ઠગાઈઃ ચેન્નઈની કંપનીના ડિરેક્ટર્સ વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલા જ્વેલરી એક્ઝિબિશનમાં ઓળખ કર્યા પછી દક્ષિણ મુંબઈના સોનાના વેપારી સાથે અંદાજે ૧૫ કરોડ રૂપિયાની કથિત ઠગાઈ કરવામાં આવી હતી. આ પ્રકરણે પોલીસે ચેન્નઈની કંપનીના ડિરેક્ટર્સ વિરુદ્ધ ગુનો નોંધ્યો હોઈ મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ તપાસ હાથ ધરી હતી.

હાજીઅલીની હીરાપન્ના ઈમારતમાં રહેતા અને દક્ષિણ મુંબઈના મુંબાદેવી વિસ્તારમાં કંપની ધરાવતા વેપારીની ફરિયાદને આધારે પાયધુની પોલીસે બિંદુ સેલ્વાકુમાર, તેના પતિ સેલ્વાકુમાર કાશીરાજન સહિત પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપી બિંદુ સેલ્વાકુમાર અને વિજય કુમાર સપ્ટેમ્બર, ૨૦૨૫માં બીકેસીમાં યોજાયેલા જ્વેલરી એક્ઝિબિશનમાં આવ્યાં હતાં. તે સમયે તેમની ઓળખ ફરિયાદી સાથે થઈ હતી. તમિળનાડુના ચેન્નઈમાં આવેલી જ્વેલરીની (જુઓ પાનું ૪) ▶▶

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન

# ઘનસોલી શાફ્ટમાં બીજું કટરહેડ ઉતારવામાં સફળતા



મુંબઇ : દેશના મહત્વાકાંક્ષી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. ૨૧ કિલોમીટર લાંબી ટનલનું બાંધકામ શરૂ કરવા માટે બીજા ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) ના વિશાળ કટરહેડને મુંબઈ નજીક સાવલી (ઘનસોલી) શાફ્ટમાં સફળતાપૂર્વક નીચે ઉતારવામાં આવ્યું છે.

આશરે ૧૩.૬ મીટર વ્યાસ અને આશરે ૩૫૦ ટન વજન ધરાવતું કટરહેડ, ટીબીએમના મુખ્ય શીલ્ડ એસેમ્બલીનો અંતિમ અને સૌથી મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે. તેનાથી ટનલ બાંધકામમાં વેગ મળવાની અપેક્ષા છે. આ બીજું ટીબીએમ સાવલી (ઘનસોલી) થી ખોદકામ શરૂ કરશે અને વિક્રોલી તરફ આગળ વધશે. આ અઠવાડિયાની શરૂઆતમાં, પહેલા ટીબીએમના કટરહેડને વિક્રોલીમાં નીચે (જુઓ પાનું ૪) ▶▶

# એનડીએ સરકાર તૂટી પડવાની રાહુલ ગાંધીની આગાહી માત્ર દિવાસ્વપ્નઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે રાહુલ ગાંધીના એનડીએ સરકાર ટૂંક સમયમાં પડી જશે એવા દાવાને ફગાવી દેતાં કોંગ્રેસના નેતાની ટિપ્પણીઓને દિવાસ્વપ્ન સાથે સરખાવી હતી અને તેને માત્ર કપોળ-કલ્પના ગણાવી હતી.

ભાજપે એવો આરોપ લગાવ્યો હતો કે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે કોંગ્રેસના લઘુમતી વિભાગની સલાહકાર પરિષદની બેઠકમાં એવું કહ્યું હતું કે મોદી સરકાર એક વર્ષમાં પડી જશે.

આગામી મહિનાઓમાં સરકારના પતનની આગાહી કરતા ગાંધીના નિવેદન વિશે પૂછવામાં આવતા, ફડણવીસે કહ્યું, 'મુંગેરીલાલ કે હસીન સપને' (દિવાસ્વપ્ન) નામની એક લોકપ્રિય ટેલિવિઝન સિરિયલ હતી. તેમની ટિપ્પણી આનાથી વધુ કંઈ (જુઓ પાનું ૪) ▶▶

# મુલુંડ ડમ્પિંગની ૬૦ ટકા જમીન ડિસેમ્બર સુધીમાં પાછી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અનેક મુદતો લંબાવ્યા પછી આખરે મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ પર ૭૦ લાખ ટન કચરાના બાયોરેમીડિયેશનનું લગભગ ૮૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. પાલિકા હવે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ડમ્પિંગ ગ્રાઉન્ડની લગભગ ૬૦ એકર જમીન પાછી મેળવવાની અપેક્ષા રાખે છે.

મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ પર કચરાના પ્રોસેસિંગની કામગીરી દૈનિક સ્તરે ૧૦,૦૦૦-૧૨,૦૦૦ ટન સુધી વધારી દેવામાં આવી હતી તેને કારણે ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં પંચાવન લાખ ટનથી વધુ કચરા (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**